વિવિધ ગ્રંથમાળાઃ પુસ્તક ૩૧ મું–વર્ષ ૩ જું.

વર્ષે પૃષ્ઠ ૧૫૦૦ મૂલ્ય રૂ. ૨ાા. પાકાં પૂઠાં રૂ. ૫ા. માત્ર.

પ્રસિદ્ધ કર્તાઃ

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય.

મહાકવિ પ્રેમાનંદ શિષ્ય રત્નેશ્વરકૃત.

वैराग्य बोधकाव्य.

સ્થળઃ મુંબઈ. શાખાઃ અમદાવાદ.

મૂલ્ય ૦)૮

પાકું ૦|

વિવિધ ગ્રંથમાળા, ત્રીજું વર્ષ, સંવત્ ૧૯૬૯.

મહાકવિ પ્રેમાનંદશિષ્ય રત્નેશ્વરકૃત

वैराग्यबोधकाव्य.

પ્રસિદ્ધ કર્ત્તા—સસ્તું સાહિત્યવર્દ્ધક કાર્યાલય,
મુખ્ય સ્થળ, કાલબાદેવી—મુંબઈ. મંત્રી, ભિક્ષુ—અખંડાનંદ.

આવૃત્તિ ૨ જી. પ્રત ૫૩૦૦.

મૂલ્ય ૦-૨-૦ પાકું પૂઠું ૦-૪-૦ પોષ્ટેજ જુદું.

અમદાવાદમાં ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

નિવેદન.

વિવિધ ગ્રંથમાળાના ૩૧ મા પુસ્તક તરીકે **વૈરાગ્ય બોધકાવ્ય** નામે આ સુબોધક કાવ્યગ્રંથ સાદર થાય છે.

વડોદરા રાજ્યના માજી વિદ્યાધિકારી રા. બા. હરગોવિંદદાસ દ્વારકાંદાસ કાંટાવાળા, તેમજ સ્વ. શાસ્ત્રી શ્રી નાથાશંકર પૂજાશંકરના સ્તુત્ય પ્રયાસવડે ગુજરાતી પ્રાચીન કવિતાઓના પ્રકટીકરણાર્થે "પ્રાચીન કાવ્ય" નામે જે ત્રિમાસિક પુસ્તકમાળા કેટલાંક વર્ષપર પ્રસિદ્ધ થતી હતી, તેના ૮ મા વર્ષના ત્રીજા અંક તરીકે આ પુસ્તક તેમણે અનેક પ્રતો મેળવી સંશોધન કરી ટીકા તથા અર્થ સાથે ઇ. સ. ૧૮૯૨ માં પ્રથમવાર પ્રસિદ્ધ કર્યું હતું.

આ તેની બીજી આવૃત્તિ છે, જે છપાવી પ્રસિદ્ધ કરવાની રજા સંપૂર્ણ નિષ્કામતાથી આપવા બદલ રા. બા. હરગોવિંદદાસ દ્વારકાંદાસ કાંટાવાળા એઓશ્રીનો આ સંસ્થા તેમજ વાંચકવર્ગ તરફથી સપ્રેમ આભાર માનવામાં આવે છે.

આ પુસ્તક અને તેના કર્તા વિષે વધુ હકીકત આ સાથેની "પ્રથમાવૃત્તિની પ્રસ્તાવના"માંથી વાંચકને વિદિત થશે.

કાર્તિક શુક્લ પૂર્ણિમા સંવત્ ૧૯૬૯.
તા. ૨૪-૧૧-૧૨.

મંત્રી.

ચરિત્રમાળાનાં નવીન પુસ્તકો.

(" વિવિધ ગ્રંથમાળા " નું આ ૩૧ મું પુસ્તક રવાના થતાં સુધીમાં " ચરિત્રમાળા " નાં ચાલુ ૧૯૮૯ ના વર્ષનાં નીચલાં પુસ્તકો ગ્રાહકો તરફ રવાના થયાં હશે અથવા થવાની તૈયારીમાં હશે. આ બંને માળાઓનાં પુસ્તકો વાર્ષિક ગ્રાહક થનારનેજ મળી શકે છે અને ખાસ કારણ અથવા સામટી પ્રતો લેનાર શિવાય તે છૂટક અપાતાં નથી એ વાત ધ્યાનમાં રાખવા ખાસ વિજ્ઞપ્તિ છે.)

ભારતના મહાન પુરૂષો—ભાગ ૧ લો.

આમાં નીચેનાં ત્રણ ચરિત્રો છે, પૃષ્ટ શુમારે ૩૦૦.

૧. **યોગીરાજ હરિદાસજી**—મહારાજા રણજીતસિંહજીના સમયમાં પંજાબમાં થઇ ગયેલા સમાધિસિદ્ધ મહાન યોગીરાજનું આ અદ્ભુત ચરિત્ર છે; તે સાથે તેમણે જણાવેલી અનુભવસિદ્ધ યોગક્રિયાઓ તથા તેમનો ઉત્તમ ઉપદેશ પણ તેમાં આપ્યાં છે.

૨. **બુન્દેલખંડ કેશરી મહારાજ છત્રસાલજી**—એક નિરાધાર બાળકની સ્થિતિમાંથી પોતાના બાહુબળ અને આત્મશ્રદ્ધાના બળથી મહાન મોગલ રાજ્યસત્તાને તોબા પોકરાવી એક વિશાળ રાજ્યની સ્થાપના કરનાર અને તેને ઘણી ઉત્તમ રીતે ચલાવનાર મહા-પરાક્રમી પુરૂષનું આ ચરિત્ર છે.

૩. **રાજર્ષિ ભીષ્મ**—આ સંક્ષિપ્ત ચરિત્રમાં હિંદના આ મહા પ્રભાવ-શાળી પુરૂષના અસામાન્ય મહદ્‌ગુણો જેવા કે—દ્રઢ પ્રતિજ્ઞા, આદર્શરૂપ પિતૃભક્તિ, અસાધારણ સ્વાર્થત્યાગ, નૈષ્ઠિકબ્રહ્મચર્ય, અપૂર્વ ક્ષાત્રબળ, ધાર્મિક અને નૈતિક નિપુણતા, ઇત્યાદિ; તથા તેમનો કલ્યાણદાયક સદુપદેશ (ઉત્તમ શ્લોકો સહિત) આ સર્વે બાબતો છટાદાર અને અસરકારક શૈલીથી વર્ણવવામાં આવી છે.

આનંદીબાઈ જોશી.

(કુલ પૃષ્ઠ ૮૦ મૂલ્ય ૦-૨-૦ પાકું પૂઠું ૦-૩-૦ પો. જુદું.)

સ્વદેશપ્રેમને ખાતર અનેક કષ્ટો સહીને અમેરિકા જેવા પરધર્મી દૂરદેશમાં જઈ શુદ્ધ આચરણ અને સ્વધર્મ પાલનપૂર્વક વિદ્યાભ્યાસ કરી આવનાર એક ઉન્નત-હૃદયની સુશિક્ષિત આર્ય સન્નારીનું આ સંક્ષિપ્ત જીવનચરિત્ર છે.

ભારતના શૂરવીરો.

આ પુસ્તકમાં મહારાણા પ્રતાપ, મહારાજા શિવાજી, પંજાબકેશરી રણજીતસિંહજી, રાણાકુંભ, રાયમલ્લ, ગુરૂ ગોવિંદસિંહ, ફુલાસિંહ, સીતારામરાય, કુમારસિંહ, રાજસિંહ, સરદાર શીરંગસિંહ, અમરસિંહ, તાનાજી, ઈત્યાદિ મેવાડ, દક્ષિણ અને પંજાબ વિગેરે પ્રદેશોના અનેક મહા પરાક્રમી પુરૂષોનાં અદ્ભૂત પરાક્રમ, અડગ ટેક, શરણાગત વત્સલતા, અલૌકિક ઉદારતા, અને સ્વધર્મ તથા સ્વદેશ પ્રત્યેના અસાધારણ ભક્તિભાવથી ભરપૂર ૨૫ થી વધુ ઉત્તમ અને સંક્ષિપ્ત ચરિત્રોનો સમાવેશ છે.

વીદેશી વીર મંડલ.

આમાં પ્રાચીન રોમ, ગ્રીસ, સ્પાર્ટા, સ્પેન, ઈત્યાદિ વિદેશોમાં થઈ ગયેલા સુમારે ૩૦ શૂરવીરો અને ધર્મવીરોનાં ઉપર જણાવેલા સદ્ગુણોથી ભરપૂર મહાન પ્રભાવશાળી સંક્ષિપ્ત વૃત્તાંત આપેલાં છે.

પ્રથમાવૃત્તિની પ્રસ્તાવના.

ગૂજરાતી ભાષામાં જૂના કવિઓએ લખેલી જે ઘણીક કવિતા હાથ લાગે છે તે બધી રાગ રાગણીમાં અને દેશીઓમાં હોય છે. પણ છંદોબદ્ધ કવિતા કોઇકજ કવિની હાથ લાગે છે. અને તેમાં પણ પિંગલાદિના નિયમ પ્રમાણે શુદ્ધ કવિતા તો ઘણી થોડીજ નજરે પડે છે. મહાકવિ પ્રેમાનંદની કાવતા પ્રાચીન કાવ્યમાળામાં જ્યારથી પ્રગટ થઇ ત્યારથી આપણા જાણવામાં આવ્યું કે છંદોબદ્ધ કવિતા પણ તે કવિએ અને તેના અનુયાયી શિષ્યોએ પુષ્કળ લખેલી છે. પ્રેમાનંદના ચરિત્રમાં લખેલું છે કે તે કવિને ગુજરાતી ભાષાના સાહિત્યનો અને તે દ્વારા ગુજરાતી ભાષાનો ઉદય કરવાની તીવ્ર ઉત્કંઠા હતી; અને તેટલા માટે તેણે ભગીરથ પ્રયત્ન આરંભ્યો હતો. સ્વભાષાનું અભિમાન તેનામાં સંપૂર્ણપણે જાગ્રત હતું અને તે તેણે પોતાના અનુયાયીઓમાં સારી રીતે પ્રતિબિંબિત કર્યું હતું. પોતાના શિષ્યને તેણે જુદા જુદા પ્રકારની કવિતા લખવાની આજ્ઞા કરી હતી અને જે શિષ્ય તેમાં ફતેહ પામતો તેનાંજ તે વખાણ કરતો. આ રીતે વલ્લભે મનહર અને સવૈયા લખી હિંદુસ્તાની સાહિત્યની બરોબરી કરી બતાવી હતી અને પ્રેમાનંદને પ્રસન્ન કર્યો હતો. પોતાના શિષ્ય રત્નેશ્વરને તેણે મરાઠી ભાષાની શ્લોકબદ્ધ કવિતા જેવી કવિતા લખવાની આજ્ઞા કરી હતી અને એ કામ તેણે સંપૂર્ણ રીતે પાર પાડયું હતું. રત્નેશ્વરે ન્યાય, વ્યાકરણ અને વેદાંતનો અભ્યાસ કાશીપુરીમાં રહીને કરેલો હતો, અને એટલી યોગ્યતા મેળવ્યા પછી તે ગુજરાતી ભાષામાં કવિતા કરવા માંડે, તે સારી થાય એમાં આશ્ચર્ય પામવા જેવું નથી. તેનું આ કાવ્યજ કહી આપે છે કે તેણે છંદોબદ્ધ કવિતા કરવામાં સારી ફતેહ મેળવી છે.*

---

* આ કવિની યોગ્યતા વિષે પ્રાચીનકાવ્યમાળાના ૧૫ મા પુસ્તકમાં જણાવવામાં આવ્યું છે કેઃ—(જુવો આ પછીને પાને).

આ કાવ્ય જુદાં જુદાં વૃત્તમાં શાંતરસ પ્રધાન લખાયું છે. શાંતરસ તેમાં સર્વથા ઉત્તમ રીતે જામ્યો છે. દેહાદિકની નશ્વરતા, સ્નેહાદિકની ચંચળતા, જન્માદિકમાં દુઃખ, સંસારસુખનું મિથ્યાપણું, ઈશ્વરભક્તિની આવશ્યકતા, જ્ઞાનનો મહિમા, ઇત્યાદિ વિષયો એમાં એવા પ્રતિપાદિત કર્યા છે કે તેથી શ્રોતાના ચિત્તમાં વૈરાગ્ય ઉત્પન્ન થયા વિના રહેતો નથી.

રત્નેશ્વર કાવ્યની બે પ્રતો અમને મળી આવી હતી, તે બંને ગુજરાતી અક્ષરે લખેલી અને ઘણી અશુદ્ધ હતી. ત્રીજી એક શુદ્ધ પ્રત બાળબોધ અક્ષરે લખેલી, ગ્રંથ છપાઇ ગયા પછી અમને મળી હતી, પણ તેનો ઉપયોગ અમે કરી શક્યા નથી; તોપણ લખવાને સંતોષ ઉપજે છે કે અમે બે પ્રતો ઉપરથી જે ઉતારો કર્યો હતો તેની સાથે મેળવતાં એમાં જાણવા જેવો તફાવત માલૂમ પડ્યો નથી. આ કાવ્યના દશ સર્ગ કરેલા છે તથા તેના ચાર વિભાગ કરેલા છે. પ્રત્યેક વિભાગમાં ત્રણ ત્રણ સર્ગ છે; પણ છેલ્લા વિભાગમાં એકજ સર્ગ છે. એ ઉપરથી માલમ પડે છે કે આ ગ્રંથ કદાચ કવિએ મોટો રચ્યો હશે. પણ તેના પાછલા સર્ગો નાશ થયા હશે કે દુર્લભ હશે. એ છેલ્લો અથવા દશમો સર્ગ છે તે પૂરો થતાં એમ લખ્યું છે કે "**इति रत्नेश्वर विरचित वैराग्यसागरे द्वितीयस्तरंगः**" તથા છેલ્લા શ્લોકમાં પણ "વૈરાગ્ય સાગર વિષે દ્વિતીય સ્તરંગ" એમ લખ્યું છે. તે ઉપરથી એનો પહેલો તથા ત્રીજો તરંગ અવશ્ય નાશ થયા હોવા જોઇએ. અમે એ બે તરંગની શોધમાં છીએ અને જો મળી આવશે તો તે પ્રગટ પણ કરીશું.

"એ (કવિના ગ્રંથો) માંના ઘણાક ગ્રંથો ભાષાંતર રૂપ છે અને તે પણ સાધારણ નહિ પણ કાવ્યરૂપ ગ્રંથોનાં ભાષાંતર છે. એ કવિએ રચેલા ગ્રંથો ઉપરથી તેની જે વિદ્વત્તા વગેરે ગુણો માલમ પડે છે તે વિષે અહીં વિશેષ બોલવા કરતાં માત્ર એટલુંજ કહીને વિરામ પામીએ છીએ કે આજ સુધીમાં જે જે કવિઓ સંસ્કૃત ભાષામાં નિપુણ હોઇને ગુજરાતી ભાષાની સેવા કરવામાં મોખરે મૂકવામાં આવ્યા છે તેમાં એ પ્રેમાનંદથી બીજે નંબરે આવે છે.

પણ અમને અત્યાર સુધીમાં જે ત્રણ પ્રતો મળી આવી છે, તે બધીમાં દશજ સર્ગ છે, તે ઉપરથી સંશય થાય છે કે તે તરંગો કવિની પાસેથીજ ગૂમ થયા હોય.

રત્નેશ્વર કવિ વિષે પ્રાચીનકાવ્યમાળામાં જે લખાયું છે તે કરતાં વિશેષ કાંઇ માલમ પડી શકતું નથી. તેમાં લખ્યું છે કે તે ડભોઇના રહેવાશી હતા. તેમના પિતાનું નામ મેઘજી હતું. તેમની માતાનું નામ સૂરજ હતું. પોતાના વતનમાં સંસ્કૃત ભાષાનો અભ્યાસ કર્યા પછી તેમણે બાકીનો અભ્યાસ કાશીમાં જઇને કર્યો હતો. કાશીથી આવ્યા પછી નિર્વાહ માટે તેમણે શ્રીમદ્ભાગવતની કથા પોતાના ગામમાં કરી, જેમાં તેની ચારે પાસથી વાહ વાહ થઇ. આ તેની વાહ વાહ ગામના બીજા પુરાણીઓથી દેખી ખમાઇ નહિ, તેથી તેઓ દ્વેષ કરવા લાગ્યા, જેથી આખરે કંટાળીને સંસ્કૃત કથા કરવી પડી મૂકીને મહાકવિ પ્રેમાનંદના ઉપદેશથી ગૂજરાતી ભાષામાં ગ્રંથો રચીને તેની કથા તેણે કરવા માંડી. પ્રેમાનંદનો પ્રસંગ રત્નેશ્વરને થતાં તેણે પ્રેમાનંદની મહાશયતા તથા વિદ્વત્તા જોઇ, તેથી રત્નેશ્વરે પ્રેમાનંદના શિષ્ય થવું પસંદ કર્યું. રત્નેશ્વરે આ પ્રમાણે શિષ્ય થયા પછી, ઘણાક ગ્રંથો ગૂજરાતી ભાષામાં કવિતારૂપે લખ્યા છે. જેમાંના ઘણાકનાં નામ પ્રાચીનકાવ્યમાળાના પંદરમા પુસ્તકમાં આપેલાં છે.

રત્નેશ્વરને બે પુત્ર હતા, પણ તેમનાં નામ મળ્યાં નથી. પુરાણીઓથી કંટાળીને તેણે પોતાનું કેટલુંક વય કૈણેટ નામના ગામમાં ગાળ્યું હતું. એ વિષે સવિસ્તર હકીકત પ્રાચીનકાવ્યમાળામાં હોવાથી* અમે અહીં તેનો વિસ્તાર કરતા નથી. આ અંકની ટીકા રા. છોટાલાલ નરભેરામે લખી છે.

---

* તે પુસ્તકમાં તેનાં નામ આ પ્રમાણે છે. ભાગવત (ભાષાંતર), ભગવદ્ગીતા (ભાષાંતર), મૂર્ખ લક્ષણાવલિ (ભાષાંતર), મહિમ્નસ્તોત્ર (ભા૦), શિશુપાલ વધ (ભા૦), ગંગા લહરી (ભા૦), જૈમિનિકૃત અશ્વમેધ (ભા૦), વૈરાગ્યલતા, છૂટાં પદ, સુજ્ઞાવલિ, કામવિલાસ, રાધાકૃષ્ણના મહિના. 'મંત્રી' સ. સા.

નવાજૂની.

શ્રીમદ્ ભાગવત ભાષાંતર.

આ લખાણુ લખવા સમયે આ પુસ્તક અર્ધ ઉપરાંત છપાઈ ગયેલું હોઈ તેમાં આપવાનાં ચિત્રો પણુ છાપવા અપાઈ ગયાં છે. જેથી આ ૩૧ મું પુસ્તક ફાગણુમાં રવાના થશે ત્યાં સુધીમાં તે બહાર પડવા પૂર્ણ સંભવ છે તોપણુ તે બહાર પડ્યાની નક્કી ખબર આ ૩૧ મા પુસ્તકની રવાનગી સાથે છાપેલાં હેંડબીલ યા કાર્ડ દરેક ગ્રાહકપર મોકલીને પ્રસિદ્ધ કરવામાં આવશે. તથા તેને તુરતમાં મંગાવનારને મૂલ્યમાં કિફાયત કેટલી અને કેટલા દિવસ સુધી આપવામાં આવશે તે બાબત પણુ તેમાંજ જણાવવામાં આવશે. આવી જુદી ખબર ન અપાઈ હોય ત્યાંસુધી કોઇયે આ પુસ્તક પ્રસિદ્ધ થયેલું સમજવું નહિ.

બીજાં ઉત્તમ પુસ્તકો.

બીજાં બે પુસ્તકો પણુ સ્વલ્પ મૂલ્યે પ્રસિદ્ધ થનાર છે અને તે છપાવાનું હવે તુરતમાં શરૂ થનાર હોઈ **ભાગવત ભાષાંતર**ની સાથેજ તે પણુ પ્રસિદ્ધ થવા સંભવ છે. આ વિષેની નક્કી ખબર પણુ ઉપર જણાવ્યા પ્રમાણેજ આ પુસ્તક સાથે છૂટા હેન્ડબીલથી જણાવાશે. છપાવાનું શરૂ થયા અગાઉ એકને બદલે કદાચ બીજુંજ સારૂં પુસ્તક છપાવવું ઠરે તેમ હોવાથી તે પુસ્તકોનાં નામ અત્ર આપ્યાં નથી.

“વ્યવસ્થાપક” સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય.

श्रीजगदीश्वरायनमः

મહાકવિ પ્રેમાનંદશિષ્ય રત્નેશ્વરકૃત

वैराग्यबोधकाव्य.

प्रबोधपंचाशिका.

સર્ગ ૧ લો.

ભુજંગપ્રયાત.

તમો કૃષ્ણ કૃષ્ણેતિ કૃષ્ણેતિ ભાખો,
કુસંસાર પરપંચને દૂર નાખો;
સહુ દેવ મધ્યે સમો ભાવ રાખો,
અસત્યાદિ ટાળી સદા સત્ય ભાખો. ૧

---

૧ ભુજંગપ્રયાત—ચાર યગણનું એક ચરણ એવાં ચાર ચરણનો છંદ. કૃષ્ણેતિ—કૃષ્ણ એ પ્રકારે. કુસંસાર ઇ૦—નિંદવા યોગ્ય એવા સંસારના પ્રપંચને (વિસ્તારને) દૂર નાખો. અર્થાત્ સંસારનો પસારો નિંદવા યોગ્ય છે માટે તેને તજી દો. જન્મમરણાદિ રૂપ આવાગમનને અહીં સંસાર કહ્યો છે, તથા તે દુઃખદાયક છે માટે તેને નિંદિત કહ્યો છે. જેમ, "जननादिरोगमरणादिवेदनावरुणालस्य तरणाय का गतिः"—"જન્મ આદિક રોગ અને મરણ આદિક વેદનાઓ રૂપી

થયો મોહમાં મગ્ન સંસાર આખો,
વિમાશી વિષેવારિને શીદ ચાખો ?
તમો માનજો મન સંસાર ખોટો,
સદા શે ન સેવો જદુનાથ મોટે ૨

પાણીથી ભરેલા સંસારસમુદ્રને તરવાને શી ગતિ ?"—(**લક્ષ્મીસહસ્ર**). સહુ દેવ ઈ૦—શિવ વિષ્ણુ આદિક દેવનાં જૂદાં જૂદાં સ્વરૂપમાં સમો-ભાવ (સમાનભાવ) રાખો—તેમને એક રૂપે જુઓ. જેમકે, **एको देवः केशवो वा शिवो वा**"—"કેશવ કે શિવ, એ એકજ દેવ છે." અર્થાત્ આત્મારૂપે સહુ દેવ એકજ છે, એમ માનીને મતભેદ તજી બીજા દેવોની નિંદા ન કરવી. અસત્યાદિ ઈ૦—અસત્ય, પિશુનતા, આદિ વાચિક દોષ તજીને સદા સત્ય ભાખો. મનુ કહે છે કે—"**पारुष्य-मनृतं चैव पैशुन्यं चापि सर्वशः। असंबद्धप्रलापश्च वाङ्मयं स्याच्चतुर्विधम्**"—"કઠોર વાણી, અસત્ય, પરનિંદા, અને વિના પ્રયોજન બોલવું, એ ચાર પ્રકારનું વાચિક કર્મ કહેવાય છે." અસત્યાદિમાં એ ચારનો સમાવેશ થાય છે.

૨ થયો ઈ૦—મોહમાં આખો સંસાર મગ્ન થયો છે. અસત્ય અને દુઃખરૂપ વસ્તુને જાણ્યા છતાં પણ તેને સત્ય અને સુખરૂપ માનીને વ્યવહાર કરવા રૂપ બુદ્ધિની અવસ્થાને મોહ કહે છે. સહુ કોઈ જાણે છે કે સ્ત્રીનાં અંગ પુરૂષનાં અંગની પેઠેજ માંસાદિકથી નિર્મિત છે. તથાપિ સ્ત્રીનાં અંગમાં ભોગબુદ્ધિ રાખવી, એ મોહ છે; પુત્રાદિક વિનશ્વર છે એમ જાણ્યા છતાં તે મરી ગયાથી રડવું એ મોહ છે; પૃથ્વી આદિક ઉપર પોતાનું સ્વામિત્વ વસ્તુતઃ નથી, એમ છતાં તેના ઉપર પોતાનું સ્વામિત્વ માની યુદ્ધાદિક કરવા રૂપ બુદ્ધિની અવસ્થા તે મોહ છે. એ મોહ સર્વત્ર વ્યાપી રહ્યો છે માટે એને સમુદ્રની ઉપમા

યથા તોયમાં તર્ત ઊઠે તરંગ,
થતો તેહનો દેખતા માંહ્ય ભંગ;
તથા જીવવું જીવને જો વિમાશી,
પછે ટાળ્ય સંસારની ફોક ફાંશી. ૩

આપી તેમાં આખો સંસાર ડૂબ્યો છે એમ વર્ણવ્યું છે. સંસાર, ડૂબવાના પદાર્થરૂપે પરિણામ પામી ડૂબ્યો છે એમ વર્ણાયું છે માટે **પરિણામાલંકાર.** વિમાશી ઈ૦—આખો સંસાર મોહમાં ડૂબ્યો છે એ વાતને વિમાશીને (વિચારીને) તમે તે સંસારસમુદ્રના વિષય રૂપી વારિ (પાણી) ને શીદ ચાખો છો ? અર્થાત્ સમુદ્રનું પાણી જેમ ખારૂં હોવાથી કોઈ વિચારશીલ માણુસને તે પીવા લાયક તો શું, પણ ચાખવા લાયકે નથી હોતું, તેમ વિષયો પણ પરિણામે દુઃખ આપનારા તથા નાશવંત હોવાને લીધે ચાખવાને (અનુભવ કરી જોવાને) પણ લાયક નથી. **રૂપક તથા પરિણામનો સંકર.** 'વિષે વાર શીદ ચાખો' એવો પાઠ છે તે પ્રમાદજન્ય હશે. જદુનાથ—યાદવપતિ કૃષ્ણ ભગવાન.

૩ આયુષ્યની ક્ષણભંગુરતા વર્ણે છે; યથા ઈ૦—જેમ તોય (જળ) માં તર્ત (વાયુ લાગતાંની વાર) તરંગ ઊઠે છે, અને તેનો દેખતા માંહ્ય (જોતજોતામાં) ભંગ થતો જણાય છે; તથા (તેજ પ્રમાણે) જીવને જીવવું છે, અર્થાત્ જીવને ઉપજતાં તેમ મરતાં પણ વાર નથી, એ તું વિમાશી જો. ભર્તૃહરિ પણ વૈરાગ્યશતકમાં લખે છે કે,—" **आयुः कल्लोललोलं कतिपयदिवसस्थायिनी यौवनश्रीरर्थाः संकल्पकल्पा घनसमयतडिद्विभ्रमा भोगपूराः।** ઈ૦" અને વિમાશી જોયા પછી સમજણ પડયેથી સંસારની ફોક (મિથ્યા) ફાંશી (પાશ) ટાળ્ય દૂર કર. તું કહેશે કે,—જેમ પશુપક્ષીને પારધિ ફાંશીમાં પકડે છે, તેને તે પશુપક્ષી પોતાની મેળે દૂર કરી શકતાં નથી, તો સંસારની ફાંશી જે

યથા પદ્મના પત્ર ઉપેર પાણી,
ઢળે મે'લતા માંય છે એમ પ્રાણી;
યથા પૂર્ણ પાણી ભર્યો કુંભ કાચો,
તથા સદ્ય ભાજે નથી પંડ સાચો. ૪

અનાદિ અવિદ્યારૂપી પારધિએ નાખી છે, તેને હું શી રીતે દૂર કરી શકું? એવા સંશયના નિકાલ માટે શ્લોકમાં 'ફોક' વિશેષણ મૂક્યું છે. મતલબ કે પશુપક્ષી વગેરેની ફાંશી તો સત્ય છે, પણ આ સંસારની ફાંશી તો ફોક (મિથ્યા) છે. જેમ દોરડીમાં જણાતો સાપ, ઝાંઝવાનું પાણી, સ્વપ્નનો દેખાવ, એ મિથ્યા છે તેમ સંસાર પણ મિથ્યા છે; માટે એ સંસાર રૂપ ફાંશી મિથ્યા છે, એવા દૃઢ જ્ઞાન માત્રથી તે ફાંશી દૂર થાય એવી છે માટે તેને દૂર કર. વેદમાં પણ કહ્યું છે: "**तमेव विदित्वातिमृत्युमेति नान्यः पंथा विद्यतेऽयनाय**"—તે આત્માને જાણવાવડેજ મરણરૂપી સંસાર દૂર થાય છે; એ વિના બીજો ઉપાય સંસાર દૂર કરવાનો નથી." **પૂર્ણોપમાલંકાર.**

૪ કોઈ કહેશે કે, એ ફાંશી અમે થોડા દહાડા પછી દૂર કરીશું; હમણા પારાધએ વેરેલા દાણાના જેવા વિષયભોગ તો ભોગવી લેઈએ? તેના ખુલાસા માટે કહે છે: યથા૦—યથા (જેમ) પદ્મ (કમળ) ના પત્ર ઉપેર (ઉપર) પાણી મેલતામાંય (મેલ્યું કે તરતજ) ઢળે છે, એમ પ્રાણી (પ્રાણીની અવસ્થા) પણ છે. અર્થાત્ કમળના પત્ર ઉપરથી જેમ પાણીને ખરી પડતાં વાર લાગતી નથી, તેમ પ્રાણીના જીવનને જતાં પણ વાર લાગતી નથી. બીજું દૃષ્ટાંત આપે છે: યથા ૪૦—યથા (જેમ) પૂર્ણ પાણીથી ભરેલો કાચો કુંભ સદ્ય ભાજે છે, તથા (તેમ) આ પિંડ (શરીર રૂપી) પણ સાચો નથી પણ સદ્ય (તરતજ) ભાગી જાય એવો છે. ભર્તૃહરિ પણ કહે છે કે—"**व्याघ्रीव तिष्ठति जरा परितर्जयन्ती, रोगाश्च शत्रव इव**

યતિ શુદ્ધ શ્રીપાત વૈરાગી યોગી,
કવિ શૂર દાતા ગુણી ને વિભોગી;
અરે ! સર્વનો નેટ છે નાશ જાણો,
નથી મૃત્યુને મન કો રંક રાણો. ૫

प्रहरन्ति देहम् । आयुश्च संस्रवति भिन्नघटादिवांभो लोकस्तथाप्यहितमाचरतीति चित्रम् ॥"—"વૃદ્ધાવસ્થા વાઘણની પેઠે બ્હીવરાવતી બ્હીવરાવતી મોઢા આગળ ઊભી રહેલી છે; શત્રુઓની પેઠે રોગો પણ શરીરમાં પ્રહાર કરે છે; ભાગેલા ઘડામાંના પાણીની પેઠે આયુષ્ય ઝપાટાથી વહ્યું–ચાલ્યું જાય છે; એમ છતાં પણ લોક ભુંડાં કૃત્ય કરે છે, એ મોટું આશ્ચર્ય છે!" મતલબ કે દેહને ક્ષણભંગુર જાણીને જે જ્ઞાન મેળવવું ઘટે તે હમણાંજ મેળવી લે.

૫ તમે એમ જાણશો કે બીજા જેવા તેવા હશે તેમને એમ અચાનક મૃત્યુ આવશે, પણ અમે તો ઇંદ્રિયોને નિયમમાં રાખનારા યતિ છીએ, ધનાદિક તજી દેઇને થયેલા શુદ્ધ શ્રીપાત છીએ, વિષયમાં પ્રીતિ ન રાખનારા વૈરાગી છીએ, અષ્ટાંગ યોગ સાધનારા યોગી છીએ, કાવ્યનાટકાદિ રચના કરનારા કવિ છીએ, શત્રુઓનો પરાભવ કરનારા શૂરા છીએ, ગાનકળા આદિક ગુણ જાણનારા ગુણી છીએ, સ્ત્રી આદિકનો ભોગ માણનારા વિભોગી છીએ, માટે અમને મૃત્યુ શાને આવે છે? તો એ સમજણ ખોટી છે એમ કહે છે: યતિ ૪૦. અરે ૪૦—અરે! (દિલગીરી સૂચક અવ્યય) એ યતિ વગેરે પાછળ કહેલા સર્વનો નેટ (નક્કી) નાશ છે, એમ જાણો. તમે કહેશો કે, શું બીજા સાધારણ લોકો અને યતિ વગેરે અસાધારણ લોકો વચ્ચે કાંઇ તફાવત રાખવામાં નહિ આવે કે કેમ? તેનો ખુલાસો કરે છે: નથી ૪૦—મૃત્યુને મન રંક કે રાણો કોઇ નથી, પરંતુ બધાય સરખા છે. 'અરે' ને ઠામે પ્રતમાં 'એ' એવો પાઠ છે.

અરે ! ચાલવું કાલ્ય તુ શીદ સૂતો,
અલ્યા ! માંડ માયા વિચે કાં વગૂત્યો ?
તૉરે મસ્તકે મર્ણ નિઃસાણ વાગે,
અલ્યા ! તોય નિદ્રાથકો કાં ન જાગે ? ૬

યથા દાદુરો અર્ધ સાહ્યો ભુજંગે,
પછી મક્ષિકાને ગ્રહે તેજ રંગે,
તથા કાળની દાઢમાં સર્વ લોક—
રહ્યા દુઃખ દે અન્યને તેજ ફોક. ૭

---

૬ પણ “ शतमायुर्वैपुरुषस्य ” એવું શ્રુતિવાક્ય છે માટે કાંઇ સો વરસ સુધી તો મરવું નથી; ત્યારે અમને આજથી મૃત્યુનો ભય શું કરવા બતાવો છો ? જો તુ એમ કહેશે તો સાંભળ: અરે ઇ૦— અરે ભાઈ! સો વરસે નહિ, પણ કાલજ (અર્થાત્ થોડા વખતમાં) ચાલવું (મરવું) છે, માટે તું હમણાં નિરાંતે કાં સૂતો છે ?—તારૂં કર્ત્તવ્ય કેમ કરતો નથી ? અને અલ્યા ભાઇ ! તું માંડ (મિથ્યા) માયાની વચ્ચે કાં વગૂત્યો (ગુંચાયો) છે ? (व्यग्रीभूतः ઉપરથી ‘વગૂત્યો’ શબ્દ થયો હોય એમ લાગે છે.) નિઃસાણ—નગારૂં—ડંકો. રૂપકાલંકાર. નિદ્રાથકો—મોહરૂપી નિદ્રામાંથી. મતલબ કે નિત્યાનિત્ય વિચાર કરવાની વિવેક બુદ્ધિનો નાશ થવારૂપ મોહને તું કેમ છોડી દેતો નથી ?

૭ યથા ઇ૦—યથા (જેમ) દાદુરો (દર્દુર–દેડકો) ભુજંગે (સાપે) અર્ધ (અરધો) સાહ્યો (પકડયો) હોય, અને તે પછી તેજ (તે દેડકો) રંગે (આનંદથી) મક્ષિકાને (માખને) ગ્રહે (ઝાલે) અર્થાત્ જેમ દેડકાને સાપે અરધો તો ગળેલો હોય છે તેમ છતાં તે માખને પકડવા જાય છે, તેમ સર્વ લોક કાળની દાઢમાં રહ્યા છતાં

તમો સાર પામ્યા મનુષ્યાવતાર,
તરો દુષ્ટ સંસારનું કાલવાર;
હવે જાનકીનાથને કાં ન સેવો?
જડયું રત્ન તે કાં ખુઓ માલ કેવો? ૮

ક્યમે કાગ ને કીર તે હોય તુલ્ય?
ક્યમે કાચ ને રત્નનું એક મૂલ્ય
તમો ગર્દભાને જવે કાં ચરાવો?
સુકર્પૂરમાં કોદરા શીદ વાવો? ૯

જે અન્યને (બીજાને) દુઃખ દે છે તે ફોક (મિથ્યા) છે. મતલબ કે પોતે કાળથી પકડાયા છીએ માટે તેના પાશમાંથી છૂટવાનો યત્ન કરવાનો પડયો મૂકી બીજાનું અહિત કરવાને યત્ન કરવો એ કેવળ મૂર્ખતા છે. **દૃષ્ટાંતાલંકાર.**

૮ તમો ઈ૦—તમે સારો મનુષ્યાવતાર પામ્યા છો તો તે રૂપી નૌકા કરીને સંસારરૂપી સાગરનું કાળરૂપી વાર (વારિ–પાણી) તરો. કાળવાર—'કાં લઓવાર' એવો પાઠ છે. રત્ન—મનુષ્યાવતાર રૂપી. માલ ઈ૦–તે રત્નનો માલ કેવો છે? જો સારો હોય તો તે તમે કાં ખુઓ છો? ખુઓ ઈ૦–'ખુહ આળ કેવો' એવો પાઠ છે.

૯ મનુષ્યાવતારને તુચ્છ માનવો નહિ એ વાત ચાર દૃષ્ટાંતથી સમજાવે છેઃ ક્યમે ઈ૦ ક્યમે–કેમ કરીને? કીર–પોપટ. તમો ઈ૦—ગાયને જવ ચરાવવા યોગ્ય છે તે પડયું મૂકીને તમે ગર્દભાને (ગધેડાને) જવે (જવવડે) કાં ચરાવો છો? મતલબ કે ગધેડું અને ગાય સરખી કાં લેખવો છો? સુકર્પૂરમાં–સારા કપૂરમાં અર્થાત્ કપૂર વાવવા યોગ્ય ભૂમિમાં મતલબ કે કપૂર અને કોદરા કાં સરખા ગણો છો? મનુષ્યાવતારને કીર, રત્ન, ગાય અને કપૂર સમાન કહીને તેને

તમો કાં કરો મ્લેચ્છને ભાલ અર્ચા,
કરો વિપ્ર ને વેદની શીદ ચર્ચા ?
ગજો ઉપરે કાં ભરો કાષ્ઠભાર,
ખરો ઉપરે શીદ થાઓ સવાર? ૧૦

બીજા પ્રાણીના દેહને કાગ, કાચ, ગર્દભ અને કોદરા કહ્યા છે, એ ઉપરથી સમજવાનું કે બીજા પ્રાણીના દેહ સાથે મનુષ્યદેહના વિષય ભોગ તો સમાન છે, પણ ધર્મ ભક્તિ જ્ઞાનાદિક, એ તેમાં વિશેષ છે. જેમ, "**आहारनिद्राभयमैथुनं च, सामान्यमेतत्पशुभिर्नराणाम्। धर्मो हि तेषामधिको विशेषो धर्मेण हीनाः पशुभिः समानाः॥**" —" અર્થ સ્પષ્ટ છે. " આ શ્લોકમાં તુચ્છ અને મૂલ્યવાન્ વસ્તુની સામાનતા ન માનવાનો ઉપદેશ કરીને કવિ નિત્યાનિત્ય વિવેક પણ સૂચવે છે; એવી રીતે કે, દેહાદિક દૃશ્ય પદાર્થ નાશવાન હોવાથી અનિત્ય છે અને આત્મા અવિનાશી હોવાથી નિત્ય છે, તે બેને તમે સમાન ગણશો નહિ; અર્થાત્ આત્માને દેહ કે દેહને આત્મા માનીને દેહને થતાં દુઃખ આત્માને થાય છે એમ માનીને શોક પામશો નહિ.

૧૦ તમો ઈ૦—તમે મ્લેચ્છના ભાલ (કપાળ)માં અર્ચા (ચંદન વગેરેની આડ કે પૂજન) કાં કરો છો ? અર્થાત્ એ કરવા યોગ્ય નથી. મતલબ કે વિષયરૂપી મ્લેચ્છનો આદર કરવો ઘટિત નથી. કરો ઈ૦—વિપ્ર (બ્રાહ્મણ) અને વેદની ચર્ચા (ટીકા-નિંદા) શું કરવા કરો છો ? મતલબ કે ભક્તિ અને જ્ઞાન રૂપી બ્રાહ્મણ અને વેદનો અનાદર કરવો યોગ્ય નથી. ગજો ઈ૦—અંબાડી મૂકવા યોગ્ય હાથીઓના ઉપર કાષ્ઠનો ભાર કાં ભરો છો ? અર્થાત્ ભક્તિ જ્ઞાન દ્વારા મોક્ષ સાધવા યોગ્ય નરદેહને વિષયમાં કાં લુબ્ધ કરો છો ? ખરો ઈ૦—ગધેડાઓ ઉપર સ્વાર શીદ થાઓ છો ?—મતલબ કે ત્યાગ કરવા

જુઓ ! ભોગવ્યું આજ તે કાલ્ય ક્યાંથી ?
અરે ! સર્વ નાશી જશે હાથમાંથી;
મળ્યો નાવને જે નદીનો તરંગ,
ફરીનેં નહીં તેહુનો હોય સંગ. ૧૧

યોગ્ય ક્ષણિક અને તુચ્છ વિષયો ઉપર આસક્ત શું કરવા થાઓ છો ? ભાવાર્થ એ કે તમે કરવા યોગ્ય તે નથી કરતા અને ન કરવા યોગ્ય તે કરો છો, એથી તમે અવિવેકી અને મોહિત થયેલા જણાઓ છો, માટે મોહ તજીને આત્મા અને અનાત્માનો વિવેક કરીને અખંડ આત્મવસ્તુને ગ્રહણુ કરો તથા તુચ્છ અનાત્મવસ્તુનો ત્યાગ ધરો. જેમ પરમાર્થમાં અવિવેક તજવાની જરૂર છે તેમ વ્યવહારમાં પણુ તે તજવા જેવો છે. જેમઃ—

" छेदश्चंपकचूतचंदनवने रक्षास्तिसाकोटके,
हिंसा हंसमयूरकोकिलकुले काकेषु नित्यादरः।
मातंगेन खरक्रयः समतुला कर्पूरकार्पासयो—
रेषा यत्र विचारणा गुणिगणे देशाय तस्मै नमः ॥ "

અર્થઃ—"જે દેશમાં ચંપો આંબો અને ચંદનના ઝાડને કાપી નાખવામાં આવતાં હોય તથા કાંટાનાં ઝાડનું રક્ષણુ કરવામાં આવતું હોય, જ્યાં હંસ, મોર અને કોયલોના કુળનો સંહાર થતો હોય તથા કાગડાઓને આદરથી પાળવામાં આવતા હોય, જ્યાં હાથી આપી તેના બદલામાં ગધેડો લેવાતો હોય, જ્યાં કપૂર, કપાસ સરખા ગણાતો હોય, અને એજ પ્રમાણે જ્યાં ગુણવાન અને નિર્ગુણ પણુ સરખાજ લેખાતા હોય, તે દેશને અમારો પ્રણામ છે."

૧૧ આયુષ્ય વગેરેનું ચંચળપણું વર્ણે છે. જુઓ ઈ૦—જે આજ ભોગવ્યું તે કાલ ક્યાંથી ? અર્થાત્ જે આયુષ્ય ભોગવાઇ ગયું તે સદાકાળને માટે ગયુંજ ! અને અરે ! એજ રીતે સઘળું આયુષ્ય

અરે ! સંપદા સર્વથા નાશ પામે,
કહો દ્રવ્ય સાંચો તમો કોણ કામે ?
દશસ્કંધને રાજ્ય હુતું અનંત,
નહીં ભોગવ્યું તે, થયો સદ્ય અંત. ૧૨

હાથમાંથી નાશી જશે ! જેનો જતાં રહેવાનો સ્વભાવજ છે તે તો ગમે તે રીતે કરીશું તોપણ જશેજ, ત્યારે તેથી હાનિ શી છે ? તે કહે છે: મળ્યો ઇ૦—જે નાવ અને નદીના તરંગનો સંજોગ મળ્યો છે, તે ફરી ફરીને બનવાનો નથી. મતલબ કે જન્મમરણના પ્રવાહવાળી સંસાર રૂપી નદીમાં સર્વે પ્રાણીઓ ડૂબે છે, પણ તેને નાવ મળતું નથી; પણ તને તો ઇશ્વરેચ્છાથી મનુષ્યદેહ રૂપી નાવ મળ્યું છે, તે નાવ મળતાં છતાં પણ તું નહિ તરે તો ફરીને પાછું તે સાંપડવાનું દુર્લભ છે. શ્રીમદ્ભાગવતમાં પણ કહે છે કે—" **नृदेहमाद्यं सुलभं सुदुर्लभं, प्लवं सुकल्पं गुरुकर्णधारं। मयानुकूलेन नभस्वतेरितं पुमान् भवाब्धिं न तरेत् स आत्महा ॥** "— " સર્વથી શ્રેષ્ઠ મનુષ્યદેહ રૂપી નાવ મળવું મહાદુર્લભ છે તેમ છતાં તે સુલભ થયું છે અને વળી તે સારૂં છે. (નાવ જેમ નવું હોય અને સુતર હોય તે સારૂં કહેવાય છે, તેમ મનુષ્યદેહ અને તે વળી ભરતખંડની ઉચ્ચવર્ણમાં, એ પણ સારો દેહ કહેવાય છે). નાવ મળ્યું છે એટલુંજ નહિ, પણ તેને ગુરૂરૂપી સુકાની પણ મળ્યો છે તથા હું (ઇશ્વર) અનુકૂળ પવન રૂપ થઇને તેને ચલાવું છું. એમ છતાં પણ જે પુરૂષ સંસાર રૂપી સમુદ્રને ન તરે તેને આત્મહત્યારો જાણવો. " શ્લોકમાં નદીનાવના સંયોગ રૂપ કહેવતનું કથન કર્યું છે માટે **લોકોક્તિ** અલંકાર.

૧૨ સંપત્તિનું વિનાશીપણું વર્ણું છે: અરે ઇ૦—અરે ! સંપદા (સંપત્તિ) સર્વથા (સર્વ પ્રકારે) નાશ પામે એવી છે. અર્થાત્ કોઇ

૪૩૫૬

યથા મર્કટીકંઠમાં પુષ્પમાળા,
વળી કાં ગમે અંધને સોહ્ય બાળા?
યથા છે તૃણે અગ્ર તુષારબિંદુ,
તથા દ્રવ્ય વાધે ઘટે જેમ ઈંદુ. ૧૩

પણ ઉપાયથી એનો નાશ અટકાવી શકાય એવો નથી. એવી જો નાશ પામવાના સ્વભાવવાળી સંપત્તિ છે, તો પછી તમે જે દ્રવ્ય સાંચો છો તે કયા કામને અર્થે? તે કહો અર્થાત્ તે તમારે કયા કામમાં આવશે? જે અવિનાશી હોય તેજ અવિનાશી આત્માને કામનું છે; પણ જે વિનાશી હોય તેનો નાશ નિશ્ચિત અને નાશ થવાનો સમય અનિશ્ચિત હોવાથી તે કોઇને કામમાં આવતું નથી, અને જો કામમાં નથી આવતું તો તે સાંચવું શા માટે જોઇએ? સંપત્તિ કામમાં કેવી રીતે નથી આવતી તે ઉદાહરણથી સ્પષ્ટ કરે છે; દશસ્કંધને ઇ૦— દશસ્કંધને (રાવણને) અનંત રાજ્ય (રાજ્યાદિ સંપત્તિ) હતું, પણ તે ભોગવ્યું નહિ; કેમ ન ભોગવ્યું? થયો ઇ૦—તેનો સદ્ય (તત્કાળ —સંપત્તિ ભોગવવાને સમયે) અંત થયો.

૧૩ આયુષ્ય અને સંપત્તિની પેઠે દ્રવ્ય પણ સ્થિર નથી એમ વર્ણે છે; યથા ઇ૦—યથા (જેમ) મર્કટીકંઠમાં (વાંદરીના ગળામાં) પુષ્પની માળા સ્થિર થતી નથી, વળી જે બાળા સોહ્ય (સોહે— શોભે) છે, અર્થાત્ સુરૂપવતી છે, તે બાળા અંધને ગમે છે કાં?— નથીજ ગમતી. મતલબ કે બાળા અંધને વિષે કે અંધ બાળાને વિષે સ્થિર થતો નથી; મર્કટીકંઠમાં—'મર્કટ કંઠમાં' એવો પાઠ છે. કાં ગમે—'કાંગને' એવો પાઠ છે. ત્રીજું દૃષ્ટાંત આપે છેઃ યથા ઇ૦— જેમ તૃણે (ઘાસમાં) અગ્ર (અગ્રભાગે) તુષારબિંદુ (ઝાકળનું ટીપું) છે—જેમ તરણાની ટોચપર ઝાકળનું ટીપું સ્થિર થતું નથી, તથા (તેમ) દ્રવ્ય પણ સ્થિર થતું નથી. સ્થિર થતું નથી ત્યારે શું થાય

શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

મિથ્યા કાં મન મોહ મત્સર ધરો, નિંદા કરો લોકની,
માનો ફોક કુટુંબ, શોક સઘળો મૂકી મળો કૃષ્ણને;
નિત્યે ચિત્ત વિચાર માર મનને, સંભાર શ્રી કૃષ્ણને,
તૃષ્ણા ટાળ, નિહાળ નેટ નરમાં નારાંણને સર્વથા. ૧૪

છે? વાધે ઇ૦—જેમ ઇંદુ (ચંદ્ર) વધે છે તથા ઘટે છે, તેમ તે પણ વધે છે અને ઘટે છે. એ રીતે આયુષ્ય, ભોગ, સંપત્તિ (વૈભવ) અને દ્રવ્ય વગેરે સર્વે નાશવંત અને અસ્થિર છે. એ વિષે વૈરાગ્યશતકમાં લખે છે કેઃ—

" **आयुः कल्लोललोलं कतिपयदिवसस्थायिनी यौवनश्री—**
र्र्थाः संकल्पकल्पा घनसमयतडिद्विभ्रमा भोगपूराः ॥ "

અર્થ:—" આયુષ્ય પાણીના તરંગ જેવું ચપળ છે, જુવાનીની શોભા કેટલાક ગણ્યા ગાંઠયા દિવસ સુધીજ રહેવાની છે, દ્રવ્યો મનના મનોરથ જેવા ક્ષણિક છે, અને ચોમાસાની વીજળીના જેવા ભોગ છે."

૧૪ શાર્દૂલવિક્રીડિત—**मसजसततग** એ ગણોનું એક ચરણ, એવાં ચાર ચરણનો છંદ. અત્યાર સુધી ભોગાદિકની નશ્વરતા વર્ણિને હવે શું કરવું તે કહે છે; મિથ્યા ઇ.—જો પાછળ કહ્યું તેમ બધું નાશવંત અને ક્ષણિક છે તો, મનમાં મિથ્યા મોહ અને મત્સર શા માટે ધરો છો? અને શા માટે લોકની નિંદા કરો છો? ત્યારે શું કરીએ? એમ કહેશો તો, માનો ઇ૦—કુટુંબને ફોક (મિથ્યા) માનો, (કેમકે કુટુંબનો સંબંધ દેહ કે જીવ સાથે ન છતાં મનથી માની લીધેલો છે.) અને સઘળો શોક મૂકીને કૃષ્ણને (પરમાત્માને) મળો.—પરમાત્મારૂપ થાઓ. ઉપનિષદમાં કહ્યું છે કે " **तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः** "—" જ્યાં સર્વત્ર એક આત્માજ જોવામાં આવે છે

ભુજંગ પ્રયાત.

કરી જ્ઞાનપંચાશિકા સાર ભાતે,
જ્યહાં વૃત્ત બાંધ્યું ભુજંગ પ્રયાતે;

તથા જ્યાં જોનારો પોતાને આત્માથી ભિન્ન માનતો નથી, ત્યાં મોહ શો છે અને શોક પણ શો છે ?" વારુ એ તો ખરૂં, પણ પરમાત્માને શી રીતે મળાય ? તે વિષે કહે છે: નિત્યે ઈ૦—આ દેહાદિક જડ તથા નાશવંત હોવાથી મારૂં સ્વરૂપ તે નથી પણ હું તો ચૈતન્ય સ્વરૂપ આત્મા છું; વિષય તો પરિણામે નાશવંત તથા ક્ષણિક સુખ આપનારા છે, અને તે સુખ પણ આત્માને વિષે બુદ્ધિ સ્થિર થવાથી ભાસે છે, માટે સુખસ્વરૂપ તો આત્માજ છે, વિષય નથી; એવો નિત્યે વિચાર કર. તું કહેશે કે મન વિષયો તરફ ખેંચાયા કરે છે, તેથી હું વિચાર શી રીતે કરૂં ? તો, માર ઈ૦—મનને માર—કબજે રાખ, અને શ્રીકૃષ્ણને સંભાર-ઈશ્વરનું ચિંતન કર. ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે " **मनः संयम्य मच्चित्तो युक्त आसीत मत्परः** "-" મનને કબજે કરીને મારામાં ચિત્ત રાખીને મુજપરાયણ થઇને બેસવું." એ રીતે મારૂં ધ્યાન કર. વળી તૃષ્ણા (વિષયભોગની અધિક અને અધિક વાંચ્છના)ને ટાળ તથા નેટ (નિશ્ચય) નરમાં (અર્થાત્ પ્રાણી માત્રમાં સર્વત્ર) નારા'ણને (નારાયણને-પરમાત્માને) સર્વથા (સર્વ પ્રકારે-અસ્તિ, ભાતિ અને પ્રિયરૂપે) નિહાળ—સર્વ કાંઇ આત્મારૂપે જો. " **एकमेवाद्वितीयं ब्रह्म नेह नानास्ति किंचन** "-" એક અદ્વિતીય બ્રહ્મ છે; આ જગત્‌માં તેનાથી ભિન્ન એવું કાંઇજ નથી " એવા શ્રુતિવાક્ય પ્રમાણે આત્મદર્શી એટલે મુક્ત થા.

આ શ્લોકમાં કવિએ વેદાંતશાસ્ત્ર પ્રતિપાદિત અનુબંધ ચતુષ્ટયનું કથન કરીને બ્રહ્મજ્ઞાન આપ્યું છે. એવી રીતે કે, પ્રથમ ચરણમાં મોહાદિક તજવાનું કહીને નિત્યાનિત્ય વિવેક બતાવ્યો છે; બીજા ચર-

જનો ! જેહ મધ્યે મળે વિષ્ણુ વે'લો,
કહ્યો તેહ રત્નેશ્વરે સર્ગ પે'લો. ૧૫

इतिश्री प्रबोधपंचाशिकायां प्रथमः सर्गः ॥ १ ॥

ણુમાં કુટુંબાદિને ફોક માનવાનું કહીને **વૈરાગ્ય**નું કથન કર્યું છે; ત્રીજા તથા ચોથા ચરણમાં મનને મારવાનું, શ્રીકૃષ્ણને સંભારવાનું, નિત્ય વેદાંતશાસ્ત્રનો વિચાર કરવાનું, અને તૃષ્ણા ટાળવાનું કહીને શમ, દમ, તિતિક્ષા, શ્રદ્ધા, ઉપરતિ, અને સમાધાન એવી **શમાદિષટ્સંપત્તિ** વર્ણી છે. અને બીજા ચરણમાં કૃષ્ણને મળવાનું કહીને **મુમુક્ષુતા** વર્ણી છે. વળી બીજા ચરણમાં નિત્ય વેદાંત ચિંતન કરવાનું તથા મનઃસંયમન પૂર્વક પરમાત્માનું ચિંતન કરવાનું કહીને ધ્યાનોપાસનારૂપ સાંખ્ય અને યોગશાસ્ત્રમાં કહેલાં અંતરંગ સાધન પણ કહ્યાં છે. તથા છેવટે "**सर्वंखल्विदंब्रह्म**"—"આ સધળું બ્રહ્મ છે—તે વિના બીજું કાંઇ છે નહિ" એ મહાવાક્યનો ઉપદેશ કરીને મોક્ષનું સ્વરૂપ પણ બતાવ્યું છે.

૧૫. જ્ઞાનપંચાશિકા–જ્ઞાન આપનારા પચાસ શ્લોકનું કાવ્ય. આ કાવ્યના કવિએ ત્રણ સર્ગ કર્યા છે તથા તેને બધા મળીને સત્તાવન શ્લોક છે. એમ છતાં કવિ પંચાશિકાનું નામ આપે છે તેથી એમ જણાય છે કે દરેક સર્ગના છેવટના કેટલાક શ્લોક કવિએ કાવ્યમાં ન ગણ્યા હોય, અથવા પચાસ થઇ ગયા પછી સાઠ પૂરા ન થયા હોય ત્યાં સુધી તેને પચાસની સંખ્યાથી કહેવા, એવો કવિનો હેતુ હોય; પણ એમાં કોઈ શ્લોક ક્ષેપક હોય એમ અમને શ્લોકરચના વગેરે જોતાં લાગતું નથી. જનો !—હે જનો ! એમ (સંબોધન). સર્ગ—કાવ્યનાં પ્રકરણોને સર્ગ કહેવા એવો સંસ્કૃત કાવ્યકારોનો સંપ્રદાય છે માટે રત્નેશ્વરે પણ આ કાવ્યમાં સર્ગ એવું નામ રાખ્યું છે તથા સર્ગમાં એક વૃત્ત રાખવું, છેવટે એકાદ જૂદું અને મોટું વૃત્ત મૂકવું, વગેરે નિયમ પણ પાળ્યા છે.

સર્ગ ૨ જો.

દ્રુતવિલંબિત વૃત્ત.

વિષય ભોગવતાં સુખ જેટલું,
ફરી થશે તમને દુઃખ તેટલું;
પ્રથમ કંડુ ઘસ્યે સુખ ત્યાં હશે,
પણ પછી પરિતાપ ઘણો થશે. ૧

હજી લગી શઠ કાં સમજ્યો નહીં,
સકળ કાળ ગયો તુજનો વહી;

---

૧ દ્રુતવિલંબિત—**नभभर.** વિષય ઇ૦—વિષય ભોગવતાં પ્રથમ જેટલું સુખ થાય છે તેટલુંજ ફરી (પછીથી) તમને દુઃખ થશે. કેમકે વિષય ભોગવવાથી આયુષ્યનો જે ભાગ જાય છે તેટલા વખતમાં જે ધર્મસાધન કરાત, તે એથી બનતું નથી. વિષયમાં વૃત્તિ રહેવાથી વારંવાર તેની તૃષ્ણા થાય છે અને તે તૃષ્ણા પૂર્ણ કરવાને ધન, બળ, આદિકનો વ્યય કરવો પડે છે, અને ધનાદિનો વ્યય થવાથી દુઃખ ભોગવવું પડે છે. વળી વિષય ભોગવતાં કદાચ અધર્મ થઈ જાય છે તો તેનો પણ પશ્ચાત્તાપ થાય છે. એટલા માટેજ વિષયને "**मध्वापातो विषास्वादः**"—"દેખાતો મધ જેવો પણ વસ્તુતઃ ઝેર રૂપ." અથવા "**विषकुंभः पयोमुखः**"—"ઉપર દૂધથી ભરેલો એવો ઝેરનો ઘડો" કહ્યો છે. એ વાતને દૃષ્ટાંતથી સિદ્ધ કરે છેઃ પ્રથમ ઇ.—પ્રથમ કંડુ (ખસ—ચેળ)ને ઘસવાથી ત્યાં (તે જગોએ) સુખ થાય છે, પણ પછી ઘણો પરિતાપ (અગ્નિ) થાય છે, તેવાજ વિષયભોગ ભોગવતાં સુખકારી પણ પરિણામે દુઃખકારી છે.

અનુભવ્યું કથ શું સુખ ત્યાં રહી,
સુણ સદા દુખ માંહ્ય પડ્યો સહી. ૨
પ્રથમ જે દશ માસ તુને ગયા,
મુજથકી ક્યમ જાય તુને કહ્યા;
ઉદર દુઃખ તુને યદિ સાંભરે,
નવ તદા મન જન્મ થવા ધરે. ૩

---

૨ વિષયભોગ એ રીતે પરિણામે દુઃખકારી છે, ત્યારે એ ભોગવવાને જે કાળ ગુમાવ્યો તે વૃથા ગયો, અને આ જન્મમાં ખરેખરૂં સુખ અનુભવ્યું નહિ, પણ ઉલટું મનુષ્યજન્મમાં દુઃખ માત્ર તેં અનુભવ્યું છે, માટે એવો જન્મ ફરી ધારણ કરવાની ઇચ્છા છોડી દે, એવો ઉપદેશ કરવાના હેતુથી કહે છે કે, હજી લગી ઇ૦ તુજનો—તારો. ‘તુજને’ એવો પાઠ છે.

૩ દેહધારી થવામાં પ્રથમથીજ દુઃખ છે એમ સમજાવવાને ગર્ભાવસ્થાનું દુઃખ વર્ણે છેઃ પ્રથમ ઇ૦—પ્રથમ ગર્ભવાસમાં જે દશ માસ તને ગયા—વીત્યા, તે મારાથી તને શી રીતે કહ્યા જાય!—એ દશમાસનું દુઃખ તો અકથ્ય છે! જો તે ઉદરવાસનું દુઃખ તને સાંભરે તો પછી ફરીને જન્મ થવાનું મન તું કદી કરે નહિ. ઉદરવાસમાં એવું શું દુઃખ છે, તે કહે છેઃ—

૪ ઉદર મધ્ય ઇ૦—તું ઉદરમધ્ય (માના પેટમાં—ગર્ભાશયમાં) અધોવદને—નીચે મોઢે રહ્યો. ગર્ભાશયમાં ગર્ભ નીચા મુખથી રહે છે એ પ્રસિદ્ધ છે, તેમ જન્મતી વખતે પ્રથમ માથું આવે છે.તે ઉપરથી પણ ગર્ભ નીચે માથે ગર્ભાશયમાં રહેતો હશે, એવી કલ્પના છે. નરક મૂત્ર ઇ૦—શરીરના જે ભાગમાં ગર્ભ રહે છે તેની પાસે પાસે મૂત્રાશય અને મલાશય છે માટે તેમાંથી નરક અને મૂત્રનો કુસ્રાવ (નિંદવા જેવો સ્રાવ) ગર્ભના મુખ ઉપર થયો! એવી કલ્પના છે.

ઉદર મધ્ય અધોવદને રહ્યો,
નરક મૂત્ર કુસ્રાવ મુખે થયો;
કુમળું અંગ કૃમિ કરડે ઘણું,
ઉદર સૂક્ષ્મ છે જનનીતણું. ૪
તહીં તળે જનની વિટવાસના,
ઉદર ભાર ઘણા કટુ ગ્રાસના;
સબળ તાપ રહ્યો અગનીતણો,
ગરભજાળવડે જકડયો ઘણો. ૫

પેટના આંતરડાંમાં કૃમિ હોય છે, અને તેજ પેટમાં ગર્ભ રહેલો છે માટે તેમાંના કૃમિ ગર્ભને કરડતા હોવા જોઇએ, એવી કલ્પના કરીને કહે છેઃ કુમળું ઈ૦—તારૂં અંગ હમણાં તો કઠણ છે તેથી કૃમિનો ચટકો તને ભારે ન લાગે પણ ગર્ભાવસ્થામાં તે ઘણું કોમળ હોય છે, તેથી તેમાં કૃમિ ઘણું કરડી શકે છે અને તેની વેદના પણ ભારે થવી જોઇએ. અહીં તો કૃમિ કરડે તો તું બીજી કૃમિ વગરની જગોએ પણ જતો રહે, પરંતુ ગર્ભાશયમાં તેમ પણ બને એવું નથી; કેમકે ઉદર ઈ૦—જનનીનું ઉદર અતિ સૂક્ષ્મ (નાનું) છે. મતલબ કે ઉદરમાં નીચે મુખે રહેવું, તે પર નરકમૂત્રનો સ્રાવ થવો, કોમળ અંગને કૃમિ ઘણું કરડે તથા ત્યાં ખસવાની જગો નહિ, એટલે કૃમિ કરડે તેની વેદના સતત વેઠવીજ પડે, એ દુઃખ કાંઈ ઓછું છે!

૫ ગર્ભાશયને નરકસ્થાન રૂપે વર્ણેછે; તહીં ઈ૦—હે પ્રાણી, માતાના ઉદરમાં તું જે સ્થળે હોય છે તે સ્થળમાં તારી નીચે તારી જનનીના વિટ (મળ—વિષ્ટા) ની વાસના સતત ચાલુ હોય છે; (વિટ—'ચિટ' પાઠ છે.) અને તારા ઉપર તારી માતાના ઉદરમાંના કટુ (કડવા કે તીખા) ગ્રાસના (કોળિયાના—અર્થાત્ ભોજનના)

નવ ખશી શકતો ક્ષણું ઠામથી,
ઘણું થયો દુખિયો દુઃખધામથી;
તહીં કહ્યું હવિ છોડવ શ્યામજી,
નહિં હું મેલું હવે તુજ નામજી. ૬
પ્રભુજી ! મેં અપરાધ કર્યા ઘણા,
ચરણ તો સમર્યા નહિ તું તણા;
પ્રથમથી હરિ ! જો ઈમ જાણતો,
ધન સહુ તમ ચર્ણ સમર્પતો. ૭

ભાર હોય છે. તથા તારી આસપાસ જઠરાગ્નિનો સબળ (જબરો) તાપ રહ્યો છે, તે તને નિરંતર દઝાડયા કરે છે! તુ કહેશે કે જો એમ હશે તો હું એ તાપવાળી, ભારવાળી તથા દુર્ગંધવાળી જગોએથી ખશીને બીજી સારી જગોએ જઇશ, તો તેમ બનવાનું નથી; કેમકે, ગરભ ઈ૦—ગર્ભાશયમાં રહેલા ગર્ભને જરાયુ વગેરેની જાળથી ઘણો જકડયો હોય છે.

૬ નવ ઈ૦—અને તેમ જકડવાને લીધે તુ તારા ઠામથી ક્ષણું (લગાર વાર) પણ ખશી શકતો નથી. એવી રીતે એ દુઃખના ધામ રૂપ ઉદરવાસથી તુ બહુ દુઃખીઓ થયો. તહીં ઈ૦—તે વખતે તેં તહીં (ગર્ભવાસમાં) કહ્યું (પ્રાર્થના કરી) કે, હે શ્યામજી! હવે મને અહીંથી છોડવ; હવે (અહીંથી છૂટા થયા પછી) હુ તારૂં નામ નહિ મેલું—તારૂં સ્મરણ રૂપ ભજન હુ કદી તજવાનો નથી; (કે જેથી હુ ફરીને આવા દુખદ ગર્ભવાસમાં આવું નહિ.

૭ ગર્ભ પોતાના પૂર્વભવના અપરાધ કહી બતાવે છે: પ્રભુજી ઈ૦—ઘણા અપરાધ કર્યા, એટલુંજ નહિ, પણ તારા ચરણનું સ્મરણ પણ ન કર્યું, કે જેથી તે અપરાધ નાશ પામે! હે હરિ જો હુ પ્રથ-

સકળ ભોગ કરી જમતો સુખે;
પણ ન હોમ કર્યો પરને મુખે,
સ્વજમતાં કોઇ દુર્બળ આવતો;
અનુગ પાસ હું મારી કઢાવતો. ૮

મથી ઇમિ (એમ) જાણતો હોત–પાપ કર્યા છતાં પણ હરિચરણનું સ્મરણ કરવામાં ન આવે તો આવા ગર્ભવાસ રૂપી નરકમાં પડવું પડે છે એમ જાણતો હોત, તો જે ધન વડે મેં વિષયભોગ ભોગવ્યા, તે ધન સહુ તમારે ચરણે સમર્પણ કરત–તે તમારે નિમિત્ત પુણ્યદાનમાં અને પરોપકારમાં ખરચત, અથવા તે ઉપરથી મમત્વ કાઢી નાંખત.

૮ શા અપરાધ કર્યા તે કહે છે; સકળ ઇ૦ પણ ઇ૦—પણ મેં બીજાના મુખમાં હોમ કર્યો નહિ–બીજાને ખવરાવ્યું નહિ. સ્વજમતાં ઇ૦—હું જમતી વખતે જો કોઈ દુર્બળ માણસ (અર્થાત્ અન્નાર્થી) ત્યાં આવતો, તો તેને હું મારા અનુગ (ચાકર) પાસે મારી કઢાવતો. સ્વજમતાં–'સ્વયમતાં' એવો પાઠ છે. એ પાઠ જો રાખીયે તો, 'ત્યાં કોઇ સ્વયં (પોતે) દુર્બળ આવતો,' એવો અર્થ થાય. મતલબ કે પિંડ પોષવા રૂપી મેં મોટા અપરાધ કર્યો છે. કૃષ્ણરામ મહારાજ લખે છે કે "જો જમે તો જમે દેવનૈવેદ્યને, પિંડ પોષી રખે પેટ ભરતો." કાવ્યદોહન. ભગવદ્ગીતામાં પણ કહે છે કે,

"इष्टान् भोगान् हि वो देवा दास्यंते यज्ञभाविताः ।
तैर्दत्तानप्रदायैभ्यो यो भुंक्ते स्तेन एव सः ॥
यज्ञशिष्टाशिनः संतो मुच्यंते सर्वकिल्बिषैः ।
भुंजते ते त्वघं पापा ये पचंत्यात्मकारणात् ॥"
"एवं प्रवर्त्तितं चक्रं नानुवर्तयतीह यः ।
अघायुरिंद्रियारामो मोघं पार्थ स जीवति ॥"

અહીં તહીં રથ અશ્વ ચઢી જતો,
ધરણીમાં પદસ્પર્શ ન દાખતો;
ક્ષણુ ક્ષણે મુખદર્શન આરશી,
મદ ભર્યો બકતો બહુ પારશી. ૯

"બ્રહ્મયજ્ઞ, દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, અતિથિયજ્ઞ અને ભૂતયજ્ઞ, એવા પાંચ મહાયજ્ઞ મનુષ્યે અહર્નિશ કરવા જોઇએ. કેમકે તે યજ્ઞની ભાવના લેઇને તૃપ્ત થયેલા દેવો તમને તમારા ઇચ્છિત ભોગ આપશે. પણ દેવોની પાસેથી ભોગ પામીને પછી તેમને આપ્યા વિના એટલે તેમને નિમિત્ત, ઉપર કહેલા યજ્ઞ કર્યા વિના જે ખાય છે, તેને ચોર સમજવો. જે પુરૂષો યજ્ઞ કરતાં બાકી રહેલું એટલે દેવ, પિતૃ, મનુષ્ય, પ્રાણી, વગેરેને આપતાં વધેલું અન્ન ખાય છે, તેઓ સર્વ પાપથી મૂકાય છે. પણ જે પાપીઓ કેવળ પોતાને માટેજ રાંધે છે; તેઓ તો પાપનું ભોજન કરે છે. અન્નથી પ્રાણી, મેઘથી અન્ન, યજ્ઞથી મેઘ, એવું ચક્ર પ્રવર્ત્તે છે, તેને જે અનુસરતો નથી—અર્થાત્ જે ઉપર કહેલા યજ્ઞ કરતો નથી, તેનું જીવતર પાપ ભરેલું જાણવું તથા તેને કેવળ ઇંદ્રિયોનાં સુખમાં સુખ માનનારો જાણવો. હે અર્જુન! તેનું જીવતર વૃથા છે." એટલા માટે અતિથિને મારી કઢાવીને મેં ખાધું છે માટે હું અપરાધી છું.

૯ બીજો મદરૂપ અપરાધ કહે છેઃ અહીં તહીં ઇ૦ ધરણી—પૃથ્વી. પદસ્પર્શ—પગ અડકાડવો. અર્થાત્ હું જમીન પર પગ સરખો પણ મૂકતો નહોતો. હું સુંદર દેખાઉં છું કે નહિ, તે જોવાને હું ક્ષણે ક્ષણે મુખદર્શનને માટે આરશી લેતો હતો. તથા બીજાને ન સમજાય એવા હેતુથી હું પારશી (શમસ્યાની ભાષા) બોલતો હતો તે બોલવાથી તે ન સમજનારને અપમાન લાગશે તેની પણ હું દરકાર કરતો નહોતો, એ જણાવવાને 'મદ ભર્યો' એવું વિશેષણ મૂક્યું છે.

ગૃહ વિષે પરિતાપ ઘણો થતો,
હરિ ! તદા હું સરોવર ઝીલતો;
ઉદર તાપ ઘણા ક્યમ જોગવું ?
હરિ ભજ્યા નહિ તે ફળ ભોગવું. ૧૦

અરર ! હે હરિ ! કાઢની કાઢ રે,
પતિતને ! પ્રભુ ! પાર પમાડ રે;
હરિ ! ક્ષમા કરજો મુજ વાંક રે,
પ્રભુજી બાંહ્ય ગ્રહો હવિ રાંકને. ૧૧

---

૧૦ ગૃહ ઇ૦—ગૃહ વિષે (ઘરમાં) જ્યારે મને પરિતાપ થતો, ત્યારે હે હરિ ! હું સરોવરમાં જઇને ઝીલતો હતો—ક્રીડા કરતો હતો. શરીરને શી રીતે સુખ થાય એવા ઉપાયમાંજ હું અહર્નિશ સંલગ્ન રહેતો, એ ધ્વનિતાર્થ. ઉદર ઇ૦—ગ્રીષ્મઋતુનો તાપ જેનાથી સહેવાતો નહોતો, તે હું હવે આ ઘણા (ઘણા પ્રકારના) ઉદરતાપ (ગર્ભાશયની ગરમી) શી રીતે જોગવું ?—એ તાપ સેહેવાને પોતાને શી રીતે યોગ્ય કરૂં ? પણ ગ્રીષ્મનો તાપ ન સહેવાવાથી જેમ સરોવરમાં જઇ ઝીલતો હતો, તેમ આ ગર્ભવાસના તાપથી નાશી શકાતું નથી, એમ જાણીને કહે છેઃ હરિ ઇ.—મેં હરિને ભજ્યા નહિ તેનું આ ફળ હું ભોગવું છું ! !

૧૧ ગર્ભાવસ્થામાંથી છૂટવાને પ્રાણી ઇશ્વરની પ્રાર્થના કરે છેઃ અરર ઇ૦—અરર ! (અર્થાત્ આ ગર્ભવાસના દુઃખથી હું બહુ દુઃખી છું, એમ બતાવનારો ગર્ભવાસના પ્રાણીનો ઉદ્દગાર). હે હરિ ! આ ગર્ભવાસમાંથી મને કાઢ કાઢ—ગર્ભવાસના દુઃખમાંથી જલદી છૂટકો કર. ત્વરા સૂચવવા માટે 'કાઢ' ક્રિયાપદ બે વખત કહ્યું છે. અને એ વિરાવડે ગર્ભવાસનું દુઃખ અસહ્ય છે, એવો ધ્વનિતાર્થ પ્રકટ કર્યો છે.

ટળવળ્યો બહુ ભાત ત્યહાં યદા,
જનમકાળ સમૈજ થયો તદા;
જનમકાળનું દુઃખ શું કૈ” કથી,
શું તુજને સહુ સાંભરતું નથી? ૧૨

ભુજંગ પ્રયાત.

યથા તાર તાણે બળે સ્વર્ણકાર,
તને કાઢિયો ગર્ભથી એમ બા'ર;

પતિતને—ભ્રષ્ટને—ગર્ભવાસના સંગથી દૂષિત થયેલાને, મળમૂત્રમાંસાદિકનો સ્પર્શ કરી રહેનારને લોકો પણ ધર્મભ્રષ્ટ કહી પતિત ગણે છેજ. પાર પમાડ—છેડાપર લેઇ જા—અર્થાત્ છૂટકો કર. પણ તારા સરખો અપરાધી પાર પમાડવા યોગ્ય નથી. એમ કહેશો તો, હરિ! ઇ૦—હે હરિ! મારા સઘળા વાંક (પાછળ કહેલા મદ વગેરે અપરાધ) ક્ષમા કરજો. અને હે પ્રભુજી! આ રાંકને હવિ (હવે) બાંહ્ય (બાંહ્ય—હાથે) ગ્રહો. ગર્ભાવાસના દુઃખનો સાક્ષાત્ અનુભવ હોવાથી પ્રાણીને જ્ઞાન ઉપજે છે અને પાછળથી તે ભૂલી જાય છે, એ વિષે કોઈ વિદ્વાન કહે છે કે—

“ गर्भे व्याधौ स्मशाने च पुराणे या मतिर्भवेत् ।
सा यदि स्थिरतां याति को न मुच्येत बंधनात् ॥१॥”

અર્થ—“ગર્ભાવસ્થામાં, વ્યાધિતાવસ્થામાં, સ્મશાનને વિષે અને પુરાણ શ્રવણ કરતી વખતે જે બુદ્ધિ ઉપજે છે, તેજ બુદ્ધિ જો સ્થિર થાય, તો સંસારરૂપી બંધનમાંથી કોણ મુક્ત ન થાય?”

૧૨ જન્મ પેહેલાંનું દુઃખ વર્ણવ્યા પછી સંક્ષેપમાં જન્મતી વખતનું દુઃખ કહેવાના હેતુથી કહે છેઃ શું ઇ૦. સહુ—‘તો’ એવો પાઠ છે.

પછે વીસરી વેદના ગર્ભમાંની,
હરિભક્તિ ભૂલ્યો થયો દેહમાની. ૧૩

દ્રુતવિલંબિત.

લઘુ વયે કરી બાળક તું થયો,
અવશ ઇંદ્રિં' મહાદુઃખમાં રહ્યો;
ચરણુ પંગુલતા મુખ મૂકતા,
નરક મૂત્ર પચ્યો દિન તે જતા. ૧૪

---

૧૩ જન્મકાળનું દુઃખ વર્ણવે છે; યથા ઇ૦—જેમ સ્વર્ણકાર (સોની) બળે (જોરથી) તાર (સુવર્ણ વગેરેના) તાણે (જતરડામાંથી ખેંચે), તેમ તને પણ ગર્ભથી (ગર્ભાશયમાંથી) બહાર કાઢયો. બહાર નીકળ્યા પછી શું થયું તે કહે છે; પછે ઇ૦—પછી ગર્ભમાંની વેદનાને વિસરી ગયો, હરિની ભક્તિ ભૂલી ગયો, અને દેહમાની (દેહને 'હું' માનનારો) થયો.

૧૪ હવે જન્મ પછી બાલ્યાવસ્થા પ્રાપ્ત થાય છે તે વખતની સ્થિતિમાં પણ સુખ નથી, એમ વર્ણવે છે; લઘુવયે ઇ૦—તું (જીવ) લઘુવયે કરીને (દેહની ઉમરના પ્રમાણમાં નાનાપણાવડે કરી) બાળક થયો. અર્થાત્ વસ્તુતઃ તું જીવ છે, તે બાલ્ય, જોબન અને વૃદ્ધત્વાદિ અવસ્થા ત્રયથી રહિત છે, તોપણ દેહાભિમાનને લીધે દેહ જ્યારે બાળક થયો ત્યારે તું પોતાને બાળક માનવા લાગ્યો. તે વખતે તારી ઇંદ્રિયો (હસ્તપાદાદિ તથા નેત્રશ્રવણાદિ) અવશ (તારે સ્વાધીન નહિ રહે એવી) હોવાથી મહાદુઃખમાં રહ્યો! તને પગે મચ્છર કરડતો હોય પણ તેને ખસેડવાનું કે હાથવડે તેને દૂર કરવાનું સામર્થ્ય તારામ નહોતું, અને મચ્છરના દંશની વેદનાનું જ્ઞાન તો તને હતું, માટે અવશપણે દુઃખમાં રહ્યો, એમ કહ્યું છે. તે અવશપણું ઉદાહરણથી

તદુપરાંત તું જોબનમાં રમ્યો,
યુવતીને વચને જનની દમ્યો;
અધમ કર્મ કર્યા તનુ પોષવા,
ગૃહઅધીન રહ્યો મન શોષવા. ૧૫

સ્પષ્ટ કરે છે. ચરણ ઇ૦—તારા ચરણમાં પંગુલતા (પાંગળાપણું) હતું, અને તારા મુખમાં મૂક્તા (મૂગાપણું) હતું. અર્થાત્ દુઃખના સ્થાનકથી તું દૂર જઇ શકતો નહિ, કે થતું દુઃખ કહી શકતો નહિ! અને તેજ કારણથી તું નરકમાં તથા મૂત્રમાં મચ્યો રહેતો; હવે ક્રમે કરીને તે દિન પણ જતા. અથવા દિવસો જતાં (જતે દહાડે) તું નરક મૂત્રમાં પચ્યો !

૧૫ નરક મૂત્રમાં પચ્યો રહેતો, તે દિવસો ગયા પછી શું થયું તે કહે છેઃ તદુપરાંત ઇ૦—તદુપરાંત (તે બાલ્યાવસ્થા ઉપરાંત) તું જોબનમાં રમ્યો (તને જુવાની પ્રાપ્ત થઈ તેથી તું આનંદ પામ્યો). તે જુવાનીમાં તો સમજણ પરિપક્વ થયાથી હરિભક્તિ કરી હશે ? તો કહે છે, ના; યુવતીને ઇ૦—યુવતીને વચને (સ્ત્રીના કહેવાથી) જનની દમ્યો (માતાને દુઃખ દીધું!—સ્ત્રી તને સાચાં જૂઠાં ભરવતી તે માનીને બાળકપણામાં તારે માટે કષ્ટ વેઠનારી માતાને તેં દુઃખ દેવા માંડયું. એટલુંજ નહિ, પણ તારૂં તનુ (શરીર) પોષવાને તેં અધમ કર્મ (છળ કપટ પરદ્રોહ વગેરે) કર્યાં; અને મનને શોષવાને (મનને સદા ચિંતાતુર રાખવાનેજ જાણે રહ્યો હોય તેમ) તું ગૃહ-અધીન (ઘરને આધીન) થઈને રહ્યો. જેમ કોઈ તાબેદાર ચાકર પોતાના શેઠની ચાકરી ઉઠાવવા તેને આધીન થઈને રહે, તે પ્રમાણે તું ઘરની (ઘરમાં વસનારા સ્ત્રી પુત્રાદિક કુટુંબની) ચાકરી કરવાને કુટુંબનો તાબેદાર જેવો થઇને રહ્યો. “જનનીને વચને યુવતી દમ્યો” એવો પાઠ ભ્રમમૂળક લાગવાથી છોડી દીધો છે.

વિષયના સુખને ઘણું ઇચ્છતો,
ધનનિમિત્ત વિદેશ વિષે જતો;
પર અધીન થઇ ધન લાવતો,
નિજ કુટુંબકને ખવરાવતો. ૧૬

મદ ભર્યો પરનારી નિહાળતો,
નિજ શરીર સુરૂપ સમાળતો;
નવ ભજ્યા હરિ યૌવનને મદે,
બળપરાક્રમ ગર્વ ધર્યો હૃદે. ૧૭

ત્રિશત ખંડિત હાડવડે ઘડયું,
અમિત છિદ્રિત ચર્મવડે મઢયું;

---

૧૬ જુવાનીન બીજાં મોહ ભરેલાં કૃત્ય ગણાવે છેઃ વિષયના ઇ૦–પાંચ ઇંદ્રિયોના વિષય જે રૂપ, રસ, શબ્દ, સ્પર્શ, ગંધ, તેનો ઉપભોગ કરવાને ઘણું ઇચ્છતો. વિદેશ–પરદેશ. કુટુંબક–કુટુંબ " નિજ કુટુંબને ખવરાવતો" એવો પાઠ છે.

૧૭. જુવાનીનાં બીજાં અકૃત્ય ગણાવે છેઃ મદ ભર્યો ઇ૦–જુવાની રૂપી મદથી ભરેલો તું પરનારીને જોતો હતો. જેમ કોઇ મદિરા વગેરેના મદથી ભાન ભૂલીને ન કરવાનું કરે, તેમ તું જુવાનીના મદથી વિવેકને ભૂલીને પરસ્ત્રીને જોવા રૂપ અકૃત્ય કરતો હતો. નિજ ઇ૦–વળી પરસ્ત્રીઓ તને જોઈને તારા પર પ્રીતિ કરે, એવા હેતુથી તું પોતાના શરીરના સુરૂપને સમાળતો–સંભાળતો–જાળવતો. સુરૂપને ઠામે 'સ્વરૂપ' એવો પણ પાઠ છે. યૌવનના મદમાં બીજું શું કર્યું તે કહે છેઃ નવ ઇ૦—હરિને ભજ્યા નહિ, અને પોતાના બળ તથા પરાક્રમનો ગર્વ હૃદયમાં ધર્યો. ગર્વ—' ગુણ ' પાઠાંતર.

રૂધિર માંસ મલાદિ કફે ભર્યું,
તનુતણું અભિમાન ઘણું ધર્યું !! ૧૮
બલી થકો શઠ! વૃદ્ધ થયો યદા,
વિકલ જર્જર દેહ થયો તદા;
ચરણ પાણિતણી ગતિ ત્યાં ગઈ,
નયન કર્ણ વિષે જડતા થઇ. ૧૯

---

૧૮ શરીર અસ્થિ, ચર્મ આદિથી બનેલું છે માટે તત્વદૃષ્ટિથી જોતાં જીવનો તેની સાથે કોઇ પ્રકારે સંબંધ નથી; માટે એ શરીરને 'મારૂં' કરીને માનવું એ ભ્રાંતિ છે, એમ વર્ણવે છેઃ ત્રિશત ઇ૦—આ શરીર ત્રિશત (ત્રણસો) ખંડિત (કકડા થયેલાં) હાડ વડે ઘડયું છે—શરીરનું અસ્થિપિંજર હાડકાંના જુદા જુદા ત્રણસો કકડા મળીને થયેલું છે. મતલબ કે શરીરનું પિંજર છે તો હાડકાંનું અને તે પણ આખું હાડકું નહિ, પણ જુદા જુદા હાડકાંના ટુકડાનું બન્યું છે. હાડકાં ત્રણસો છે, એ વિષે શાર્ઙ્ગધર વૈદ્યકમાં લખે છે કે, " **त्रयो दोषा नवशतं स्नायूनां संधयस्तथा । दशाधिकं च द्विशतमस्थ्नां च त्रिशतं मतम् ॥** "—" દોષ ત્રણ છે; સ્નાયુઓ નવસો છે; સાંધા બસો દસ છે; હાડકાં ત્રણસો છે. " અમિત ઇ૦—એ હાડકાંનું પાંજરૂ ચર્મવડે (ચામડાથી મઢયું છે), અને તે ચામડું કેવું ? અમિતછિદ્રિત (અપાર કાણાંવાળું), વારૂ, પણ તેમાં કાંઇ સારો પદાર્થ ભર્યો હશે! તો કહે છે ના; રૂધિર ઇ૦—રૂધિર, માંસ, મલાદિ (મળ, મૂત્ર, પરૂ, લાળ, થુંક, પિત્ત વિગેરે), અને કફથી ભરેલું છે!! વિચાર કરીને જોતાં તનુ (શરીર) એવું છે, તેનું તમે અભિમાન ધર્યું તે પણ થોડું નહિ, પરંતુ ઘણું અભિમાન ધર્યું; અર્થાત્ અભિમાન ન રાખવા જેવી વસ્તુમાં અભિમાન ધર્યું છે, એ પણ ભૂલ છે.

૧૯ જુવાનીના અનર્થ વર્ણવ્યા પછી હવે વૃદ્ધાવસ્થાપણ

સુતસુતા વધૂ બંધુ કુટુંબમાં,
નવ હતું તુજ કોઈ વિટંબમાં;
સહુતણે મન તું અળખામણો,
પડી રહ્યો ત્યમ બાહ્યર દામણો. ૨૦
તદપિ મોહ કુટુંબ વિષે ધર્યો !
વ્રજવિભૂષણ શે નવ ત્યાં સ્મર્યો ?

દુઃખકારક છે એમ કહે છે; બલિ ઇ૦ હે શઠ ! તું બલી (બળવાન —જુવાનીના બળવાળો) હતો, તેમાંથી યદા (જ્યારે) વૃદ્ધ થયો તદા (ત્યારે) તારો દેહ વિકળ (કાન, નેત્ર વગેરેની શક્તિ જવાથી ખોડખાંપણવાળો) અને જર્જર (જીર્ણ) થયો. વિકળતા બતાવે છેઃ ચરણ ઇ૦—ચરણની ચાલવાની ગતિ ગઇ અને પાણિ (હાથ) ની ઝાલવાની ગાત પણ ગઈ; તથા તે સાથે નયન (નેત્ર) તથા કર્ણ (કાન) વિષે પણ જડતા થઇ—તે પણ પોતાનું કામ કરવાને સમર્થ રહ્યાં નહિ—અર્થાત્ આંધળો તથા બહેરો પણ થયો. શંકરાચાર્ય પણ કહે છે કે—"**अंगं गलितं पलितं मुंडं, दशनविहीनं जातं तुंडं; वृद्धो याति गृहीत्वा दंडं, तदपि न मुंचत्याशापिंडम्.**" —અંગ ગળી ગયું છે, માથુ પળી ગયું છે, મુખ દાંત વગરનું થઇ ગયું છે, એવો ઘરડો માણસ લાકડી ઝાલીને ચાલે છે, તથાપિ આશાનો લોચો છોડતો નથી !"

૨૦ તું કહેશે કે મારે પુત્ર પુત્રીઓ વગેરે કુટુંબ છે તે મારી વૃદ્ધાવસ્થામાં ચાકરી કરશે, માટે મારી શી ફીકર છે ? તો, તે પણ તારા વૃદ્ધાવસ્થાના દુઃખમાં તારાં સગાં નહિ થાય, એમ કહે છેઃ સુત–પુત્ર, સુતા–પુત્રી. વધૂ–દીકરાની વહુ. બંધુ–ભાઇ. વિટંબમાં–દુઃખમાં. સહુ ઇ૦–સહુને મન તું અળખામણો હોય તેમ દામણો (પરવશ) થઇને તું બાહ્યર (ઘરની બહાર) પડી રહ્યો છે !!

સરવ એહ મળ્યું નિજ કામનું,
નરકવારણ નામજ રામનું. ૨૧
દિવસ જેહ ગયો હરિ સેવતાં,
સફળ તેહ મનુષ્ય શરીરમાં,
અવર ભોજન મૈથુન સેવવા,
પશુ તણા અવતારજ જાણવા. ૨૨

---

૨૧ તદપિ ઇ૦—તદપિ (તોપણ—પાછળ કહ્યું તેમ તને ઘરની બહાર કાઢી મૂક્યો છે તોપણ) તેં કુટુંબ વિષે મોહ ધર્યો—જે કુટુંબ વસ્તુતઃ તારૂં નથી, તેને વિષે તેં તારૂં છે એમ માન્યું! પણ હે મૂઢ! ત્યાં (એ અવસ્થામાં પણ) તેં વ્રજવિભૂષણ (વ્રજને શોભાવનારા શ્રીકૃષ્ણ પરમાત્મા) ને શે ન સંભાર્યો?—પરમેશ્વરની ભક્તિ તેં શા માટે ન કરી? 'વ્રજવિભૂષણને ઠામે 'કજવિભૂષણ' એવો પણ પાઠ છે. તું કહેશે કે મારા કુટુંબ ઉપરથી શા માટે મારે પ્રીતિ તજવી? અને શું કરવા પરમેશ્વરને ભજવા? તો સાંભળઃ સરવ ઇ૦—એ સર્વ (કુટુંબ વગેરે) નિજ કામનું (પોતપોતાનો સ્વાર્થ સાધનારૂં) મળ્યું છે.—અર્થાત્ તેમનાથી તારૂં નરકદુઃખ મટાડી શકાય એમ નથી. ત્યારે તે કોણ મટાડશે? નરક ઇ૦—નરકનું વારણ (અટકાવનાર) તો રામનું નામજ માત્ર છે.

૨૨ દિવસ ઇ૦—હરિની સેવા કરતાં જે દિવસ ગયો તેજ દિવસ મનુષ્ય શરીરમાં સફળ થયો—અર્થાત્ તે દિવસનું જીવતર તો મનુષ્ય રૂપે જીવ્યા બરાબર જાણવું અને ભોજન તથા મૈથુન સેવવામાં જે અવર (બીજા) દિવસો ગયા, તે દિવસો પશુના અવતાર જાણવા—અર્થાત્ તે દિવસોનું જીવતર પશુરૂપે જીવ્યા બરાબર જાણવું. નીતિશાસ્ત્રમાં પણ કહે છે કે,—

જનમ કોટિ ભમ્યો ભવસિંધુમાં;
તદ્દુપરાંત મનુષ્ય સંબંધમાં,
અવતરી ન કરી ગતિ દેહને;
કરથી જાય સુધારસ તેહને. ૨૩

"आहारनिद्राभयमैथुनं च, सामान्यमेतत्पशुभिर्नराणाम्।
धर्मो हि तेषामधिको विशेषो धर्मेण हीनाः पशुभिः समानाः"॥

ભોજન, નિદ્રા, ભય અને મૈથુન, એ ચાર વાનાં તો પશુઓને અને મનુષ્યને સરખાં છે; માત્ર મનુષ્યમાં ધર્મ આચારવાની શક્તિ છે એટલું પશુ કરતાં વિશેષ છે; માટે ધર્મરહિત જે મનુષ્ય તે પશુ સમાન જાણવું."

૨૩ જનમ ઇ૦—કોટિ (અર્થાત્ અનેક) જન્મ સુધી તું ભવસિંધુમાં—સંસાર રૂપી દરિયામાં ભમ્યો—પશુપક્ષી આદિક અનેક દેહ તેં ધારણ કર્યા, અને તદ્દુપરાંત (તે પછી) તું મનુષ્યના સંબંધમાં આવ્યો—મનુષ્ય દેહવાળો થયો. મનુષ્યના દેહમાં અવતરીને પણ જો જેણે દેહને ગતિ ન કરી (આપી)—અર્થાત્ જે પોતાના દેહને સદ્દગતિ પ્રાપ્તિ થાય એમ નથી કરતો, તેને હાથ આવેલો સુધારસ (અમૃત રસ રૂપી મોક્ષ) જાય છે!! દેહાભિમાનીને ઉદ્દેશીને આ ઉપદેશ કર્યો છે માટે જીવને 'દેહ' કહ્યો છે, કેમકે દેહાભિમાની દેહમાં અને જીવમાં ભેદ સમજતા નથી શ્રોતા જે શબ્દથી જે અર્થ સમજતો હોય, તે અર્થને તે શબ્દથી સમજાવવો એવો મહાત્માઓનો સંપ્રદાય છે. જેમ બાળકને રોટલો અને પાણી સમજાવવાને મોટાં માણસ પણ 'તાતા' અને 'ભૂ' શબ્દનો વ્યવહાર કરે છે અન્યથા, બ્રહ્મવેત્તાઓ, જેઓ નામરૂપાત્મક જગત્ માત્રને મિથ્યા માને છે, તેમનાથી અસત્ એવા નામરૂપનો વ્યવહાર બ્રહ્મવિદ્યાના ગ્રંથોમાં બનત નહિ.

સકળ શાસ્ત્રતણી ગતિ જે લહે;
નિગમ ચારતણો નિરણે કહે,
હરિની ભક્તિ વિના નથી અર્થનું;
કૃપણને કશું કારજ ગર્થનું. ૨૪

વસંતતિલકા.

લક્ષ્મીપતિ પદસરોજ ભજોરે લોક;
મિથ્યા તજો સ્વવનિતાં ધનસૂનુ ફોક;
એ આપ કાજ તવ દાઝ કરે કુટુંબ,
કોથી ટળે ન યમદૂતતણી વિટંબ. ૨૫

---

૨૪ હવે વિદ્વાન છતાં જે હરિભક્તિ નથી કરતા તેમને ઉદ્દેશીને કહે છેઃ સકળ ઇ૦—જે પુરૂષો સકળ શાસ્ત્રની ગતિ લહે છે—ન્યાયશાસ્ત્ર કર્ત્તારૂપ ઈશ્વરને પ્રતિપાદન કરે છે, વેદાંતશાસ્ત્ર બ્રહ્મને પ્રતિપાદન કરે છે, ઇત્યાદિ તે તે શાસ્ત્રની જે જે સિદ્ધાંત પ્રતિપાદન કરવાની ગતિ છે તેને જાણે છે, તથા ચાર નિગમ (ઋક્, યજુષ્, સામ, અથર્વ એવા ચાર વેદ)નો નિરણે (નિર્ણય) જે કહે છે—ચાર વેદ મળીને કર્મ, ઉપાસના અને જ્ઞાનકાંડવડે એક આત્માનું પ્રતિપાદન કરે છે એવો નિર્ણય જે બીજાને સમજાવે છે, તેમ છતાં તે પોતે જો હરિની ભક્તિ કરે નહિ, તો તે શાસ્ત્ર અને વેદનું જ્ઞાન કશા કામનું નથી. એ વાત ઉદાહરણથી સિદ્ધ કરે છેઃ કૃપણને ઇ૦—જેમ અનેક ધન સંચેલું છતાં કૃપણ તેનો ઉપયોગ નથી કરી શકતો, તેથી તે ધન તેને અર્થનું નથી, તેમ શાસ્ત્ર જાણ્યા છતાં પણ મનુષ્ય જો પોતે શાસ્ત્રોક્ત ઉપદેશ માને નહિ, તો તેનું શાસ્ત્રજ્ઞાન પણ નકામુંજ છે.

૨૫ હવે આખા સર્ગવડે કહેલા અર્થનો ઉપસંહાર કરે છેઃ લક્ષ્મીપતિ ઇ.—રે લોક! (એમ સમજીને) લક્ષ્મીપતિ (વિષ્ણુ ભગ-

પુષ્પિતાગ્રા.

ભજ ભજને હરિ અલ્પાભિમાની,
તજ તજરે તરૂણીવિલાસ કામી;

વાન) ના પદસરોજ ચરણ કમળને ભજો તથા સ્વવનિતા (પોતાની સ્ત્રી) જે મિથ્યા છે-તેનો તારી સાથેનો સંબંધ તે માની લીધેલો અથવા જીવકૃત હોવાથી કહેવા માત્ર છે, તેને તજો-તે સ્ત્રીને વિષેથી મારાપણાની બુદ્ધિ કાઢી નાખો. અને તેજ રીતે ધન અને સુતુ (પુત્ર) ને પણ ફોક (મિથ્યા) માનીને તજો. પણ મારૂં સ્ત્રી વગેરે કુટુંબ મારી દાઝ કરે છે-મારા ઉપર સ્નેહ રાખે છે તેમને મારાથી કેમ તજાય ? એમ જો તું કહેતો હોય તો એ ઇ૦-એ કુટુંબ આપ કાજ (પોતાને માટે) તવ (તારી) દાઝ કરે છે-તારી કાળજી રાખે છે. મતલબ કે સહુ કોઇને આત્મા પ્રિય છે એવો વેદાંતશાસ્ત્રનો સિદ્ધાંત છે, માટે જે કોઈ બીજા ઉપર સ્નેહ રાખતો દેખાય છે; તેમાં મૂળ વિચારી જોતાં જણાશે કે એ બીજા ઉપરનો સ્નેહ એ બીજાને અર્થે નહિ, પણ પોતાને અર્થેજ છે. બીજાના ઉપર સ્નેહ રાખવાથી પોતાને સુખ થાય છે માટેજ બીજા ઉપર સ્નેહ રાખવામાં આવે છે; જો દુઃખ થતું હોય તો બીજા ઉપર કોઇ સ્નેહ રાખે નહિ; એ ન્યાયથી તારૂં કુટુંબ જે તારી દાઝ રાખે છે, તે સહુ પોતાને અર્થેજ છે; તારે અર્થે નહિ. અથવા, તારાથી તેમનું પોષણાદિ થાય છે માટે તેઓ તારી દાઝ રાખે છે, એમ હોય તોપણ પરિણામે એ દાઝ પોતાનીજ છે. તારી દાઝ તો તેમણે ત્યારે કરી કહેવાત કે તેમને માટે તેં છળપ્રપંચાદિ પાપકર્મ કર્યા, અને તેથી તને જે નરક પ્રાપ્તિ થવાની, તેમાંથી તેઓ તને બચાવે. પણ, કોથી ઇ૦-યમદૂતતણી વિટંબ (યમના તથી તને થવાનું દુઃખ) તે કોથી (સ્ત્રી પુત્ર કોઇથી)

ભજતાં ભવનો ક્લેશ જાશે,
મન આનંદ અપાર સુખ થાશે. ૨૬

વસંતતિલકા.

જો તું જનાર્દનતણે ચરણેજ લાગે,
સંસાર દારૂણ દવાનલ દુઃખ ભાગે;
જે હીન દીન જન શર્ણ ગયેજ રાખે,
ત્રૈલોકયનાથ કયમ તો તુજને ન સાંખે. ૨૭

ટળે નહિ. અને જો એમ છે તો સહુને મનથી તજીને પરમેશ્વરને ભજવું એજ હિતાવહ છે.

૨૬ પુષ્પિતાગ્રા—**ન ન ર ય** વિષમપદમાં અને **ન જ જ ર ગ** સમ પદમાં હોય એવું વૃત્ત. અલ્પાભિમાની—અલ્પા અભિમાની પ્રાકૃત ભાષાઓમાં પણ આવા સંધિ ઘણાક કવિઓ કરે છે, તે પ્રમાણે આ સંધિ પણ કર્યો છે. તજ ઈ૦—હે કામી ! તરૂણીનો વિલાસ તજ. કામી વિશેષણ તરૂણી વિલાસીને ઉદ્દેશીને કહ્યું છે માટે **પરિકરાલંકાર.** મન ઈ૦—મનમાં અપાર આનંદ અને સુખ થાશે.

૨૭ મારા જેવા પાપીનો પરમેશ્વર કેમ સ્વીકાર કરશે એવો ભય રાખવો નહિ એમ કહે છે: જો ઈ૦—જો તું જનાર્દન (વિષ્ણુ ભગવાન) ને ચરણે લાગે—પગે પડે—શરણે જાય, તો સંસાર રૂપી દારૂણ (કઠણ) દવાનલ (વનના અગ્નિ) નું તારૂં દુઃખ તે ભાગે. કેમકે જે હરિ, હીન (ધર્મહીન) અને દીન જનને શર્ણ ગયે છતે રાખે છે—હીનદીન જન શરણે આવે તો તેનું પણ રક્ષણ કરે છે, તો તે ત્રૈલોકયનાથ તને કેમ ન સાંખે—તારા અપરાધ કેમ સહન ન કરે ? અર્થાત્ તે જરૂર તારા અપરાધ સહન કરીને તને શરણે રાખશે, માટે તેને શરણે જા. ભગવદ્ગીતામાં પણ કહ્યું છે કે—

શાર્દૂલવિક્રીડિત.

જોની રે તુજ કાજ કોણુ રચના કીધી કૃપાસાગરે,
ધૂમ જ્યોતિ સમીર વારિ સઘળાં ટોળે કર્યા શ્રીવરે;
સિંધુથી ગગને ચઢાવી ઘનને વર્ષેખું મધ્યે ભરી,
તે પ્રત્યેજ થયો કૃતઘ્ન કયમ તું તે પ્રેમને વીસરી. ૨૮

" अपिचेत् सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मंतव्यः सम्यग्व्यवसितो हि सः ॥
क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छति ।
कौंतेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ॥
मां हि पार्थ व्यपाश्रित्य येपि स्युः पापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शूद्रा स्तेऽपि यान्ति परां गतिम् ॥
किं पुनर्ब्राह्मणाः पुण्या भक्ता राजर्षयस्तथा ।
अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम् ॥ " ઈ.

અર્થ—" જો કોઈ અત્યંત દુરાચારી હોય તથાપિ તે મારી અનન્ય ભક્તિ કરે તો તેને સાધુજ માનવો તથા તેણે જે નિશ્ચય કર્યો છે તે ઉત્તમ છે, એમ સમજવું; કેમકે મારી ભક્તિ કરવાથી તે દુરાચારી મટીને થોડાજ કાળમાં ધર્માત્મા થાય છે અને સદાકાળની શાંતિને પામે છે. હે અર્જુન ! મારો ભક્ત કદાપિ નાશ પામતો નથી, એમ તારે નક્કી સમજવું. જે કોઈ પાપી જાતિમાં ઉત્પન્ન થયો હોય તે, સ્ત્રીઓ, વૈશ્ય અને શૂદ્રો પણ જો મારો આશ્રય કરે છે તો તે ઉત્તમ ગતિ પામે છે, તો પછી પવિત્ર બ્રાહ્મણો અને રાજર્ષિઓ મારા ભક્ત થઇને ઉત્તમ ગતિ પામે એમાં તો આશ્ચર્યજ શું છે? એટલા માટે નાશવંત તથા દુઃખના ભરેલા આ લોકમાં તારો જન્મ થયો છે તો તું મારી ભક્તિ કર.

૨૮ લોકો પાપાચરણ કરનારા છે તથાપિ પરમેશ્વર તેમના પર

દ્રુતવિલંબિત.

નરપ્રબોધન પંચશતી ધરી,
દ્રુતવિલંબિત વૃત્તવડે કરી;
દ્વિતીય સર્ગ કહ્યો રતનેશ્વરે,
સબળ સા'ય કરી પરમેશ્વરે. ૨૯

इति श्रीप्रबोधपंचाशिकायां द्वितीयः सर्गः ॥ २ ॥

કેટલો દયાળુ છે તે વર્ણે છે: જોની ઈ૦–કૃપાના સાગર રૂપ ભગવાને તારે માટે કેવી રચના કરી છે, તે તું જોતો ખરો! શી કૃપા કરી છે, તે બતાવે છે: ધૂમ ઇ૦–શ્રીવરે (લક્ષ્મીપતિએ) ધૂમ (ધૂમાડો–વરાળનાં વાદળાં), જ્યોતિ (તેજ અને અગ્નિ—સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર વગેરે), સમીર (વાયુ), વારિ (પાણી) એ સઘળાં તારે અર્થે ટોળે કર્યાં છે–નિર્મ્યાં છે. વળી સિંધુથી (સમુદ્રમાંથી) વરાળ રૂપે ઘનને (મેઘને) ગગને ચઢાવી (આકાશમાં લેઇ જઇને) તે મધ્યે (તે મેઘનાં વાદળાંમાં) અંબુ (પાણી) ભરીને—અર્થાત્ વાયુરૂપ વાદળાંમાં પાણી ઉત્પન્ન કરીને તેને (પૃથ્વી પર) વર્ષે છે–વરસાવે છે! એવા ઇશ્વરના તે પ્રેમને વિસરીને તુ તેના પ્રત્યે કૃતઘ્ન કેમ થયો?—તેનો તારા પ્રત્યે પ્રેમ જોતાં છતાં તુ સામો પ્રેમ કેમ કરતો નથી? 'પ્રત્યે' ને ઠામે 'પીતાં' એવો પણ પાઠ છે.

૨૯ નરપ્રબોધન ઇ૦—નરને પ્રબોધન કરનારી પંચશતી (પચાસ શ્લોકની સંખ્યા) મનમાં ધરીને—પચ્ચાસ શ્લોકનું કાવ્ય રચવું એવી ધારણાથી, દ્રુતવિલંબિતવૃત્તવડે કરીને રત્નેશ્વરે આ બીજો સર્ગ કહ્યો; અને તે કહેવામાં પરમેશ્વરે સબળ સહાય કરી—અર્થાત્ ઇશ્વરદત્ત-બુદ્ધિવૈભવથીજ આ રચના થઇ છે. આ છેલ્લા વાકયથી કવિએ ઇશ્વર પ્રતિ પોતાની અનન્ય ભક્તિ ધ્વનિત કરી છે.

સર્ગ ૩ જો.

માલિની વૃત્ત.

નિશદિન મન મધ્યે રાખજો રામનામ,
અભયપદ વિધાતા એક છે શ્યામધામ;
યદુપતિપદ સેવી કાપજો કામ દામ,
ચરણ ભગતિ મૂકી, શે કરો વામ કામ? ૧
નિજ કરમની મધ્યે છે લખ્યો લેખ જેવો,
કનકગિરિગુહામાં પામશો લાભ તેવો;
મૃગ વન મહીં જીવે આપણે કોણ કેવો,
અશનવસનનો આયુષ્યથી લાભ લેવો! ૨

---

૧ માલિનીવૃત્ત—ન ન મ ય ય. પાછલા બે સર્ગમાં સંસારની દુઃખરૂપતા તથા વિનશ્વરતા વર્ણીને વૈરાગ્યનો બોધ કર્યા પછી હવે ઈશ્વરભક્તિનો ઉપદેશ કરે છેઃ નિશદિન ઈ૦—રાતદિવસ મનમાં રામનું નામ રાખજો, કેમકે શ્યામધામ (શ્યામવર્ણના શરીરવાળો)—ઈશ્વર એ એકજ અભયપદનો વિધાતા (નિર્ભયપદવીનો આપનાર) છે. યદુપતિ (યાદવોના પતિ શ્રીકૃષ્ણ પરમાત્મા)નાં પદ (ચરણ) સેવીને કામવિકારને તથા દામ(ધનના લોભ) ને—અર્થાત્ કામને તથા લોભને કાપજો. પણ પરમેશ્વરના ચરણની ભક્તિ મૂકીને વિષયાદિકના સેવનરૂપ વામ (આડાં-વાંકાં) કામ શે કરો છો? વામ—'વ્યર્થ' એવો પણ પાઠ છે.

૨ કોઇ કહેશે કે કામદામ વગેરેને તજીને ઈશ્વરના ચરણની ભક્તિ તો કરિયે, પણ દેહનિર્વાહ શાથી કરવો? તે વિષે કહે છેઃ નિજ ઈ૦ કનકગિરિ ગુહામાં—સુવર્ણના મેરૂ પર્વતની ગુફામાં. ભર્તૃહરિ પણ કહે છે કેઃ—

અજગર વનવાસી ઈશ વિશ્વાસ રાખે,
ઉદરભરણુ સાહે તેજ આયાસ પાખે;
ત્યમ મન વશ રાખો સર્વ સંકલ્પ નાખો,
અનુપમ રસ ચાખો, કૃષ્ણુ કૃષ્ણેતિ ભાખો. ૩

"यद्धात्रानिजभालपट्टलिखितं स्तोकं महद्वा धनं ॥
तत्प्राप्नोति मरुस्थलेपि नियतं मेरौ ततो नाधिकम् ॥
तद्धीरो भव वित्तवत्सु कृपणां वृत्तिं वृथा मा कृथाः ॥
कूपे पश्य पयोनिधावपि घटो ग्रह्णाति तुल्यं जलम् ॥"

અર્થ—"વિધાતાએ પોતાના નસિબમાં જે થોડું કે ઘણું ધન મળવાનું લખ્યું છે તે ઉજડ રણુમાં પણુ મળે છે, અને મેરૂ પર્વત ઉપર જવાથી તેથી વધારે મળતું નથી; એમ જાણીને ધીરજ રાખ, તથા ધનવાનની પાસે જઇને દીન થઇને વર્તીશ નહિ. ઘડાને કૂવામાં બોળો કે સમુદ્રમાં બોળો પણુ ઘડાના માપ પ્રમાણેજ તેમાં પાણી આવે છે–સમુદ્રમાં બોળવાથી કાંઇ વધારે પાણી આવતું નથી. મૃગ ઇ૦—જો જીવિતવડે અશનનો (ખાવાનો) અને વસનનો (પહેરવાનો)જ લાભ લેવો એજ માત્ર કર્તવ્ય હોય તો વન મહીં (વનમાં) મૃગ (પશુ) પણુ જીવે છે. ત્યારે આપણો (મનુષ્યનો) લાભ કોણુ અને કેવો છે? અર્થાત્ ઇશ્વિરભક્તિ એજ મનુષ્યનું મુખ્ય કર્ત્તવ્ય છે.

૩ કયાં પશુ વનમાં રહીને વગર પ્રયાસે જીવિકા મેળવે છે? એમ પૂછનારને કહે છેઃ અજગર ઇ૦—વનવાસી અજગર ઇશ (પરમેશ્વર) નો વિશ્વાસ રાખે છે, તો તે આયાસ પાખે (શ્રમ વિના) ઉદર ભરણુ સાહે છે–ગ્રહણુ કરે છે, અર્થાત્ મેળવે છે. ઉદરભરણુ માટે તમે મનને વશ રાખો અને સર્વ સંકલ્પ (ઉદરભરણુ કેમ થશે, એ વિષેની કલ્પનાઓ) નાખો (દૂર તજી દો) અને સંકલ્પ તજવાવડે મળતો

નિખિલ નિગમ બોલે, કો નથી કૃષ્ણુ તોલે,
સહકૃતિ ફળ મોલે, આકનાં શીદ તો લે?
મદનમદથી માતો, અંગના રંગ રાતો,
જનમ જનમ ધાતો, કાં ફરે ધૂળ ખાતો? ૪
જપ તપ વ્રત કીધે ને મહાદાન દીધે,
સુરનદી જળ પીધે, જેટલું પુણ્ય સીધે;
અધિક સુકૃત તેથી, છે હરિનામ લીધે,
શ્રમવિણુ સુખ આપે, કર્મના બંધ કાપે. ૫

શાંતરૂપ અનુપમ રસ ચાખો તથા હે કૃષ્ણુ, હે કૃષ્ણુ, એ પ્રમાણે ભાખો. અર્થાત્ મનને સ્થિર કરીને હરિની ભક્તિ કરો.

૪ ઇશ્વરભક્તિ તજીને વિષય સેવવા એ ભૂલ છે, એમ વર્ણે છેઃ નિખિલ ઇ૦ નિખિલ–બધા. નિગમ—વેદ. કૃષ્ણુ—પરમાત્મા. વિષયને અને ઇશ્વરભક્તિને સરખાવે છે. સહકૃતિ ઇ૦—સહકૃતિ (સહકાર) નાં—આંબાનાં ફળ મોલે (મૂલવાય છે) તો (ત્યાં આગળ) તું આકનાં (આકડાનાં) ફળ શું કરવા લે છે? અર્થાત્ ઇશ્વરભક્તિ આંબાના ફળ જેવી મિષ્ટ અને હિતકર છે તેને છોડીને તું કડવાં અને અહિતકર આકડાનાં ફળ જેવા વિષયને શા માટે ઇચ્છે છે? મદન ઇ૦—મદન (કામના) મદથી માતો (મત્ત) થયેલો અને અંગના (સ્ત્રી)ના રંગમાં રાતો (રક્ત–પ્રીતિવાળો) થયેલો તથા વિષયસુખને માટે જનમ જનમ ધાતો, એવો તું હજી પણુ કાં ધૂળ ખાતો ફરે છે? અર્થાત્ વિષયરૂપી ધૂળ શું કરવા ખાય છે? મતલબ કે વિષયપ્રીતિ તજીને ઇશ્વરભક્તિ કર.

૫. હરિનામસ્મરણુ રૂપી ભક્તિનું માહાત્મ્ય વર્ણે છેઃ જપ ઇ૦. સુરનદી—ગંગા. સીધે—સિદ્ધ થાય. સુકૃત—પુણ્ય. શું અધિક સુકૃત છે તે બતાવે છેઃ શ્રમવિણુ ઇ૦—જપ, તપ, વ્રત, દાન અને તીર્થ

હરિભજન કરોને સર્વ કો એમ કે'છે,
હરિભજન કરંતા મુક્તિ નિશ્ચે લહે છે;
શ્રવણયુગલ ફૂટયા કે પડયા છો વખૂટા?
તમ શુભ ગુણ શાનો? વેદ કર્ણી વમાનો. ૬
ઉપનિષદ પ્રમાણે નેતિ નેતિ વખાણે,
નવ વચન વિયોગી, કોઇ જાણે ન યોગી;
સહજ દુરિત નાસે, સદ્ય ભાસે મુરારિ,
કલિયુગજન કેરૂં, ભાગ્ય જો જો વિચારી. ૭

(ગંગાનદીનું જળપાન કરવા જવા રૂપ), એ સર્વ શરીરને શ્રમ આપ્યા વિના બને એવાં નથી; પણ નામસ્મરણ તો મનમાં ચિંતન માત્ર કરવાથી થાય છે, માટે તે વગરશ્રમે સુખ આપે એવું છે? કર્મના ઇ૦—અનેક જન્મે કરીને અનેક શુભાશુભ કર્મ કરવાથી ઉત્પન્ન થયેલાં પુણ્ય પાપ રૂપી બંધનને તે કાપે છે—અર્થાત્ મુક્તિ કરે છે.

૬ ઉપદેશ સાંભળતાં છતાં જેઓ તેને માનતા નથી તેમને ઉદ્દેશીને કહે છે. શ્રવણ ઇ૦. શ્રવણ-કાન. યુગલ-બે. કે ઇ૦—કે તમે સંતસમાગમથી અથવા સદ્વિચારથી વખૂટા પડ્યા છો? તમ ઇ૦—તમે જો વેદકર્ણી (વેદ કરણી—વેદમાં કહેલાં આચરણ)ને વમાનો (અવમાનો) તો તમારો શુભ ગુણ શાનો? અવમાનો ને ઠામે વમાનો લખ્યા છે, તે સંસ્કૃત ભાષાને અનુસરીને અકારનો લોપ કર્યો જણાય છે. "સંસ્કૃત ભાષામાં **અવ** ઉપસર્ગના **અ**કારનો લોપ કોઈ જગોએ કરવામાં આવે તેનો દોષ ગણવો નહિ, એવું ભાગુરિ વગેરે વિદ્વાનોનું મત છે. કાલિદાસ પણ કુમારસંભવમાં—"**पूर्वापरौ तोयनिधी वगाह्य**" અહીં **અવગાહ્ય** ને ઠામે **વગાહ્ય** લખે છે, તે પણ એજ મતને અનુસરીને.

૭ ઉપનિષદ ઇ૦—જેને ઉપનિષદ પ્રમાણ કરે છે અને જે નેતિ

જનમ મરણુ જોટો, સર્વ સંસાર ખોટો,
દિન દિન વય ખૂટે, કાળના દૂત લૂંટે;
સુણુ શઠ કહું સાચું, તાહરે પાસ જાચું,
ભવદવભય ભાગે, (જો) રામ શું રંગ લાગે. ૮
જનમ જનમ ભુંડાં ભોગવ્યાં દુઃખ મોટાં,
ધન તન યશ નારી, નીવડ્યાં સર્વ ખોટાં;

નેતિ (તે આ નહિ, તે આ નહિ), એમ કહીને વખાણે છે અર્થાત્ જે વસ્તુતઃ અલક્ષ્ય હોવાથી દૃશ્ય વસ્તુમાંથી નામ રૂપનો નિરાશ કરીનેજ માત્ર ઓળખાવી શકાય એવો છે. કોઈ વિયોગી (યોગનો—વિયોગી અર્થાત્ ભોગી—સંસારી) જેનું વચન નવ જાણે—જેને કહી કે બતાવી શકે નાહ, તેમ કોઈ યોગી પણ જેને જાણે નહિ; એવો મુરારિ કલિયુગમાં સદ્ય ભાસે (થોડા ધ્યાનાદિક પરિશ્રમથી તત્કાળ જોવામાં આવે છે) અને તેથી સહજ દુરિત (પાપ) નાસે છે! અહો! કલિયુગના જનનું ભાગ્ય કેવું મોટું છે, તે તમે વિચારી જો જો!!

૮ જનમ ૰—જેમાં જન્મ અને મરણનો જોટો છે એવો આ સર્વ સંસાર ખોટો છે—દુઃખદાયક છે. "જનમ તરજ મોટો" એવો પણ પાઠ છે, તે પક્ષે, જેમાં જન્મ રૂપી મોટો તરજ (ત્રાસ-ભય) છે, એવો સર્વ સંસાર ખોટો છે. 'જનમાં તરજ મોટો' એવો પણ એક પ્રતમાં પાઠ છે. સંસારમાં બીજું શું ખોટું છે તે બતાવે છેઃ દિન દિન ૰—(દિવસે દિવસે વય આયુષ્ય) રૂપી ધન ખૂટે છે. તે કોણ લેઈ જાય છે? કાળના ૰—(કાળના દૂત દિવસ, રાત્રી, માસ, ઋતુ, વર્ષ) વગેરે તેને લૂંટે છે. ભવ ૰—જો તને રામની સાથે રંગ લાગે તો ભવ રૂપી દવ (દાવાગ્નિ)નો ભય ભાગે. મતલબકે હરિભજનથીજ સંસારના દુઃખમાંથી છૂટાય છે માટે પરમેશ્વરને ભજ.

ક્ષણું પણ નવ તેથી, સાર પામ્યો વિશેખી,
ભુજગભરિત કૂપો કાં પડે દષ્ટ દેખી? ૯
મ પડ મ પડ પાપી, શું થયો છું સુરાપી,
વિષય લગન વ્યાપી, કોણે એ બુદ્ધિ આપી?
હરિભજન વિના એ સર્વ ભામા ભમાવા,
હરિપદ ભજ બાવા! જન્મનાં દુઃખ જાવા. ૧૦

---

૯ સંસારમાં સુખ ભોગવી રહ્યા પછી હરિભક્તિ કરીશ, એમ કહેતો હોય તો, જનમ ઇ૦—તેં જનમ જનમ (પ્રત્યેક જન્મે) ભુંડાં અને મોટાં દુઃખ ભોગવ્યાં છે, તથા ધન, તન, યશ અને નારી એ સર્વે ખોટાં (મિથ્યા—ક્ષણભંગુર કે દુઃખદ) નીવડ્યાં છે. તેમનાથી તું ક્ષણું (એક ક્ષણવાર) પણ વિશેખી (વિશેષવાળો—જેમાં કાંઇ તત્વાર્થ રૂપ સાર હોય તેવો) સાર પામ્યો નથી. અર્થાત્ જે સુખ તું ભોગવવા ધારે છે તે વસ્તુતઃ સુખ નથી પણ દુઃખ છે અને તેનો તેં અનેક જન્મ સુધી અનુભવ પણ કર્યો છે, અને તે ઉપરથી હું કહું છું તે સત્ય છે કે, એ સંસાર એ ભુજગભરિત (વિષયરૂપી સાપથી ભરેલો) કૂપો (કૂવો) છે, તેને તું દષ્ટ (દષ્ટિએ) દેખીને તેમાં કાં (શા માટે) પડે છે? મતલબ કે દુઃખરૂપ સંસારનો અનાદર કર.

૧૦ મ પડ ઇ૦—હે પાપી! એ સંસાર રૂપી કૂવામાં તું મ પડ, મ પડ—ન પડીશ, ન પડીશ. હું ના કહું છું અને તું તેને દુઃખ રૂપ જાણે છે એમ છતાં પણ તેમાં પડે છે, તો તું શું સુરાપી (મદ્ય પીનારો), થયો છે? અર્થાત્ જેમ મદ્ય પીનારો જાણ્યા છતાં પણ મદ્યના મદથી અકૃત્યમાં ફસાય છે, તેમ તું પણ મોહથી સંસારમાં પડે છે—તેમાં આસક્ત થાય છે. વળી તું વિષયની લગનીમાં વ્યાપી રહ્યો છું—વિષયમાં સંલગ્ન થયો છું, પણ તને એ બુદ્ધિ કોણે આપી છે? અર્થાત્ એ બુદ્ધિ તારૂં હિત કરનારી નથી. ભામા—ભ્રમ.

મન સદન હરિનું શું જડે બા'ર જોતે?
પરગટ થઇ ગોતે મેં કહ્યું હુંજ ખોતે;
ઘટ પટ મઠ જોતે, એકનો એક પોતે,
નિજ મનમળ ધોતે, બ્રહ્મનું રૂપ ધોતે. ૧૧

---

૧૧ તમે હરિ ભજવાનું કહો છો, પણ તે મને અહીં આટલામાં દેખાતો નથી, તો હું તેને શોધી કાઢીને ભજીશ. એમ કહેનારને ઉપદેશ કરે છેઃ મન ઇ૦—હરિનું સદન (ઘર) મન છે, તો બહાર જોતાં તને શું જડવાનું છે? અર્થાત્ હરિ પ્રાણી માત્રના અંતરમાં વ્યાપી રહ્યો છે. શ્રીમદ્ભગવદ્ગીતામાં પણ કહ્યું છે કે, "**अहमात्मा गुडाकेश सर्वभूताशयस्थितः**" "હે અર્જુન! સર્વે પ્રાણીઓના અંતરમાં રહેલો આત્મા હું છું."

શ્રીમચ્છંકરાચાર્ય પણ ઇશ્વરની સ્તુતિ કરતાં એક સ્થળમાં કહે છે કે,—

"**तीर्थाटनै र्व्यापकता हता ते, ध्यानेन चेतःपरता हता ते ॥**
स्तुत्यानया वाक्परता हता ते, ममापराधत्रितयं क्षमस्व ॥"

અર્થ—"હે દેવ! હું અનેક તીર્થે ફર્યો અને તેમ કરીને તું જે સર્વત્રવ્યાપક છે, તે તારી વ્યાપકતાની મેં અવગણના કરી; તું મનવડે પણ જાણી શકાય એવો નથી, એમ છતાં પણ મેં તારૂં ધ્યાન કરીને તારી તે મહત્તાની પણ મેં અવગણના કરી; તેમજ તું વાણીથી વર્ણાય નહિ એવો છે, એમ છતાં પણ તારી સ્તુતિ કરીને તારી વાક્યપરતાની મેં અવગણના કરી. હે દેવ! એ મારા ત્રણ અપરાધ ક્ષમા કર. અર્થાત્ હરિ બહાર જોતાં જડે એવો નથી. ત્યારે એ શી રીતે જડે? પરગટ ઇ૦—તું પોતેજ તે આત્મા પ્રગટ છે એમ છતાં તેને શોધે છે? હું શી રીતે આત્મા છું? મેં ઇ૦—કવિ કહે છે કે, મે કહ્યું છે કે 'હું' ખોતે, આત્મા પ્રકટ જણાશે. અર્થાત્ તારામાં જે

ઉપજાતિ.

ઉપાધિના ભેદ સમસ્ત જાશે,
તો જીવ એ બ્રહ્મવિષે સમાશે;
ફૂટે ઘટે માૠત મધ્ય જેવો,
ઉપાધિમાં ઈશ્વર એક તેવો. ૧૨

ચેતન છે તે આત્મા છે. તે ચેતનમાં તું હું (અહંકાર)નું મિશ્રણુ કરીને તેને (પોતાને) જીવ માને છે. એ 'હું' નો તું ત્યાગ કર, એટલે બાકી રહેલું શુદ્ધ ચૈતન્ય એ આત્મા છે. એ આત્મા એજ હરિ છે. આત્માનું વ્યાપકપણું વર્ણે છેઃ ઘટ ઇ૦—તે આત્મા સત્તા રૂપે ઘટ, પટ, મઠ એ સર્વમાં એકનો એકજ છે. અથવા જેમ અનેક ઘટમાં તેનું કારણુ મૃત્તિકા એક છે, અનેક પટમાં તેનું કારણુ તંતુઓ એક છે, અને અનેક મઠમાં વ્યાપી રહેલું આકાશ એક છે, તેમ સર્વ પદાર્થ માત્રમાં પરમ કારણુ રૂપે પરમાત્મા રહેલો છે. એવું આત્મા રૂપી બ્રહ્મનું રૂપ શી રીતે જણાય તે કહે છે. નિજ ઇ૦—પોતાના મનનો અહંકાર અને સંકલ્પ રૂપી મળ ધોવાથી ઉપર કહ્યું તેવું બ્રહ્મનું રૂપ ઘોતે (પ્રકાશે છે) મતલબ કે હરિ ભક્તિરૂપ સાધનથી નિર્મળ થયેલા મનમાં આત્માનો સાક્ષાત્કાર થાય છે. પણુ વિષયાદિકથી વ્યગ્ર મનમાં સાક્ષાત્કાર થતો નથી.

૧૨ ઈશ્વરની ભક્તિરૂપ ઉપાસનાવડે નિર્મળ થયેલા અંતઃકરણુમાં બ્રહ્મજ્ઞાન સ્થિર થવાથી શું થાય છે તે સ્પષ્ટપણે કહે છેઃ ઉપાધિ ઇ૦—જ્યારે નામ રૂપાદિક ઉપાધિના સમસ્ત ભેદ નાશ પામશે ત્યારે જીવ બ્રહ્મમાં સમાશે—જીવ એજ બ્રહ્મ થશે, જીવ અને બ્રહ્મનો ભેદ માત્ર ઉપાધિથી થયેલો છે. જેમ ઘડામાંનો વાયુ અને બહારનો મહાન્ વાયુ એ બેની વચ્ચે ઘડા રૂપ ઉપાધિ છે. જ્યારે તે ઘડો

પ્રબોધ પંચાશિતિકા પ્રમાણી,
રત્નેશ્વરે સાર ક્રમે વખાણી;
ત્રીજો કહ્યો સર્ગ સુમગ્ન થાવા,
અલ્પજ્ઞને અચ્યુત નામ ગાવા. ૧૩

इति श्रीप्रबोधपंचाशिकायां तृतीयः सर्गः ॥ ३ ॥

ફૂટે છે ત્યારે ઉપાધિ દૂર થવાથી તેમાંનો વાયુ મહાન્ વાયુ સાથે એક થાય છે તેમ ઉપાધિ દૂર થવાથી સર્વત્ર એક ઇશ્વર ભાસમાન થાય છે.

૧૩ ક્રમે ઇ૦—પ્રબોધપંચાશિતિકાના ત્રણ સર્ગમાંથી પ્રથમ સંસારની ક્ષણભંગુરતા વર્ણીને આત્માનું અવિનાશિત્વ બતાવ્યું તેથી વિવેક નામ વેદાંતશાસ્ત્રોક્ત અનુબંધન કથન કર્યું. પછી બીજા સર્ગમાં સંસારનું દુઃખ વર્ણીને સંસાર સુખમાં વિરસતા દેખાડી વૈરાગ્યનું કથન કર્યું. વિવેક અને વૈરાગ્યથી યુક્તથયેલા પુરૂષને હરિભક્તિ રૂપ ઉપાસનાનું સાધન બતાવી ચિત્તની એકાગ્રતા સંપાદન કરતાં શીખવ્યું, અને છેવટે જીવ બ્રહ્મભેદ ઉપાધિથી થયેલો છે, એમ બતાવી જીવબ્રહ્મની એકતા કરી બતાવી. એવા ક્રમથી આ પ્રબોધપંચાશિતિકા રત્નેશ્વરે સારરૂપ વખાણી છે—વર્ણી છે. એનો ત્રીજો સર્ગ સુમગ્ન થાવા (પરોક્ષ જ્ઞાનીઓને સાક્ષાત્કાર કરાવી બ્રહ્મ રૂપમાં સારી રીતે મગ્ન કરવાને) કહ્યો છે. અને જે અલ્પજ્ઞ છે—સાધક દશામાં છે, તેમને અચ્યુત (અવિનાશી) ઇશ્વરનું નામ ગાવા—હરિકીર્તન કરી અંતઃકરણની શુદ્ધિ સંપાદન કરવાનો ઉપદેશ કરવાને આ ત્રીજો સર્ગ કહ્યો છે.

(૨) વૈરાગ્યલતા.

સ્તબક ૧ લો.

માલિની વૃત્ત.

મ કર નર અરિષ્યા અન્યકેરી અજાણુ !
પરહર પરનિંદા આપકેરૂં વખાણુ;
સમર સમર મંદ ! સચ્ચિદાનંદ રૂપ,
તર તર હર સેવી દુષ્ટ સંસારકૂપ. ૧

મનુષ્ય જનમ તારે રત્ન હાથે ચઢયું છે,
જનમ જનમ સાથે મર્ણુ માથે મઢયું છે;

---

૧ મકર–નકર. અરિષ્યા—ઈર્ષ્યા. પરહર ઈ૦—પારકી નિંદા અને પોતાની સ્તુતિ, એ બન્ને વાનાંનો ત્યાગ કર. સમર ઇ૦—હે મંદ ! (મંદ બુદ્ધિવાળા) ! સચ્ચિદાનંદના રૂપનુ સ્મરણ કર, તથા હરને સેવીને દુષ્ટ એવા સંસારના કૂવાને તરી જા–અર્થાત્ એ કૂવામાં ડૂબીશ નહિ. 'મંદ'માનો અકાર લઘુ છે, પરંતુ સંબોધનને લીધે ગુરૂ થઈ શકે છે; માટે વૃત્ત દોષનહિ ગણાય. અને એજ રીતે પેહેલાં બે ચરણના છેલ્લા અક્ષરો પણ લઘુ છતાં વિકલ્પે ગુરૂ ગણી શકાશે. જેમ, **"संयुक्ताद्यं दीर्घं सानुस्वारं विसर्गसंमिश्रम् । विज्ञेयमक्षरगुरुं पादांतस्थं विकल्पेन–"** જોડાક્ષરની પહેલાંનો, દીર્ઘ, અનુસ્વારવાળો, વિસર્ગવાળો, અને વિકલ્પે ચરણને અંતે રહેલો, એવો જે અક્ષર હોય તેને ગુરૂ જાણવો. "–**શ્રુતબોધ.**

હરિ ભજનજ કીજે પારકું શું પડયું છે ?
સમજ સમજ આવું, અંત આવી અડયું છે. ૨
ધન તન તનુ જાયા માંડ માયા ભરાયો,
નર પરસુખ દેખી શીદ હીંડે હરાયો ?
નિજ મન ધન્ય માને માલ પામી પરાયો,
તન ધન સુખ સીમા ભોગવી કોણ ધ્રાયો ? ૩

---

૨ મનુષ્ય જન્મ ઇ૦—મનુષ્ય જન્મ એ રત્ન જેવો છે. કેમકે તેવડે સૌથી મોંઘો મોક્ષ મળી શકે છે. એ રત્ન તો છે પણ નાશવંત છે માટે તે વડે જલદી મોક્ષ મળવી લેવો એમ કહે છે; જનમ જનમ ઈ૦—અર્થાત્ પ્રત્યેક જન્મે મરણ છે. તું કહેશે કે આખા જગતનું થશે તે મારૂંય થશે, માટે સૌ કોઈ ભક્તિ નથી કરતા તો હું શા માટે કરૂં? તે વિષે કહે છે: પારકું ઇ૦—તારે પારકાની શી પડી છે?—તું તારૂંજ સંભાળને! તું કહેશે કે એટલી બધી શી ઉતાવળ છે? તો અંત ઈ૦—છેવટે આવીને અટકી રહ્યું છે. મનુષ્ય જન્મ એ સૌમાં છેલ્લો મનાય છે. તે જન્મે મોક્ષ નહિ થાય તો પછી ચોરાશી લાખ જન્મ ધરવા પડશે માટે આ છેલ્લે જન્મે મોક્ષ મેળવી છૂટો થઈ જા.

૩ ધન ઈ૦—ધન, તન (પુત્ર), તનુ (શરીર), જાયા (સ્ત્રી), એ સર્વ માંડ (મિથ્યા) માયા છે, તેમાં તું ભરાયો, છે, પણ હે નર! પારકાનું સુખ દેખીને તે ઝુંટાવી લેવાને તું હરાયો થઇને શું કરવા હીંડે છે? કેમકે એ સર્વે માયા (ઇંદ્રજાળની પેઠે મિથ્યા દેખવા માત્ર) છે. તું પારકો માલ પામીને પોતાના મનમાં પોતાને ધન્ય માને છે, પણ વસ્તુગત્યા એ સર્વે વૃથા છે. કેમકે તન તથા ધનના સુખની સીમા આવતાં લગી તેને ભોગવીને કોણ ધ્રાયો છે?–કોણ તૃપ્ત થયો છે? અર્થાત્ ભોગ ભોગવી રહીને તૃપ્ત થયા પછી તેને છોડી દેઇશું એ બુદ્ધિ રાખવીજ નહિ. શ્રીમદ્ મહાભારતના આદિ પર્વમાં યયાતિએ કહ્યું છે કે:—

સુખદુઃખં સમ મૂકી દેહ આદ્યે ઘડ્યો છે,
ભવન ગહન અરણ્યે ભ્રષ્ટ ભૂલો પડ્યો છે;
અહંમમ મતિબંધે જીવ સાથે જડ્યો છે,
સબળ પ્રબળ માયા મોહ તેને ચડ્યો છે. ૪

" न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव पुनरेवाभिवर्द्धते ॥
यत्पृथिव्यां व्रीहियवं हिरण्यं पशवः स्त्रियः ।
एकस्यापि न पर्याप्तं तस्मात्तृष्णां परित्यजेत् ॥
याडुस्त्यजा दुर्मतिभिर्या न जीर्यति जीर्यतः ।
योऽसौ प्राणांतिको रोगस्तां तृष्णां त्यजतः सुखम् ॥"

અર્થ—" જેમ ઘી નાખવાથી અગ્નિ વધારે પ્રજળે છે તેમ કામનો ઉપભોગ કરવાથી કામ શાંત થતો નથી. પૃથ્વી ઉપર જે ધાન્ય, ધન, પશુઓ, અને સ્ત્રીઓ છે, તે સઘળું મળીને પણ એક માણસની તૃષ્ણા પૂરી કરવાને બસ નથી થતું, માટે તૃષ્ણા તજવી એજ શ્રેષ્ઠ છે. દુર્બુદ્ધિવાળાઓથી જે તજાતી નથી અને મનુષ્ય જેમ ઘરડો થાય છે તેમ તેની સાથે જે ઘરડી પણ થતી નથી; પરંતુ જેમ જન્મારાનો કોઈ મહાન્ રોગ પ્રાણ જતાંજ જાય છે તેમ આ તૃષ્ણા પણ મુવેજ છૂટકો કરે એવી છે. માટે એને તજાય તોજ સુખ થાય."

૪ કેવી સમજણ રાખે તો એ તૃષ્ણા તજાય તે કહે છેઃ સુખદુઃખ ઇ૦—દેહની રચના સુખ અને દુઃખ બન્ને સમાન મૂકીને થયેલી છે. તેમાં એકલું સુખ નથી હોતું તેમ એકલું દુઃખ પણ નથી હોતું. અર્થાત્ સુખદુઃખ દેહના ધર્મ છે માટે તે આવવાથી હર્ષવિષાદ કરવો નહિ. ભવ ઇ૦—એવો સુખદુઃખાત્મક દેહ ભવ (સંસાર)રૂપી ગહન અરણ્યમાં ભ્રષ્ટ થઇને ભૂલો પડ્યો છે—જ્ઞાન માર્ગથી ભ્રષ્ટ થયો છે

સમ વિષમજ સારા, જાય દ્હા'ડા તમારા,
સકળ દિવસ તેવા, કોયને નો'ય સારા;
ધન કનક સમૃદ્ધિ તે તુને મૂકી જાશે,
વિષય સુખજ રહેશે, તાહરો નાશ થાશે ! ૫

માટે ભૂલો પડ્યો છે. દેહ ભૂલો પડ્યો, તેમાં જીવને શું ? તો, અહં ઇ૦—અહં (હું) અને મમ (મારૂં), એવી મતિ (બુદ્ધિ) રૂપી બંધનથી જીવ તે દેહની સાથે જડ્યો છે. જીવ એમ માને છે કે એ દેહ તે હું છું તથા દેહના સંબંધી તે મારા સંબંધી છે. એવી ખોટી બુદ્ધિથીજ તે જ્ઞાન માર્ગથી ભ્રષ્ટ થઇને ભૂલો પડ્યો છે, તે વિષે કહે છેઃ સબળ ઇ૦—પ્રબળ માયાનો સબળ મોહ (કેફ) તેને ચઢ્યો છે. જેમ બહુ ચઢી જાય એવી માયા (ભાંગ) પીધી હોય તેનો મોહ જેને ચઢે તે ખરા માર્ગથી ભ્રષ્ટ થઇને ભૂલો પડે, તેમ મનુષ્ય પણ બળવાન એવી માયા ઇશ્વિરકૃત (ઇંદ્રજાળ)ના સબળ મોહથી સંસાર રૂપી અરણ્યમાં જ્ઞાનમાર્ગથી ભ્રષ્ટ થઇને જન્મમરણને માર્ગે ચઢી ભૂલો પડ્યો છે. આવું જ્ઞાન થાય ત્યારે તે તૃષ્ણા તજાય છે, એ સૂચ્યાર્થ છે.

૫. "चक्रवत् परिवर्त्तन्ते दुःखानि च सुखानि"—"દુઃખ અને સુખ ચક્રની પેઠે ફરે છે." એ સિદ્ધાંતનો અનુવાદ કરે છેઃ સમ ઇ૦—તમારા સારા (સકળ) દહાડામાંથો કોઈ દહાડા સમ (સરખા-સુખવાળા) જાય છે, અને કોઈ વિષમ (નહિ સરખા–દુઃખવાળા) જાય છે. તમારેજ નહિ, પણ સૌને તેવુંજ છે તે કહે છેઃ સકળ ઇ૦. ધન કનક—"જન જનક" પાઠાંતર. સમૃદ્ધિ–દોલત. વિષય ઇ૦—વિષયનું સુખ અહીં પડ્યું રહેશે અને તારો નાશ થશે! સમ વિષમજ ઇ૦—"સમ વિષમ સારા" પાઠાંતર. વષય સુખજ ઇ૦—" વિષય સુખ ન રે'શે" પાઠાંતર.

કઠણ દિવસ એવો આવશે એક વાર,
સકળ જગત મધ્યે દેખશે અંધકાર;
યમઅનુચર આવી ઘેરશે ગામ ભાઇ !
ઘણ મુદગર મારી કાઢશે કંઠ સા'ઇ. ૬

અતિશય દુઃખકેરો, આવશે દુષ્ટ દા'ડો,
સુતયુવતી કુટુંબી, કોઇ થાશે ન આડો;
યમપુર જઈ દેશો તે સમે શો જબાપ,
ધરમ નૃપતિ જ્યારે પૂછશે પુણ્યપાપ? ૭

---

૬ નાશ થશે ત્યારે શું થશે તે કહે છેઃ કઠણ ૦. કઠણ દિવસ–મૃત્યુનો દિન. દેખશે–તું દેખીશ. અંધકાર–(આંખો મીંચાવાથી). અનુચર–સેવક. ગામ–દેહરૂપી ગામ. ઘણ ૦—અને તને મુદ્દગરના ઘણ (ઘાણ) મારીને તારૂં ગળું પકડીને તને બહાર કાઢશે. મૃત્યુ સમયે કંઠમાં કફ ભરાવાથી શ્વાસ રોકાઇને મરણ થાય છે એ પ્રસિદ્ધજ છે. પુરાણમાં પણ કહે છે કેઃ—

"कृष्ण त्वदीयपदपंकजपंजरांते
ह्यद्यैव मे विशतु मानसराजहंसः।
प्राण प्रयाण समये कफपित्तवातैः
कंठावरोधनविधौ स्मरणं कुतस्ते।

અર્થ—"હે કૃષ્ણ ! તમારા ચરણ કમળ રૂપી પાંજરામાં આજ મારો મન રૂપી હંસ પ્રવેશ કરો; કેમકે પ્રાણ જતી વખતે જ્યારે વાતપિત્ત અને કફથી કંઠ રોકાવા માંડશે ત્યારે તારૂં સ્મરણ ક્યાં થશે ?"

૭ એજ મરણનો દિવસ વર્ણે છેઃ અતિશય ૦—દુઃખ કેરા-મૃત્યુ વેદનાયુક્ત. મરણ સમયે વેદના થાય છે તે વિષે લક્ષ્મીસહસ્રમાં લખે છે કે—"जननादिरोगमरणादिवेदनावरुणालयस्य तरणाय

અતિ સુખમય હૂતા, સ્વર્ણુની સેજ સૂતા,
સ્મરણુ સુકૃત પાખે, તેહ વાટે વગૂતા;
સુખ દુઃખ સહી રે'શો, મૂળગો મર્મ લે'શો,
હરિ હરિ મુખ કે'શો, સ્વર્ગમાં પાગ દેશો. ૮
સુસમૃદ્ધિ અધિકારિ તે ભણી શીદ જોય ?
પૃથિવી પવનકેરાં પૂતળાં સર્વ કોય;

का गतिः" જન્મ આદિક રોગ અને મરણુ આદિક વેદના રૂપી સમુદ્રને તરવાને કોને શરણે જાઉં." દુષ્ટ—મરણુ વેદના વગેરે દોષથી ભરેલો. કોઈ ઇ૦—કોઇ તે દિવસને રોકવાને આડો નહિ પડે—મરણુ અટકાવવામાં કોઇ સમર્થ નથી.

૮. આ લોકના વૈભવ થોડા કાળ સુધી ભોગવવાના છે માટે તેમાં આસક્ત થઇને પરલોક વિસરવો નહિ, એવો ઉપદેશ કરે છેઃ અતિ ઇ૦—આ લોકમાં તો તમે અતિ સુખમય હતા, અને સોનાની શય્યામાં સૂઈ રહેતા હતા, પણુ ઇશ્વિરસ્મરણુ રૂપી સુકૃત (પુણ્ય) વિના તેહ વાટે (પરલોકને માર્ગે) વગૂતા—ગૂંચવાયા. માટે જો આ લોકમાં સુખદુઃખને સમાન માની સહન કરશો—સુખદુઃખને પ્રારબ્ધનિર્મિત દેહના ધર્મ સમજીને હર્ષ વિષાદ નહિ કરો અને મૂળગો (મૂળ પ્રતિ જનારો—આદિ) મર્મ લહેશો—શા કારણુથી મને જન્મ મરણુ પ્રાપ્ત થયું છે અને તે શી રીતે તજાય એ વાત જાણુશો, તથા હરિસ્મરણુ કરશો તો સ્વર્ગમાં પગ મૂકશો—કલ્યાણુ પામશો. શ્રીમદ્દભગવદ્ગીતામાં પણુ કહે છે કેઃ—

"सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ।
ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि ॥

"સુખદુઃખ, લાભહાનિ, અને જયપરાજયને સમાન માનીને તારો યુદ્ધ રૂપી સ્વધર્મ આચર; એમ કર્યાથી તને પાપ લાગવાનું નથી.

અવનિશું અટવાશે આવર્યાં કાળ પાશે,
કૃપણુ કવણુ તારૂં તે થકી કામ થાશે ? ૯
તનુશું જકડી બાંધ્યો જીવ આયુષ્ય દોરે,
મલિન મૂૅષક મોટો કાળ તેનેજ કોરે;
ક્ષણુ ક્ષણુ ગુણુ ત્રૂટે, ત્યાં થકો જીવ છૂટે,
મૃનમય ઘટ ફૂટે, શ્વાન શિયાળ લૂંટે. ૧૦

---

૯ બીજા અજ્ઞાની જીવો માયામાં મસ્ત છે તે જોઇને તારે ભૂલાવો ખાવો નહિ, એમ કહે છેઃ સુસમૃદ્ધિ ઇ૦—અત્યંત સમૃદ્ધિના અધિકારી અથવા અત્યંત સમૃદ્ધિવાળા અને અધિકારવાળા મનુષ્યો તરફ તું શું કરવા જુએ છે ?—તેમને શું કરવા તું મોટા માને છે ? કેમ મોટા ન માનવા ? પૃથિવી ઇ૦—સર્વે કોઇ પૃથ્વી અને પવન વગેરે પંચ ભૂતનાં પૂતળાં છે, અને તેથી તેઓ પણ કાળના પાશથી આવર્યાં (ઢંકાયલા) હોઇને અવનિ (પૃથ્વી) સાથે અટવાઈ જશે. માટે હે કૃપણુ–કંગાલ ! તારૂં કયું કામ તેમનાથી થવાનું છે ? મતલબ કે ધનવાનોની ખુશામત છોડીને હરિભક્તિ કર; તેથીજ તને ઇચ્છિત ફળ મળશે.

૧૦ જીવને દોરડે બાંધેલા ઘડાનું રૂપક આપી વર્ણે છેઃ તનુ ઈ.—આયુષ્યરૂપી દોરે (દોર વડે) જીવને શરીર સાથે જકડીને બાંધ્યો છે. તે દોરને કાળરૂપી મોટા મલિન મૂષક (ઉંદર) કોરે છે—કાતરે છે, તેથી ક્ષણે ક્ષણે ગુણુ (દોરના તંતુઓ) ત્રૂટે છે એવી રીતે બધા તંતુઓ ત્રૂટવાથી ત્યાંથી જીવ છૂટે છે અને તેથી જેમ મૃનમય—મૃન્મય (માટીનો) ઘટ ફૂટે છે તેમ તે ફૂટી જશે અને શ્વાન તથા શિયાળની પેઠે યમદૂત તેને લૂંટી જશે. મૃનમયઘટ ફૂટે—" મરમય ઘટ ખૂટે " એવો પાઠ છે.

રતન જડિત પે'ર્યાં શુદ્ધ સુવર્ણ ઘાટ,
શયન સમય સેજે, પાથર્યાં ચીરપાટ;
જદપિ તું ધર અંગે, મૃત્તિકાનો વિકાર,
નરક ભરિત કાયા કાલકેરો શિકાર. ૧૧

મનમણિ નિત્ય મોટા ચોર ચોપાસ તાણે,
વિષય લગન નિદ્રા મગ્ન તે તું ન જાણે;
તુજ અવસર આ છે, જાગ રે! જાગ ભાઇ,
રિપુજય કર ધાઇ ખડ્ગ વૈરાગ્ય સાં'ઇ. ૧૨

---

૧૧ સુવર્ણ ઘાટ—સોનાના અલંકાર. સેજે-શય્યાએ. જદપિ ઇ૦—જદપિ (જો કે) તું તેને ભલે અંગ ઉપર ધારણ કર, પણ વસ્તુગત્યા તો તે મૃત્તિકાનોજ વિકાર છે; અને જે દેહ ઉપર તે અલંકાર તું ધારણ કરે છે તે કાયા નરકથી ભરેલી હોઇને કાળ રૂપી શિકારીનો શિકાર છે. મતલબ કે એવી નિંદ્ય તથા નાશવંત કાયાનો અભિમાન ધરી તેને શોભાવવાને યત્ન કરવો એ ભૂલ છે.

૧૨ મન મણિ ઇ૦—તારા મનરૂપી મણિને કામાદિક મોટા ચોર નિત્ય ચારે પાસે તાણે છે, પણ વિષયના લગન (લગ્ન લાગવું)—આસક્તિ રૂપી નિદ્રામાં મગ્ન થયેલો (ડૂબેલો) તું તે ચોરને જાણતો નથી. પણ હે ભાઇ! તું જાગ, જાગ; આ તારો અવસર છે—હમણાં મનુષ્ય દેહ પામીને તું તેમનો પરાજય કરી શકે એમ છે, માટે વૈરાગ્ય રૂપી ખડ્ગ હાથમાં ધારીને તું તે કામાદિક રિપુઓ ઉપર જય કર—મેળવ. મતલબ કે કામાદિક વિકારોથી સાવધ રહીને વિષયોમાંથી મનને પાછું વાળ. કામાદિક વિકારો મનુષ્યને ભૂલાવો ખવરાવીને તેના મનને કુમાર્ગે ચઢાવી દે છે તથા અકૃત્ય કરાવે છે માટે તેમને ચોર અને શત્રુની ઉપમા આપી છે.

ભવ કટક ફરે છે દ્રવ્ય સંતાન જાયા,
સુર અસુર અજાણે, સર્વ તેમાં સમાયા;
સબળ પ્રબળ સેના, નાયકા એક માયા,
કૃપણ ! કવણ તું જ્યાં દેવ આદિ વંચાયા. ૧૩
વશ કર મનને તું, વાર સંસાર જાતું,
વિષય વિકળ થાતું, છોકરૂં છાર ખાતું;
વિષય વિષય જાયે, ચિત્તનો એ સ્વભાવ,
તદપિ વદન મારી રાખ, તો એજ દાવ. ૧૪

---

૧૩ દ્રવ્ય, સંતાન (પુત્રાદિ), અને જાયા (સ્ત્રી) થી બનેલું ભવ રૂપી કટક (લશ્કર) ફરે છે, તેમાં સુર (દેવ) અને અસુર (દાનવ) એ સર્વ અજાણે સમાયા છે—આસક્ત થયા છે. તેમની ઇચ્છા તો તેમાં આસક્ત થવાની નથી, પણ અજાણે (અજ્ઞાનપણાથી) તેમાં સમાયા છે. અથવા સમાયા છે એટલે એ કટકથી પરાભવ પામી ગયા છે. એ સેના સબળ (મોટી) છે અને પ્રબળ (બળવાન) છે તથા તેની નાયકા (તે સેનાને ચલાવનાર મુખ્ય અમલદાર) માયા છે. અર્થાત્ માયાનિર્મિત સ્ત્રી પુત્ર અને ધનાદિમાં દેવ દૈત્ય મનુષ્ય સર્વે અજ્ઞાનથી આસક્ત થાય છે. પણ જ્યારે જ્ઞાન થાય ત્યારે તેઓ સમજે છે કે એ સર્વનો મારી સાથેનો સંબંધ મિથ્યા છે અથવા ક્ષણભંગુર છે.

૧૪ મનનો વિષયને વળગી જવાનો સ્વભાવ છે તેને જ્ઞાની પુરૂષે સમજીને અટકાવી રાખવું, એજ માત્ર ઉપાય છે, એમ વર્ણે છેઃ વશકર ઇ૦ સંસાર જતું—સંસારમાં જતું—જન્મ મરણ ધારણ કરતું. વિષયવિકળ થાતું-વિષયને દેખીને ગાંડું બની જતું. મન કેવું છે તે દૃષ્ટાંતથી વર્ણે છેઃ છોકરૂં ઇ૦—જેમ નાનું બાળક છાર (ધૂળ) ખાતું

યદ્યપિ સકળ લોકે દૃષ્ટ અન્યાય પાપી,
નરપતિ થકી લંડ ! છૂટતો દંડ આપી;
અધમ કરમ સાધો જોઈ એકાંત પેશી,
અધમતિ અપરાધી તેહની ત્યાં વલે શી ? ૧૫

હોય તેવું મન છે. ધૂળથી જેમ પરિણામે રોગાદિ થાય છે તે છોકરૂં સમજતું નથી. તેમ વિષયભોગથી જન્મ મરણ રૂપ સંસાર પ્રાપ્ત થાય છે તે મન સમજતું નથી. બાળકને જેમ વારી લાવે અને પાછું તે ધૂળમાં જતું રહે છે તેમ મન પણ વિષય વિષયેં (પ્રત્યેક વિષય) પ્રતિ જતું રહે છે, એ એનો સ્વભાવજ છે. પણ માબાપ જેમ છોકરાના મોંમાં તમાચો મારીને તેને વાળી રાખે છે, તેમ મનને પણ વિચાર રૂપ તમાચો મોંમાં મારીને રાખશો, તો એજ માત્ર તેને વાળી રાખવાનો દાવ છે; બીજી રીતે મન વિષયમાંથી ખળશે નહિ.

૧૫ આ લોકમાં તો તારાં પાપ ઉઘાડાં નહિ પડે, પણ પરલોકમાં અવશ્ય તેનાં ફળ ભોગવવાં પડશે એમ કહે છે: યદ્યપિ ઇ૦—યદ્યપિ (જો કે) સકળ લોકોએ જેનો અન્યાય દીઠો છે એવો પાપી તું છે, તથાપિ આ લોકમાં તો હે લંડ! તું દંડ આપીને નરપતિ થકી છૂટતો—રાજશાસનથી બચી જતો. અથવા, ઉઘાડાં પાપ જે તેં કર્યાં હોય તેનું શાસન તને રાજા કરે છે માટે તે પાપથી તો તું દંડ આપીને પણ ઉગરે છે, પરંતુ જે પાપ તું એકાંતમાં કરે છે તેનું શાસન તને રાજા કરતો નથી. એ છાનાં પાપનું શાસન તારે યમપુરીમાં ભોગવવું પડશે: અધમ ઇ૦—તમે એકાંત જોઈ તેમાં પેશીને અધમ કરમ સાધો, એવા અધમતિ (પાપવાળી બુદ્ધિવાળા) અને અપરાધી છો, તેની ત્યાં (યમપુરમાં) શી વલે થશે ?

ધમધમ દૂત આવે સે'જ અદ્ભુત વેશ,
રદન વદન મોટાં, ભીછરા ભૂરિ કેશ;
નયન અગનિ જ્વાળા, કૂર વિકાળ કાળા;
તમ શિર પર તોલંતા ભયંકાર ભાલા. ૧૬
મરણુ સમય જ્યારે તાણુશે કોશ સાહી,
સહુ સગપણુકેરી છૂટશે ત્યાં સગાઈ;
સહુ સુહ્રદ કુટુંબી, કોઇ દેખે ન તેને,
અનુભવી જન જાણે ઉપજે કષ્ટ જેને. ૧૭
ગહન તિમિર રૂઢાકાર પ્રાકાર માંહે,
નિજ જન દુઃખ ફે'વા, કોઈ દિસે ન ત્યાંહે;
કમળ નયન સેવા જો કરી હોય અઘ,
શબદ સુણુત આવી છોડવે કૃષ્ણ સઘ. ૧૮

---

૧૬ ત્યાં એટલે ક્યાં? તે કહે છે: ધમધમ ઈ૦—જ્યાં અદ્ભુત વેશ ધારણુ કરીને સેહેજ ધમધમ કરતા યમદૂત આવે છે. તે દૂત કેવા છે તે વર્ણે છે: રદન ઇ૦ રદન—દાંત. ભીછરા—ભુંડના જેવા (?) ભૂરિ—ઘણુા.

૧૭ તે યમદૂત શું કરશે તે કહે છે: મરણુ ઇ૦. કોશસાહી—અન્નમય, પ્રાણુમય, વગેરે કોશને પકડીને જ્યારે તેમાંથી તને ખેંચી કાઢશે, ત્યારે જે જે દેહનાં સગપણુ છે, તેમની સગાઈ છૂટી જશે. વારૂ તે દૂતો આવશે તેને મારાં સગાંવા'લા કેમ નહિ રોકે? તો, સહુ ઇ૦. સુહૃદ—વહાલા. અનુભવી—અનુભવ કરનાર—મરનાર.

૧૮ મરણુ સમયની અંધકારમય અવસ્થા વર્ણે છે. ગહન ઇ૦—ગહન તિમિર (અંધકારથી) રૂઢ થયેલા આકારવાળા પ્રાકાર (કિલ્લામાં)—કેવળ અંધકારવાળા પ્રદેશમાં અથવા કેવળ અંધકારમય સ્થિતિમાં

શાર્દૂલવિક્રીડિત.

વંધ્યાપુત્ર નભપ્રસૂન સરખી સંસારની સત્યતા,
મિથ્યા દૃશ્ય પદાર્થ, પૂરણુ હરિ વ્યાપી રહ્યો નિત્ય ત્યાં;
જૂઠે જોખમ ઉપજે નવ કશી વા નીપજે કામના,
માથે મર્ણુજ આવ્યું રે ચરણુ બે સેવો સદા શ્યામના. ૧૯

ત્યાં આગળ તારૂં પોતાનું દુઃખ કેહેવાને કોઈ તારો પોતાનો જન તને દેખાશે નહિ. આ દુઃખમય સ્થિતિમાંથી છૂટવાનો ઉપાય બતાવે છેઃ કમળનયન ઇ૦. કમળનયન—કમલ સમાન નેત્રવાળા શ્રીભગવાન.—અદ્ય—આજ—આ સાવધ અવસ્થામાં. શબ્દ ઇ૦—તો તે તારો દુઃખનો મનોમય શબ્દ સાંભળતાંજ તરત આવીને તને છોડવે.

૧૯ આખા સર્ગમાં કહેલા અર્થનો ઉપસંહાર કરે છેઃ વંધ્યા ઇ૦—જેમ વાંઝણીનો પુત્ર ત્રણે કાળમાં મિથ્યા છે, અને આકાશનું ફૂલ પણ ત્રણે કાળમાં મિથ્યા છે. તેમ સંસારની સત્યતા પણુ તેવીજ છે. અર્થાત્ સંસાર ત્રણે કાળમાં છેજ નહિ. ત્યારે આ દેખાય છે તે શું ? મિથ્યા ઇ૦—આ દૃશ્ય પદાર્થ મિથ્યા છે—ઝાંઝવાંના જળની પેઠે અથવા આકાશના રંગની પેઠે મિથ્યા છે. મિથ્યા કહ્યું એટલે કશુંજ નથી એમ માનવું નહિ. જો કાંઈ હોય નહિ તો કાંઈ ભાસ પણુ થાય નહિ. સત્ય દોરડીમાં જેમ મિથ્યા સર્પનો ભ્રમ તિમિરાદિ દોષને લીધે થાય છે, તેમ સત્ય બ્રહ્મમાં દૃશ્ય પદાર્થનો ભ્રમ માયાને લીધે થાય છે, દીવો આવવાથી જેમ તિમિરનો નાશ થાય છે, અને તેનો નાશ થતાં તેને લીધે થયેલા ભ્રમરૂપ મિથ્યા સર્પનો પણુ નાશ થાય છે અને સત્ય દોરડીજ માત્ર ભાસે છે, તેમ તત્વજ્ઞાન થવાથી માયાનો નાશ થાય છે અને તેથી દૃશ્ય પદાર્થનો પણુ નાશ થાય છે; અને જે કાંઈ જોવામાં આવે છે તે સત્ય બ્રહ્મ માત્ર જોવામાં આવે

ઇંદ્રવજ્રા.

જત્નેજ વૈરાગ્યલતા વખાણી, રત્નેશ્વરે અંતરયામી વાણી;
પે'લો થયો ગુચ્છ કવિત વીશ, તેમાં કહ્યા ઓળખવાજ ઈશ. ૨૦

॥ इति श्रीवैराग्यलतायां प्रथमः स्तबकः ॥१॥ सर्गः ॥४॥

સ્તબક ૨ જો.

ઉપજાતિ છંદ.

જીવે કરી હાર કમાણી સાહી,
ઠાલો થયો મૂરખ ખર્ચ ખાઇ;

છે. અને તેથી કવિ કહે છે કે; પૂરણ ઇ૦—ત્યાં (દૃશ્ય પદાર્થની જગોએ) પૂર્ણરૂપ હરિ (બ્રહ્મ) વ્યાપી રહ્યા છે—સત્ સ્વરૂપે અને ચિત્ સ્વરૂપે વ્યાપ્ત છે. જૂઠે ઇ૦—જેમ જૂઠા ઝાંઝવાંના જળથી ડૂબી મરવાનો ભય નથી, કે તૃષા મટવારૂપ કામ સરતું નથી, તેમ મિથ્યા દૃશ્ય પદાર્થથી સત્ય આત્માને કોઇ પ્રકારનું જોખમ નથી કે તેની કોઈ કામના પણ પૂર્ણ થતી નથી. મતલબ કે એવા મિથ્યા દૃશ્ય પદાર્થનો ભય શું કરવા રાખવો તથા તેમાં આસક્તિ પણ શું કરવા રાખવી? એવી રીતે સંસારનો ભય અને પ્રીતિમાં વૈરાગ્ય ઉત્પન્ન કર્યા પછી સત્ય વસ્તુ શી છે તે કહે છેઃ માથે ઇ૦. તત્વજ્ઞાન થયા પછી મરણનો ભયજ રહેતો નથી, એમ છતાં આ છેલ્લું ચરણ કવિએ અજ્ઞાનીઓને ઉદ્દેશીને કહ્યું છે.

૨૦. જત્ને—યત્નથી. અંતરયામી ઇ૦—જેમાં અંતરયામી (હરિ) તેને કહ્યા છે—તેના સંબંધી વર્ણન છે.

વરાટી વ્યાપાર વિષે ન લાધી,
કાં મૂળગી મૂરખ ખોટ ખાધી ? ૧
તુને મળ્યો કામ સમો હલાલ,
હલાલ હીણો અતિશે બલાલ;
તેણે કર્યું મૂરખ કૂડું સાટું,
ઘણું ભર્યું દ્રવ્ય ત્યહાંજ નાટું. ૨
દેવાળવા સર્વ દલાલ ડોશી,
પાસે રહ્યા દ્રવ્ય હરે પડોશી;
તે તું ન જાણે મળી મોહનિદ્રા,
વાધી ન વ્યાપાર વિષે કુમુદ્રા. ૩

---

૧ જીવે ઇ૦—પૂર્વ જન્મના કૃત્યરૂપી કમાણી સાહી (ગ્રહણ કરીને) જીવે હાર કરી–હાર ખાધી. અર્થાત્ પૂર્વ જન્મની સારી કમાણીથી મનુષ્ય જન્મ મળ્યો, પરંતુ તે જન્મે તે કમાઇ જાળવી શક્યો નહિ કે તેથી વધારે સારી કમાણી કરી શક્યો નહિ. "જીવ કરી કે'ર કમાન સાઈ" પાઠાંતર. વરાટી–કોડી લાધી–મળી. જન્મ રૂપ વ્યાપારમાં એક કોડી ભાર પણ સુકૃત થયું નહિ, એટલુંજ નહિ; પણ ઉલટાં દુષ્કૃત કર્યાં.

૨ શી રીતે ખોટ ખાધી તે બતાવે છે. તુ ને ઇ૦. હલાલ—હલાલ કરે એવો—મારી નાખે એવો. હલાલનો અર્થ 'હકનું–વાજબી' એવો છે, એમ છતાં ગળું કાપવાના અર્થમાં પણ એ શબ્દ વપરાય છે. જેમ 'તેણે બકરૂં હલાલ કર્યું' હીણો–નીચ. બલાલ--હરામ નીચ કર્મ કરનાર (?) કૂડું સાટું કર્યું—મનુષ્ય દેહનું અમૂલ્ય આયુષ્ય અર્પીને નાશવંત વિષયભોગ લીધો. દ્રવ્ય–આયુષ્યરૂપી કે સુકૃતરૂપી. કામભોગમાં ઘણું આયુષ્ય વીત્યું અથવા તેમાંજ ઘણા સુકૃતનો ક્ષય થયો.

૩ દેવાળવા–લેઇને પાછું ન આપે એવા. દલાલ–કામાદિક.

વાણોતરે વાત ઘણી અગાડી,
તુંને રહ્યા જોખમ તે લગાડી;
શો વાંક વાણોતરનો ક્ષિફૂટા ?
શામાટ મૂકયા શઠ તેહ છૂટા ! ૪

વખારમાં ખાતર જો પડે છે,
છાના સહુ ચોર તુને નડે છે,
તા'રે શિરે શેઠ સમસ્ત રે'છે,
તુંતો અલ્યા ફોકટ ભાર વે'છે. ૫

ડોશી—કાપડિયા દુકાનદાર. કામાદિક સર્વ એવા છે કે તેઓ આયુષ્ય રૂપી દ્રવ્ય હરે છે ખરા, પણ તે આયુષ્ય પાછું આપતા નથી કે તેને બદલે ખરો માલ પણ આપતા નથી. પડોશી—પાંચ વિષયો. વિષયો ભોગવવામાં પણ આયુષ્યરૂપી ઘણુંક દ્રવ્ય જતુ રહે છે. તે ૪૦—તે તું જાણતો નથી કેમકે તું મોહ રૂપી નિદ્રામાં ઉંઘે છે. બ્યાપાર—(જીવતર રૂપી). કુમુદ્રા—ખોટા પૈસો. વેપારમાં એક ફૂટી બદામ પણ વધી નહિ—કમાયો નહિ. અર્થાત્ જરાએ સુકૃત થયું નહિ.

૪ વાણોતરે—ઇંદ્રિયોરૂપી વાણોતરોએ. જોખમ ૪૦—ઇંદ્રિયો મનને વિષયમાં ખેંચી જઇને જીવને જન્મ મરણ રૂપી જોખમ લગાડે છે. ક્ષિફૂટા—અક્ષિ ફૂટા. 'વાણોતરનો' એ શબ્દને અંતે ઓ છે તેની પછીના 'અક્ષિમાંના अ નો સંસ્કૃત ભાષાના સંધિનિયમ પ્રમાણે લોપ કર્યો છે. એવો अકારનો લોપ પ્રેમાનંદે પણ કોઇ જગો કર્યો છે. નરસિંહ મેહેતાના એક પદમાં પણ અવગ્રહ ચિન્હ મૂકીને अ નો લોપ કર્યો છે. જેમ—"સથરૂં દહીં જામ્યુંઽતિ સુંદર, માખણુ સાકર સાથેરે" એમાં જામ્યુની પછી (ઽ) અવગ્રહ મૂકીને 'અતિ' ના अ નો લોપ કર્યો છે. છૂટા—સ્વતંત્ર—એકેદ.

૫ વખાર—આયુષ્ય રૂપી વખાર. ચોર—વિષય રૂપી અથવા

હીરો હરિ એક અમૂલ્ય ગ્રે'જે,
તે વો'રતાં વાદવિવાદ સે'જે;
જો તેહ હીરો ગ્રહી લેજ સાથે,
તો પાગ દે શેઠ સમસ્ત માથે. ૬
પૃથ્વી નભસ્તેજ સમીર નીર,
તેણે રચ્યું માણુસનું શરીર;
તે મધ્ય ત્યાં કોટિ વિકાર કીધા,
માયાતણા ત્યાં પટ મધ્ય દીધા. ૭

કામ, ક્રોધાદિક માનસિક વિકારો. તારે ઈ૦—મન વગેરે અંતઃકરણ અને ઇંદ્રિયો એ સર્વે તારા શેઠ થઇને રહે છે—તને પોતાના હુકમ પ્રમાણે વર્તાવે છે. તું તો ઇ૦ અને તું જે કહે છે કે 'હું કરૂં છું.' તે તો મિથ્યા છે.

૬ જીવતર રૂપી વ્યાપારમાં શી વોહોરવત કરવી તે શીખવે છે; હીરો ઈ૦. વાદવિવાદ—કોઇ હા કહે, કોઇ ના કહે, કોઇ તને ઠગાયો કહે, કોઇ તને મૂરખ કહે, તોપણ તે બધું સહન કરજે. પાગ દે—પગ મૂકે. મન ઇંદ્રિયો વગેરે બધા જે શેઠ થઇ બેઠા છે તે સૌને તું નમાવે-તે તારા કબજામાં રહે.

૭ હવે જીવને રાજા રૂપે વર્ણે છે: પૃથ્વી ઇ૦. નભસ્તેજ—નભ (આકાશ) અને તેજ (અગ્નિ). સમીર—વાયુ. નીર—પાણી તેણે—તે વડે—પંચભૂતથી. વિકાર—કામાદિ. પંચભૂતથી બનેલું શરીર એ નગર છે; તેમાં કામાદિ એ નગરજન છે; માયાના પટ દીધા છે—રંગ ચઢાવ્યા છે. દેહમાં જે ઇંદ્રજાળ જેવી ન સમજાય એવી રચના છે તે માયા છે. નગરમાં મકાનો, શેરીઓ, ગલીકુંચીઓ અને વિચિત્ર રચનાઓ છે તે માયા છે.

તેમાં રહ્યા રામ રમે અસંગ,
નાના વિધે ભોગવતા સુરંગ,
બેઠો વિચે આસન પદ્મ જોગ,
મૂક્યા ઘણા માંડવિચે દરોગા. ૮
નાસાપતિ પ્રીમળને પમાડે,
ચક્ષુપતિ રૂપ ગ્રહી રમાડે;
જીહ્વેશ તેને રસને સમર્પે,
ત્વચાપતિ સ્પર્શસુખેજ તર્પે.
કર્ણેશ ત્યાં શબ્દ સુખે અનુપ,
એવો રમે આતમરૂપ ભૂપ;
તે મધ્ય તું કોણ અલ્યા પરેત!
'હું હું' કરે જીવ જણાવી હેત. ૧૦

---

૮ રામ—આત્મા રૂપી રામ (રાજા). અસંગ—એકલો-નિર્લેપ. યોગશાસ્ત્રમાં કહેલું પદ્માસન વાળીને તે રાજા નગરની વચમાં બેઠો છે-હૃદય રૂપી પદ્મ (કમળ) માં જીવાત્મા વિરાજે છે. દરોગા-(ઇંદ્રિયો રૂપી).

૯ તે દરોગાનાં નામ કહે છેઃ નાસાપતિ ઇ૦. નાસાપતિ-નાકનો અધિપતિ-ઘ્રાણ ઈંદ્રિય. પ્રીમળને (પરિમળને)-સુગંધને. ચક્ષુપતિ-નેત્ર ઇંદ્રિય. જીહ્વેશ—જીહ્વા ઇંદ્રિય તેને—જીવ રાજાને. ત્વચાપતિ—ત્વક્ ઇંદ્રિય. તર્પે—તૃપ્ત કરે.

૧૦ કર્ણેશ ઇ૦—કર્ણ ઇંદ્રિય તે આત્માને અનુપ શબ્દ સુખે કરીને તર્પે. અહંકાર વિશિષ્ટ જીવને ઉદ્દેશીને કહે છેઃ તે મધ્ય ઇ૦ આત્મા (ક્ષેત્રજ્ઞ) રૂપી ભૂપ દેહ રૂપી નગરમાં રમે છે તેમાં અલ્યા પરેત (પ્રેત) તું કોણ છે કે જે જીવના ઉપર હેત જણાવીને 'હું હું'

હુંકાર ટાળી હરિ થા હરામી,
જો કોણ છે સેવક કોણ સ્વામી ?
વ્યાપી રહ્યો અંતરજામી એક,
જો ચિત્તના ચક્ષુવડે વિવેક. ૧૧
ચોવીશ તત્વે કરી કોટ કીધો,
પચ્ચીશમો પૂરણ ત્યાં પ્રસિધ્ધો;
છવીશમાને સઘળાજ ભોગ,
તેણે કર્યાં વસ્તુ સમસ્ત યોગ. ૧૨

કહે છે, પરંતુ તે કાંઇ દેહનો ખરો સંબંધી નથી, તેમ તું પણ જે 'હું હું' કરે છે, તે દેહનો ખરો સંબંધી નથી. મતલબ કે 'હું' નામે જે શુભાશુભ કર્મનો કર્ત્તાભોક્તા કોઇ છે એમ માનવું એ ભૂલ છે. કેમકે દેહ તો જડ હોવાથી અકર્ત્તા છે; અને આત્મા અસંગ હોવાથી અકર્ત્તા છે. માટે 'હું કર્ત્તા છું' એમ કહેવું એ ભ્રમમાત્ર છે. એમ જાણી કર્ત્તાપણાનો અભિમાન છોડી દેવો.

૧૧ હુંકાર ઇ૦—'હું હું' એમ જે કહેવામાં આવે છે તે કેવળ ભ્રમ છે માટે તે ભ્રમને તજીને હે હરામી! તું હરિ થા. અર્થાત્ તારૂં વાસ્તવિક સ્વરૂપ તે છે. તું આત્મા થઇશ એટલે તને ભેદ બુદ્ધિ ટળી જશે. જેમ કે—આત્મા તારૂં સ્વરૂપ છે, માટે જે જે આત્મા હોય તે તારૂં સ્વરૂપ છે; સેવકાદિક પણ વસ્તુતઃ આત્મા છે માટે તે પણ તારૂંજ સ્વરૂપ છે. એવી રીતે સેવક સ્વામી ભેદ પણ રહેશે નહિ એ વિષે કહે છેઃ જો કોણ ઇ૦. અંતરજામી—આત્મા. ચિત્તના ચક્ષુવડે જો—વિચાર કરીને જો.

૧૨ ચોવીશ તત્વ—પાંચ ભૂત, દશ ઇંદ્રિયો, ચાર અંતઃકરણ, અને પાંચ પ્રાણ, એ ચોવીશ તત્વ. કોટ—દેહરૂપી. પચીશમો—ક્ષેત્રજ્ઞ—સાક્ષી ચૈતન્ય. છવીશમો—ભોક્તા જીવ.

આકાશથી શબ્દતણો પ્રકાશ,
પૃથ્વી થકી ગંધ ગ્રહેજ નાસ;
સમીરથી સ્પર્શ રસૌક તોય,
સ્વરૂપને તેજ થકો તું જોય. ૧૩

ચતુર્વિધાન્તઃકરણ પ્રવૃત્તિ,
દશેંદ્રિયાદિ દશ વાયુ વૃત્તિ;
ત્રિનાડિકા ત્રિગુણ સપ્ત ધાતુ,
તેથી થયું એહ શરીર માતું. ૧૪

---

૧૩ પંચભૂતથી પંચ ઇંદ્રિયોના વિષય થયા છે. અને તું તેમનાથી નોખો તેમનો દૃષ્ટા છે, એમ કહે છેઃ આકાશથી ઇ૦—આકાશ નામે મહાભૂતથી તને શબ્દ વિષયનો પ્રકાશ થાય છે. મતલબ કે આકાશ મહાભૂતથી ઉપજેલા કર્ણ ઇંદ્રિયનો વિષય શબ્દ છે; અને તું તેમનાથી ભિન્ન છે; અને તેજ પ્રમાણે પૃથ્વી મહાભૂતથી નાસા ઇંદ્રિય ઉત્પન્ન થયું છે, તેનો વિષય ગંધ છે તેને પણ તું જાણનારો છે; સમીર (વાયુ) મહાભૂતથી ત્વક્ ઇંદ્રિય ઉત્પન્ન થયું છે, તેનો વિષય સ્પર્શ છે તેને તું જાણનારો છે; રસૌક (રસનું સ્થાન) તોય (જળ) છે. એટલે જળ મહાભૂતથી જીહ્વા ઇંદ્રિય ઉત્પન્ન થયું છે, તેનો વિષય રસ છે, તેને તું જાણનારો છે. અને તેજ (અગ્નિ) મહાભૂતથી ચક્ષુ ઇંદ્રિય ઉત્પન્ન થયું છે, તેનો વિષય રૂપ છે, તેને તુ જાણનારો છે. મતલબ કે તુ એ સર્વેનો દ્રષ્ટા માત્ર છે, પણ તે મહાભૂતાદિક તારૂં સ્વરૂપ નથી, માટે તેમના નાશથી તારો નાશ થવાનો નથી. તો પછી તેમના સુખ દુઃખથી તારે સુખ દુઃખ માનવાનું કાંઇ કારણ નથી.

૧૪ શરીરમાં બીજું શું શું છે તે વર્ણે છેઃ ચતુર્વિધાંતઃકરણ ઇ૦—મન, બુદ્ધિ, ચિત્ત, અને અહંકાર, એવું ચાર પ્રકારનું અંતઃકરણ છે. અંતઃકરણ (અંદરનું ઇંદ્રિય) વસ્તુતઃ એકજ છે, તથાપિ

તેમાં રહે દેવ વળી અનેક,
વિચારતાં વ્યાપક રામ એક;
વ્યાપી રહ્યો અંતર રામ રૂપ,
બ્રહ્માંડ કોટિ વિચ એક ભૂપ. ૧૫

તેની ચાર પ્રકારે પ્રવૃત્તિ થાય છે માટે તેને ચાર અંતઃ કહે છે. અંતઃકરણ જ્યારે સંકલ્પ કરે છે ત્યારે તેને મન કહે છે; જ્યારે તુલના કરી નિશ્ચય કરે છે ત્યારે તેને બુદ્ધિ કહે છે; તે જ્યારે ચિંતન કરે છે ત્યારે તેને ચિત્ત કહે છેઃ અને તે જ્યારે અહંવૃત્તિ પ્રકટ કરે છે ત્યારે તેને અહંકાર કહે છે. વળી દશ ઇંદ્રિયો છે; કર્ણ, ત્વક્, ચક્ષુ, જીહ્વા, ઘ્રાણ, એ પાંચ જ્ઞાનેંદ્રિયો છે; અને વાક્ (વાણી), પાદ (પગ), પાણિ (હાથ), પાયુ (ગુદ), ઉપસ્થ (જનનેંદ્રિય), એ પાંચ કર્મેંદ્રિય છે. દશ પ્રકારે વાયુની વૃત્તિ (પ્રવૃત્તિ) છેઃ જેમ, હૃદયમાં પ્રાણ વાયુ, ગુદામાં અપાન, નાભિમાં સમાન, કંઠમાં ઉદાન, અને આખા શરીરમાં વ્યાન. એ પાંચ પ્રાણ વાયુ કહેવાય છે. નાગ, કૂર્મ, કૃકળ, દેવદત્ત, અને ધનંજય એવા બીજા પાંચ વાયુ છે, જેથી મેષોન્મેષાદિ કર્મ થાય છે. ત્રિનાડિકા ઇ૦—ઇડા, પિંગળા અને સુષુમ્ણા એવી ત્રણ નાડીઓ છે. સત્વ, રજસ્ અને તમસ્ એવા ત્રણ ગુણ છે. રસ, લોહી માંસ, મેદ, અસ્થિ, મજ્જા, અને વીર્ય, એ સાત ધાતુ છે. સાત ધાતુ વડે વાત, પિત્ત, કફ, એ ત્રણ દોષ; કેશ, નખ વગેરે; મળ, ઇત્યાદિ દેહમાંના પદાર્થ સમજી લેવા. એથી ઇ૦—એ સર્વ વડે આ શરીર માતું થયેલું છે. અર્થાત્ તું તેમાંનો કોઇ પદાર્થ નથી, પણ તું તો તે સર્વથી જૂદો તેમનો જોનારો (જાણનારો) છે માટે તેમના વૃદ્ધિ ક્ષયથી તારે હર્ષ શોક માનવો ઉચિત નથી.

૧૫ તેમાં ઇ૦—શરીરમાં એ વિના તે તે ઇંદ્રિયોના અનેક દેવ પણ રહેલા છે. પણ વસ્તુ વિચાર કરી જોતાં એક રામ સર્વવ્યાપક

તું કોણ ઊભો અહીં માર ખાવા,
જો શર્ણ આવે જમદૂત સા'વા;
આપાપણે સ્થાનક સર્વ જાશે,
તું થા ધણીનો જન છૂટ થાશે. ૧૬
પાસે રહ્યા રામ ન શોધ બીજા,
પોતાપણું ભેટ કરી મળી જા;
જાણ્યા પછી જીવ દશાજ ખોતે,
તું છે ચિદાનંદ સ્વરૂપ પોતે. ૧૭

માલમ પડે છે.—સત, ચિત, આનંદ રૂપે અથવા અસ્તિ, ભાતિ, પ્રિય રૂપે એક બ્રહ્મ સર્વત્રવ્યાપક માલમ પડે છે. બ્રહ્માંડ ઇ૦—જે રામ કોટિ બ્રહ્માંડની વચ્ચે એકજ ભૂપ છે, તેજ અંતરમાં પણ વ્યાપી રહ્યા છે.

૧૬. તું ઇ૦—એ પ્રમાણે અંતઃકરણ, ઇંદ્રિયો, વગેરેનો સંબંધ તારી જોડે નથી, એટલે તુ એ અંતઃકરણાદિ નથી કે તે ઉપર તારૂં સ્વામિત્વ નથી, તેમ છતાં તુ જે હું હું કરે છે તે કોણ છે? અને સુખદુઃખાદિ ભોગ રૂપ માર ખાવાને તું અહીં કોણ ઉભો રહ્યો છે? અર્થાત્ જ્યારે દેહમાંનો કોઇ તુ નથી ત્યારે શું કોઇ બહારનો પિશાચ તો નથી? પિશાચ જેમ દેહમાં, ભરાઇને માર ખાય છે તેમ તુ પણ તેની પેઠે માર ખાનારો હોય એવો દેખાય છે. મતલબ કે 'હું અને મારૂં' એ મિથ્યા અભિમાન છે માટે તેને છોડી દે. અને જમના દૂત તને સા'વા—પકડવા આવે છે માટે તેનાથી તને બચાવે એવા હરિનું શર્ણ જો (શોધ). આપાપણે (આપ આપણે)—પોત પોતાને. સર્વ—ભૂત ઈંદ્રિયો તેમના દેવતા, વગેરે. ધણીનો—હરિનો. છૂટ થાશે—મુક્તિ મળશે.

૧૭ તે હરિને હું ક્યાં શોધું? તે વિષે કહે છે: પાસે ઇ૦—તે રામ તારી પાસેજ રહ્યા છે—બીજા રામને તું શોધીશ નહિ. તારૂં

કેડે પડચો કાળ અહેડી તારે,
તને નડચો કામની હેમ મારે;
તેણે ઘણાં સ્થૂલ શરીર ખાધાં,
પાછાં ફરી કર્મ નિબંધ બાંધ્યાં. ૧૮
ભાગ્યું નહીં સૂક્ષ્મ રૂપ તારૂં,
માયાતણે પાશ પડ્યું બિચારૂં;
તે શું કરે કારણને અધીન,
તે એ મહા કારણ દેખી દીન. ૧૯

પોતાપણું તેમને ભેટ કરીને તેમની સાથે મળી જા. અર્થાત્ તું જે દેહાદિકને વિષે પોતાપણું માને છે તે ન માનત તે રામને વિષે પોતાપણું માન. જાણ્યા ૦—આ વાત જાણ્યા પછી એટલે પૂર્વે કહ્યું તેમ જડ અને અનિત્ય દેહથી ચેતન અને નિત્ય આત્મ નોખો છે, એવું જાણવા રૂપ પરોક્ષ જ્ઞાન થયા પછી જીવ દશા ખોતે (જીવપણાની ઉપાધિનો ત્યાગ કરવાથી) તું પોતેજ ચિદાનંદ સ્વરૂપ છે—પરમ ત્મા છે.

૧૮ અહેડી-શિકારી. તને ૦—કામની અને હેમ (સોનું—ધન) એ રૂપી માર મારીને તને નડચો. "તુને પડચો કામની હેમ મારે" એવો પાઠ છે. તેણે ૦—તે કાળે તારાં ઘણાંક સ્થૂળ શરીર ખાધાં અને પાછાં વળી કર્મના નિબંધથી નવાં સ્થૂળ શરીર બાંધ્યાં—કાળે કરીને કર્મ વડે નવા દેહ તું ધારણ કરે છે. સ્થૂળ શરીર ખાધાં, એમ કહેવાનો હેતુ એ છે કે સૂક્ષ્મ શરીરનો નાશ કાળે કરીને થતો નથી.

૧૯ સૂક્ષ્મ શરીરનો નાશ થતો નથી તે કહે છે: ભાગ્યું ૦. સૂક્ષ્મ શરીર ક્યાંથી ઉપજે છે તે કહે છે: તે શું ૦. કારણ—કારણદેહ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, એ પાંચ સૂક્ષ્મ મહાભૂત કહેવાય છે.

જંજાળ જોતે અસુને અપાર,
ના પૂરવે તે કરતાં વિચાર;
એ વાત છે ઈશિતણેજ હાથ,
એ પાખ દેવી ગગનેજ બાથ. ૨૦

એ પાંચ સૂક્ષ્મ મહાભૂત, પાંચ જ્ઞાનેંદ્રિય, ચાર અંતઃકરણ અને ત્રણ ગુણ, એ સત્તર તત્વથી ઉપજેલું સૂક્ષ્મ શરીર કહેવાય છે. સૂક્ષ્મ શરીરને કોઇ વાસનામય દેહ કહે છે, સ્થૂળ દેહનો નાશ થતાં પણ મન રૂપી તત્વમાં ઉપરનાં તત્વ મળેલાં હોય છે તેનો નાશ થતો નથી; માટે મન સહિત જીવ જ્યાં જાય છે ત્યાં એ બધું જાય છે. અને જ્યારે કર્મવશાત્ તે જીવ સ્થૂળ દેહ ધરે છે ત્યારે ત્યાં મનની સાથે રહે છે. મનની સાથે એ સૂક્ષ્મ ભૂત રહ્યાં છે માટે એને સૂક્ષ્મ શરીર કહે છે. એ સૂક્ષ્મ ભૂત વગેરેથી રહિત એકલું અંતઃકરણ અથવા અહંવૃત્તિ રૂપ મન તે કારણદેહ કહેવાય છે. કારણદેહની સાથે બીજું કાંઇ ન હોવાથી તે વખતે તે બીજું કાંઇ જાણતું નથી, માટે અજ્ઞાનાવસ્થાને કારણદેહ કહે છે. સમષ્ટિ કારણને મહાકારણ કહે છે. એક એક વ્યક્તિના દેહને વ્યષ્ટિદેહ કહે છે, અને સર્વના દેહના સામટાપણાને સમષ્ટિદેહ કહે છે, અવિદ્યા–માયા, એ સર્વનું કારણ છે માટે અવિદ્યાને મહાકારણ કહે છે.

૨૦ અસુ–જીવ. ના કo–વિચાર કરતાં એમ માલમ પડે છે કે એ જંજાળ જીવને પૂરવે નહોતી. અર્થાત્ હવે પછી હોવાની પણ નથી એટલે માત્ર મધ્ય કાળમાં છે, અને તેથી તે જંજાળ મિથ્યા છે. અથવા આ વિચાર કરતાં તે (જીવ) સંસારના પૂરમાં વે' (વહે) નહિ–આત્મજ્ઞાન થવાથી મુક્ત થાય. એ વાત ઇo–એ જંજાળ છૂટવી એ વાત ઇશ્વરને હાથ છે–હરિભક્તિથી એ કાર્ય થાય છે.

શાર્દૂલવિક્રીડિત.

દીસે જે ગુણ રૂપ ચાતુરપણું તે ચિન્હ માયાતણું,
બ્રહ્માંભોધિ ભર્યો તરંગ તહીંથી માયાતણો વિસ્તર્યો;
તેનો પૂર પ્રવાહ શૂર સબળો ત્રૈલોકય તાણી ગયો,
ઊભો કો ન રહ્યો, મુરારિ ચરણે આશ્રે કરી ઊગર્યો. ૨૧

વસંતતિલકા.

રત્નેશ્વરે અખિલ અંતરયામિ વાણી,
વૈરાગ્ય વલ્લરી હરિ ભજવા વખાણી;

---

૨૧ ઉપસંહાર કરે છે; દીસે ઇ૦—સંસાર જે ગુણ, રૂપ, ચતુરાઇ, વગેરે દેખાય છે, તે માયાનું ચિન્હ (લક્ષણ) છે, એ માયા ક્યાંથી ઉપજી તે કહે છે; બ્રહ્માંભોધિ ઈ૦—બ્રહ્મ રૂપી અંભોધ (સમુદ્ર) ભરેલો છે, તેમાંથી માયા રૂપી તરંગ વિસ્તાર પામ્યો છે. સમુદ્ર અને તરંગમાં જેટલો તફાવત છે તેટલો બ્રહ્મ અને માયામાં તફાવત છે. સમુદ્ર અને તરંગ જેમ જૂદા નથી તેમ બ્રહ્મ અને માયા પણ જૂદાં નથી. પણ તરંગ જેમ છેવટે સમુદ્રમાં શમી જાય છે ત્યારે તરંગ નાશ થાય છે તેમ માયા પણ બ્રહ્મમાં લીન થવાથી નાશ પામે છે. સમુદ્ર રૂપે જોતાં જેમ તરંગ એ બીજું કાંઇ નથી, પણ સમુદ્રજ છે, તેમ બ્રહ્મ રૂપે જોતાં બીજું કાંઇ નથી, પણ સર્વ કાંઈ બ્રહ્મજ છે. ત્રૈલોક્ય તાણી ગયો—ત્રણ લોક માયાથી ભાસમાન થાય છે. ઉભો કો ન રહ્યો-એ માયાના સ્વરૂપને ઓળખીને તેનાથી ભૂલાવામાં પડયા વિના કોઇ ન રહ્યો. ત્યારે કોણ માયાના સ્વરૂપને ઓળખીને ભૂલાવામાં ન પડયો? મુરારિ ઇ૦ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ કહે છે કે "**मामेव ये प्रपद्यन्ते मायामेतां तरंति ते**" જેઓ મારે શરણે આવે છે તેઓ એ માયાને તરે છે."

બીજો થયો સ્તબક જ્યાં હરિનો સંબંધ,
બાવીશ બંધુર કવિત્તતણો પ્રબંધ. ૨૨

इति श्रीवैराग्यलतायां द्वितीयः स्तबकः ॥२॥ सर्गः ॥८॥

સ્તબક ૩ જો.

વસંતતિલકાવૃત્ત.

કોપે ભર્યો કુટિલ કાળ ભુજંગ આવે,
ધાયે નિશા દિવસ બે રસના હલાવે;
ફૂત્કારથી પ્રબળ પર્વત કોટ ફાટે,
વીંટી વળ્યો નિરખ પાછળ અંગ ચાટે. ૧
માનુષ્યનો મલિન જર્જર દેહ જૂઠો;
તોએ ફરે કૃપણ કેશવ સાથ રૂઠ્યો;

---

૨૨ અંતરયામિ—અંતર્યામિ ઈશ્વરના સંબંધવાળી. વલ્લરી–વેલી લતા. 'મંજરી' પાઠાંતર. બંધુર–સુંદર–પ્રીતિ ઉપજાવે એવાં કવિત્ત–કવિતાઓ.

૧ કુટિલ–વાંકો. કાળભુજંગ–કાળરૂપી સર્પ. ધાયે ઇ૦—નિશા અને દિવસ એવી બે તેની રસના (જીભ) છે તેને હલાવે છે અને ધાયે (દોડે છે.) જાણે રાત અને દિવસ રૂપી બે જીભથી જગતને ચાટતો ચાટતો દોડી જાય છે. ફૂત્કાર ઇ૦—એના ફૂત્કાર (ફૂંફવાડા)થી પ્રબળ (બળવાન) એવા પર્વતનો કોટ પણ ફાટી જાય. અર્થાત્ કાળ સૌ કોઇનો નાશ કરે એવો છે, અથવા કાળે કરીને ગમે તે વસ્તુનો નાશ થાય છે. વીંટી વળ્યો ઇ૦—મતલબ કે તારી ચારે પાસ કાળ છે–કોઇ પણ સ્થળ એવું નથી કે જ્યાં કાળ ન હોય! પાછળ ઇ૦—અર્થાત્ તું ન જાણે એમ તે તને ખાઈ જાય છે–તારા આયુષ્યનો ક્ષય કરે છે.

સંસારસિંધુ નવછિદ્રિત નાવ બેઠો,
શેને ફરે ધરમધીવર સાથ એઠો. ૨
કાચો કુરંગનયના સરસો સનેહ,
રાચ્યો નિહાળી નયને દુરગંધ દેહ;
મિથ્યા મનોરથ કરે મન મોહ લાવે,
લાગ્યો ફરે નિપટ લંપટ નામ કા'વે. ૩

---

૨ પાછળ કહેલા કાળના બળથી મનુષ્યનો દેહ પ્રતિદિન ક્ષય પામતો જાય છે માટે કહે છે. માનુષ્યનો ઇ૦ મલિન–મળવાળો. જર્જર–જાજરો. જૂઠો–ક્ષણભંગુર, દેહ મલિન, જર્જર અને જૂઠો છે તોપણ હે કૃપણ (કંગાલ)! તું કેશવ (હરિ) ની સાથે રૂઠયો (રીસાયલો) થઇને ફરે છે!–હરિ ઉપર પ્રીતિ કરતો નથી. તું કહેશે કે હરિ સાથે પ્રીતિ કરવાનું મારે શું કામ છે? તો સંસાર ઇ૦— સંસાર એ સિંધુ (સમુદ્ર) છે; અને મનુષ્ય દેહ એ નવ છિદ્રવાળું નાવ છે. જેમ છિદ્રવાળું નાવ સમુદ્રમાં ડુબે છે તેમ આ મનુષ્ય દેહ એ પણ સંસારમાં ડૂબવાને લાયક છે. એમ છતાં પણ તું ધર્મ રૂપી ધીવર (માછી–નાવ ખેડનારા) સાથે શા માટે એઠો (ચડભડેલો) ફરે છે? કાણા નાવમાં બેસવું અને માછી સાથે લડાઈ કરવી એ પોતાના નાશનુંજ કારણ છે, તેમ વિષયો તરફ દોડનાર ઇંદ્રિયોવાળા દેહમાં રહ્યા છતાં ધર્મ ન સાધવો એ પણ નાશનું કારણ છે.

૩ કાચો—અર્થાત્ ખોટો. કુરંગનયના–હરિણના નેત્ર જેવાં નેત્રવાળી સ્ત્રી. સરસો–સાથે. તથા તેનો દેહ દુર્ગંધવાળો છે એમ છતાં તું તેને પોતાની આંખોએ જોઇને પણ રાચ્યો–ખુશી થયો! પણ તને તેનાથી વસ્તુતઃ સુખ મળનારૂં નથી એમ કહે છેઃ મિથ્યા ઇ૦—તું સ્ત્રીથી સુખ મળશે એવા મનોરથ કરે છે અને મનમાં મોહ (વિવેકશૂન્યતા)

સાચો વિચાર કર, શીદ થયો સકામી?
નારી થઈ નરકનો અધિકાર પામી;
અંગે અશુદ્ધ અબળા અતિહારવંતી,
નિત્યે રજો રગત પિત્ત કફે વહંતી. ૪
મોટો વિકાર મન કામ તણોજ, ઘેલા!
તેણે કર્યાં ચતુર પંડિત ભૂપ ચેલા;
જો વશ્ય હોય મન એ અણુમાત્ર બાવા,
તો વાર શી મનુષ્યને વઈકુંઠ જાવા? ૫
ઊંચા અવાસ અટક્યા જઇ સદ્ય વ્યોમ,
મીંચે વિલોચન જ્યહાં રહી ત્યાં ન ભોમ;
તું ટાળ્ય અંતર થકી વિષયાભિલાખ,
કાલાગ્નિએ સકળ વસ્તુ થશેજ રાખ. ૬

લાવે છે, એ બધું મિથ્યા છે, એમ છતાં પણ તું નિપટ (અત્યંત) લાગ્યો ફરે છે અને પોતાનું લંપટ નામ કહાવે છે-કહેવરાવે છે.

૪. સાચો ઇ૦—તું સકામી શીદ થયો છું? ત્યારે શું કરૂં? સાચો વિચાર કર. કેવો સાચો વિચાર કરૂં? નારી ઇ૦—જેના ઉપર તું મોહિત થયો છે તે જીવ નારી થઇને નરકનો અધિકાર પામી. શાથી તેને નરકનો અધિકાર પામેલી જાણવી? અંગે ઇ૦—અતિ હારવંતી-અતિ આહારવંતી. રજો-(રજસ્) આર્તવ. રગત-રક્ત-લોહી. કફે ઇ૦-કફે કરીને વહેતી અર્થાત્ કફ વ્હેતી.

૫. મન-મનમાં. એ મન જો અણુમાત્ર-લગાર જેટલું પણ વશ્ય (વશમાં રહેનારૂં) હોય. વૈકુંઠ જાવા-અર્થાત્ મોક્ષ પામવા.

૬. અવાસ-(આવાસ) ઘર. વ્યોમ-આકાશ. મીંચે ઇ૦—પણ

વા'તો કરે વિટલ વૈષ્ણુવ વેષ ધારી,
સાચે મને ન સમર્યો નિમિષે મુરારિ;
યાચ્યો જઇ ટળવળી નર તુચ્છ દાતા,
જાચ્યો નહીં અ-ગ એક ભવી વિધાતા. ૭

જ્યાં વિલોચન (આંખ્યો) મીંચાઇ (મૃત્યુ આવ્યું) ત્યાં ભોમ (ભૂમિ)-જમીન પણ રહેનારી નથી ! સાહિત્યમાં પણ કહે છે કે "**सम्मीलने नयनयोर्नहि किंचिदस्ति** " "આંખો મીંચાઇ એટલે કાંઇ નથી." ત્યારે શું કરવું? તુ ઇ૦—તું તારા અંતર થકો (મનમાંથી) વિષયાભિલાખ (વિષયની ઇચ્છાને) ટાળ; કેમકે કાળરૂપી અગ્નિએ કરીને સકળ વસ્તુ ખાખ થવાની છે. મતલબ કે ક્ષણભંગુર અનિત્ય વિષયો ઉપર પ્રીતિ શા માટે કરવી? ભર્તૃહરિ કહે છે કે—

" **अवश्यं यातारश्चिरतरमुषित्वापि विषया।**
वियोगे को भेदस्त्यजति न जनो यत्स्वयममून् ?
व्रजन्तः स्वातंत्र्यादतुलपरितापाय मनसः
स्वयं त्यक्ता ह्येते शमसुखमनंतं विदधति ॥ "

અર્થ—"ઘણા દિવસ રહ્યા પછી પણ આખરે જો વિષયો જરૂર એની મેળે પણ જવાનાજ છે, અને જો મનુષ્ય સમજીને પોતાની મેળેજ છોડી દે તોપણ તે જવાનાજ છે, ત્યારે માણસ સમજીને પોતાની મેળેજ તેમને કાં છોડી દેતો નથી ? જો આપણી ઇચ્છા ન છતાં વિષયો આપણને છોડીને જાય, તો તેથી મનને અત્યંત પરિતાપ થાય છે; પણ જો આપણેજ તેમને નિઃસાર અને અનિત્યત્વાદિ દોષવાળા જાણીને છોડી દઇએ તો તેથી શાંતિ રૂપી અનંત સુખ પ્રાપ્ત થાય છે."

૭. વા'તો ઇ૦—હે વિટલ ! (ટળેલી બુદ્ધિવાળા–મૂર્ખ !) તું

આશા સુગંધ નિકસ્યો વિષયારવિંદ,
રે રે મન ભ્રમર શીદ ફરે સુમંદ;

વૈષ્ણવને। વેષ ધારીને લોકોને વા'તો ફરે છે. નિમિષે-એક નિમેષ વાર પણ અઢળ (ઉદાર) અને એક ભવી (કલ્યાણકારી) વિધાતા (પરમેશ્વર) ની યાચના કરી નહિ. ઇશ્વરનીજ યાચના કરવા વિષે કોઈ કવિ કહે છે કે—

"अयि चंचल चित्त मुंच चिन्तां,
सदयं प्रार्थय एव तं हरीन्द्रम्।
नहि येन विनाऽर्थिनामुदारा
हयहेषा हरिणीदृशां विहाराः ॥"

"હે ચંચળ ચિત્ત! ચિંતા છોડી દે અને તે દયાળુ નૃસિંહનીજ પ્રાર્થના કર; કેમકે જેના વિના યાચક જનને ઘોડાના હણહણાટ અને હરિણનયનીઓના વિહાર મળતા નથી. વળી શ્રીમદ્દ્દાંતાચાર્ય પણ કહે છે કે—

"क्षोणीकोणशतांशपालनखलंदुर्वारगर्वानल-
क्षुभ्यत्क्षुद्रनरेन्द्रचाटुरचनां धन्यां न मन्यामहे।
देवं सेवितुमेव निश्चिनुमहे योऽसौ दयालुः पुरा
धानामुष्टिमुचे कुचेलमुनये धत्तेस्म वित्तेशताम् ॥"

અર્થ—"પૃથ્વીના એકાદા ખૂણાના સોમા ભાગમાં રાજ્ય કરવાનું મળ્યું તેથી ભભકી ઉઠેલા, ન અટકી શકે એવા ગર્વ રૂપી અગ્નિથી ખળભળી રહેલા, અધમ રાજાઓની ખુશામત કરવી એ અમે સારી માનતા નથી; પણ ફાટલાં તૂટલાં લૂગડાં પહેરનારા સુદામા મુનિએ દાણાની એક મૂઠી આપી તેથી પ્રસન્ન થઇને તેને જે દયાળુ દેવે કુબેર ભંડારી જેવો વૈભવ આપી દીધો, તેનીજ સેવા કરવાનો અમે નિશ્ચય કર્યો છે.

જોતો રહીશ શઠ તું જગત પ્રમાથી,
તાણી જશે તરત મા'મદ કાળહાથી. ૮
શાને ફરે ભ્રમર! પંકજ વાસ લેવા?
પેશીશ મા કમળ મધ્ય પરાગ એ'વા;
સંકોચશે સહજમાં તવ શું કરીશ?
એને વિષે અધમ! આકુળ થૈ મરીશ. ૯

---

૮ આશા ઇ૦—હે મન રૂપી ભમરા! વિષય રૂપી અરવિંદ (કમળ) માંથી આશા રૂપી સુગંધ નીકસ્યો (નીકળ્યો) છે, તે સુંધીને તું અત્યંત મંદ (મંદ બુદ્ધિનો) થઇને શું કરવા ફરે છે? હે શઠ! તું આ પ્રમાથી (તારા મનને મથન કરનારા) જગતને જોતો રહોશ અને તરત (તેટલામાંજ) તને મહા મદવાળો કાળ-રૂપી હાથી આવીને તાણી જશે. હાથી કમળને ઉખેડી નાખે છે. એ પ્રસિદ્ધ છે.

૯ પંકજ—કમળ. સંકોચશે—બીડાશે. એના જેવુંજ એક સુંદર ઉદાહરણ સાહિત્યકાર આપે છે કે—

"रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातम्
भास्वानुदेष्यति हसिष्यति पंकजश्रीः ॥
इत्थं वितर्कयति कोशगते द्विरेफे
हा हंत ! हंत ! नलिनीं गज उज्जहार ॥"

અર્થ—"કમળના સુગંધથી લોભાઇને તેમાં પૂરાયલો ભમરો!" વિચાર કરે છે કે 'રાત્રી જતી રહેશે, સુંદર પ્રભાતકાળ થશે, સૂર્ય ઉગશે, અને કમળ ખીલશે, ત્યારે હું તેમાંથી નીકળીને કમળના રસ ચૂશીને આનંદ કરીશ! પણ કમળના દોડામાં પૂરાયલો ભમરો એવા વિચાર કરે છે, એટલામાંજ હાય હાય! કોઇ હાથીએ આવીને તે

મોટા મનુષ્ય મનની ગતિ કોણ જાણે,
વીંટી વળી ચઉદ લોક સમસ્ત તાણે;
જેણે કર્યું વશ મહાનર વીર તેહ,
બીજા બળી સરવ સૂકર તુલ્ય દેહ; ૧૦
સંસાર માંસ મન મીન મ તાક ખાવા,
ઊભા રહ્યા અધમ ઉપર વ્યાધ સા'વા;
સા'શે યદા વદન આંકડિયે ભરાશે,
ત્યાં શે પછે તરફડી રડી જીવ જાશે !! ૧૧

કમળના છોડને ઉપાડી નાંખ્યો, અને ભમરો તેમાં હમેશને માટે પૂરાયલોજ રહ્યો !!"

૧૦ મનની મહત્તા વર્ણે છેઃ મોટા ઇ૦. વીંટી વળી ઇ૦—જે ચૌદે લોકની આસપાસ વીંટી વળીને સમસ્તને તાણે છે–કલ્પનાના બળથી આકર્ષે છે. એ મનને જેણે વશ કર્યું તે મોટા નરવીર સમજવા. બીજા ઇ૦—બીજા જે કોઈ બળી (દેહ બળવાવાળા) છે તે સર્વ સૂકર (ભુંડ) ના સરખા (વૃથાપુષ્ટ) દેહવાળા સમજવા. મણિરત્નમાળામાં પણ કહે છે કે " **जितं जगत्तेन मनो हि येन**"—" જેણે મન જીત્યું તેણે જગત્ જીત્યું."

૧૧ મનને માછલા રૂપે વર્ણીને ઉપદેશ કરે છેઃ સંસાર રૂપી ઇ૦—હે મનરૂપી મીન (માછલા) ! તું સંસારરૂપી માંસને ખાવાને તાકીશ નહિ, કેમકે તારા ઉપર અધમ વ્યાધ (પારધિ) તને સા'વા (પકડવા) ને ઊભા રહ્યા છે. તે જ્યારે તારૂં વદન તેહની આંકડીએ ભરાશે ત્યારે તને સહાશે. ત્યાં આગળ (તે સાહાશે ત્યારે) પછી તરફડીને અને રડીને તારો જીવ શે (શી રીતે–કેવા કષ્ટથી)જશે !!

સંસાર પારધિતણી ગૃહઘંટ વાગે,
રે રે કુરંગ મન! મોહિત શીદ રાગે ?
કાળે તને કપટ ફંદ રચ્યો ન જાણે,
સંભાળ રે! શિર રહ્યો જમ બાણ તાણે!! ૧૨
શાને પડે મદભર્યા મન મત્ત હાથી!
જો રે રચ્યો વિષય ગર્ત્તજ કાળભાથી;
એમાં પડ્યો ખડભડીશ મરીશ બાવા!
ઊભા રહ્યા અધમ ઉપર વ્યાધ સા'વા. ૧૩
શોભાયમાન શુભ કાંતિતણેજ રંગ,
રાચ્યો સ્વરૂપ વિચ શીદ પડે પતંગ;
સ્નેહે કરી યુગલ પક્ષ થશેજ બંધ,
મોટી મમત્વ ઝળ ઝાળ બળીશ અંધ. ૧૪

---

૧૨ મનને હરણરૂપે વર્ણીને ઉપદેશ કરે છેઃ સંસાર ઇ૦—સંસારરૂપી પારધિની ગૃહ (ઘર) રૂપી ઘંટ વાગે છે, તે સાંભળીને હે મનરૂપી કુરંગ (હરણ)! તું તેના રાગથી શીદ મોહિત થાય છે? અર્થાત્ ઘરને જોઇને તેમાં શું કરવા આસક્ત થાય છે? 'સંસાર' ને ઠામે 'સંભાર' અને 'રાગે' ને ઠામે 'નાગે' એવા પાઠ છે. કાળે ઇ૦—કાળરૂપી પારધિએ તને (તારે શરીરે) કપટ રૂપી ફંદ (ફાંદો) રચ્યો છે તે તું જાણતો નથી.

૧૩ મનને હાથી રૂપે વર્ણીને ઉપદેશ કરે છેઃ શાને ઇ૦. ગર્ત્ત–ખાડો. વિષયરૂપી ખાડો. ભાથી–ભાથાવાળો પારધિ.

૧૪ મનને પતંગ રૂપે વર્ણીને ઉપદેશ કરે છે; શોભાયમાન ઇ૦ શુભ–કાંતિ–સારૂં તેજ અથવા સુંદર રૂપવાળી સ્ત્રી. પતંગ–હે મનરૂપી પતંગ સ્નેહે–દીવામાં રહેલા તેલથી અથવા સ્ત્રીના સ્નેહ (પ્રીતિ)થી.

તારે શિરે રિપુ રહ્યા જમદૂત જેવા,
નાના નિમિત્ત કરી સમ્રથ જીવ લેવા,
સૂતો નચિંત થઇ શીદ? સમાર કાજ,
જો રાખશે શરણુ સમ્રથ રામરાજ. ૧૫

જાતાં જણાય નહિ સાંજ સવાર ચાલી,
તેનાજ તે દિવસ રાત રહ્યો નિહાળી;
ધંધે ગયો દિવસ, રાત્રી વિશેજ સૂતો,
પાછો ફરી કરમ કર્દમમાંહિ ખૂંત્યો. ૧૬

યુગલ પક્ષ–બન્ને પાંખો અથવા કર્મ અને જ્ઞાનરૂપી બન્ને પાંખો અથવા સ્વર્ગ ભોગનો પક્ષ કે મોક્ષનો પક્ષ. મમત્વ ઇ૦—મમત્વરૂપી ઝળ (પ્રકાશિત) ઝાળમાં બળીશ–મમત્વને લીધે સવાસનિક થઇને પુનઃ પુનઃ જન્મ મરણ પામીશ. એ રીતે ભ્રમર, મીન, હરણ, હાથી અને પતંગ રૂપે મનને વર્ણીને અનુક્રમે નાક, જીભ, કાન, ત્વચા અને ઇંદ્રિયોને વિષયથી સાવધ રહેવાનો ઉપદેશ કર્યો છે. જેમ,—

"कुरंगमातंगपतंगभृंग मीना हताः पंचभिरेव पंच ।
एकःप्रमादी सकथं न हन्यते यः सेवते पंचभिरेव पंच ॥"

અર્થ—" હરણ, હાથી, પતંગ, ભમરો અને માછલું, એ પાંચ પ્રાણીઓ અનુક્રમે શબ્દ, સ્પર્શ, રૂપ, ગંધ અને રસ, એ પાંચ વિષયથી હણાય છે, તો પછી એક અસાવધ મનુષ્ય જે પાંચ ઇંદ્રિયોવડે પાંચે વિષયોને સેવે છે તે કેમ ન હણાય?

૧૫ નાના–તરેહવાર, નિમિત્ત–બહાનું 'નાના'–'નાચા' પાઠાંતર સમ્રથ–સમર્થ.

૧૬ કાળની ગતિ ચંચળ છે એમ વર્ણું છે; જાતાં ઇ૦ તેનાજ

નાનાભિલાષ કરી નિર્ગમિયોજ કાળ,
સંભારિયો ન સ્વપને પણ નંદલાલ;
કષ્ટે કરી કપટી યોષિત કાચ લાવ્યો,
માનુષ્યજન્મ મણિ હાથથકી ગમાવ્યો. ૧૭

શાર્દૂલવિક્રીડિત.

રે રે પક્ષી શરીરપંજર પડ્યો ઉચ્છિષ્ટ આરોગતો,
કર્માધીન કઠોર કૃષ્ણ જપજે, શો સોર બીજો કરે ?
આ દીસે યમદૂત દુર્ભર મહામાર્જાર મારી જશે,
અજ્ઞાને કરી ઓળખ્યા નવ હરિ શી પેર તારી થશે!! ૧૮

ઇ૦—પણ તું તો તેના તેજ દિવસ અને રાતને નિહાળી રહ્યો છે. અર્થાત્ તું તેમને જતાં જાણતો નથી. કરમ કર્દમ—કર્મ રૂપી કાદવ. ખૂંત્યો—કળ્યો.

૧૭ નાનાભિલાષ—અનેક પ્રકારની ઇચ્છાઓ. સંભારિયો—'સંભારવો' પાઠાંતર. તેં જે નાનાભિલાષ કરીને કાળ ગુમાવ્યો તેમાં પણ છેતરાયો. કષ્ટે ઈ૦—મોહું કષ્ટ વેઠીને કપટી યોષિત (સ્ત્રી) રૂપી કાચ લાવ્યો અને તે કાચને બદલે માનુષ્ય જન્મ રૂપી મણિ હાથમાંથી ગુમાવ્યો. મનુષ્ય જન્મવડે જે સુકૃત થાત તે સ્ત્રીના મોહમાં પડવાથી ન બન્યું.

૧૮ પક્ષી—(જીવ રૂપી). પંજર—(પાંજરૂં). ઉચ્છિષ્ટ—એઠું. કર્માધીન કઠોર—(જીવનાં વિશેષણ). યમદૂત રૂપી દુર્ભર (ન ભરાય એવો—તૃપ્ત ન થાય એવો) મહામાર્જાર (મોટો બિલાડો) આ દીસે (પણે દેખાય છે) તે તને મારી જશે.

ઉપજાતિવૃત્ત.

વિવેક વૈરાગ્ય રસે ભરી છે, યત્નેથી વૈરાગ્યલતા કરી છે;
રત્નેશ્વરે ઇશ્વરનેજ ગાવા, ત્રીજો કહ્યો ગુચ્છ સમગ્ર થાવા. ૧૯

॥इति श्रीवैराग्यलतायां तृतीयः स्तबकः ॥३॥ सर्गः ६ ॥

(३) वैराग्यदीपक.

પ્રકાશ ૧ લો.

માલિની વૃત્ત.

નર તરૂ હરિ કીધી, વિશ્વવાડી વિશાળી,
ફળ સુકુસુમ ચુંટે, ચાળવે કાળ માળી;
તરૂવર હરિકેરા કો ફળે કોઇ ફૂલે,
નિરમિત વશ કો ત્યાં ઓગળે કોઇ હૂલે. ૧

---

૧૯ વિવેક–નિત્ય વસ્તુ (આત્મા) અને અનિત્ય વસ્તુ (જગત્) એ બેનો તફાવત. વૈરાગ્ય–સંસારમાંથી પ્રીતિ મટવી તે. એ રૂપી રસથી ભરેલી વૈરાગ્ય રૂપી લતા (વેલ) રત્નેશ્વરે ઇશ્વરને ગાવાના હેતુથી કરી છે (બનાવી છે), તે લતાનો ત્રીજો ગુચ્છ કહ્યો. શું કરવા કહ્યો? સમગ્ર થાવા–એ લતાની રચના સમગ્ર (આખી સંપૂર્ણ) થવાને. મતલબ કે ત્રણ ગુચ્છ વડે વૈરાગ્યલતા નામે કાવ્ય રત્નેશ્વરે સમાપ્ત કર્યું છે. ત્રીજો કહ્યો ગુચ્છ–'છઠ્ઠો થયો સર્ગ' પાઠાંતર.

૧ નર ઈ૦—હરિએ નર (મનુષ્ય) રૂપી તરૂ (વૃક્ષ) વાળી વિશ્વ (જગત્) રૂપી વિશાળી (વિશાળ–મોટી) વાડી કીધી છે. તે વાડીને

વિષય તિમિર મોટું સર્વ કોને ભમાવે,
ભરમિત નર ભૂલ્યા તત્વ દ્રષ્ટે ન આવે;
મલિન મનુષ્ય મૂકી, ચીરને ચર્મ ચૂંથે,
મનુષ્ય જનમ પામી, કાં પડચા કર્મ કૂથે ? ૨
અધરમ કરી કોને લેખવે કાં ન લેખે ?
ગુપત ગણી કરે છે, દેખનારોજ દેખે !
તરૂણી ભણી વ'વાયો નેટ તો માંસપોટો,
ભવ તરી નથી જાવું દીસતો સંચ ખોટો. ૩

કાળ રૂપી માળી ચાળવે છે તથા તેનાં સુકુસુમ (સારાં ફૂલ) તે ચુંટે છે. મતલબ કે કેટલાક પુષ્પાવસ્થામાંજ નાશ પામે છે અને કેટલાક ફળરૂપ થયા પછી (જન્મ પામ્યા પછી) નાશ પામે છે. તરૂવર–વૃક્ષ (મનુષ્ય). નિરમિતવશ–પ્રારબ્ધાધીન. એ:ગળે–ફાલે. 'આગળે પાઠાંતર. હૂલે–હૂલી જાય–તેને ફળ આવવાં બંધ પડે. મતલબ કે જગતમાં જન્મ મરણાદિ ઇશ્વિરાધીન છે માટે તે સંબંધી હર્ષ શોક કરવો નહિ.

૨ તિમિર–અંધારૂં. તત્વ દ્દ૦–તેમની દૃષ્ટિમાં તત્વ (સત્ય) આવતું નથી–સત્યને તેઓ ઓળખી શકતા નથી. મલિન દ્દ૦—હે મલિન મનુષ્ય ! તું હરિભક્તિ રૂપી ચીરને છોડીને વિષય રૂપી ચામડાને ચુંથે છે !! અથવા મલિન–(ચર્મનું વિશેષણ). કર્મકૂથે–કર્મની કડાકૂટમાં અથવા કર્મ રૂપી કૂથામાં (કોહાવણ) માં.

૩ અધરમ દ્દ૦—તું અધર્મ કરીને લેખામાં કેમ લેખવતો નથી ? તું એ અધર્મ ગુપ્ત ગણી (માની) ને કરે છે, પણ તેને દેખનારો ઇશ્વર તો દેખેજ છે. મહાભારતમાં લખે છે કે—

" आदित्यचंद्रावनिलोऽनलश्च द्यौर्भूमिरापो हृदयं यमश्च ।
अहश्च रात्रिश्च उभे च संध्ये धर्मोपि जानाति नरस्य वृत्तम् "

મનમથ મતિ ચોરે સર્વથા સાહીં ઝૂંટે,
ધરમ પથ પળાતાં લોકની વાટ લૂંટે;
ભવકૃત ભય જાવા એક મોટો ઉપાય,
સકળ કૃત સમર્પી સેવ વૈકુંઠરાય. ૪
સ્મર નર પલટાશે આજ કે કાલ કાયા,
જળબુદબુદ જાયા માંડ માયા ભરાયા;

અર્થ—સૂર્ય, ચંદ્ર, વાયુ, અગ્નિ, અંતરિક્ષ, પૃથ્વી, જળ, હૃદય, યમ, દિવસ, રાત્રિ, પ્રાતઃકાળ, સાયંકાળ, અને ધર્મ, એ ચૌદ જણ નિરંતર મનુષ્યનાં આચરણ જોયા કરે છે." તરૂણી ઇ૦—તું સ્ત્રી તરફ જોઇને વ'વાયો (છેતરાયો), પણ નેટ (આખર-નિશ્ચય) તો તે માંસનો પોટો (પોટલો કે પરપોટો) છે ? એનું સેવન કરીને ભવ (સંસાર) ને તરી જવું નથી-સંસાર તરાવાનો નથી; એને વિષે જે સંચ દેખાય છે તે ખોટો દેખાય છે.

૪ મનમથ-કામદેવ. સાહી- પકડીને "મનમથ મહાચોર સર્વથા સોહિ જૂઠે" એવો પાઠ પણ છે. ધરમ પ૦— અર્થાત્ ધર્મ આચરનારાઓનો ધર્મ, કામાદિ વાસનાઓથી નાશ પામે છે. ભવકૃત-સંસારે કરેલો. સકળ કૃત સમર્પી-સર્વ કર્મ ઇશ્વરને અર્પણ કરીને તેને ભજ શ્રીમદ્ભગવદ્ગીતામાં પણ કહે છે કે—

"यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत्।
यत्तपस्यसि कौंतेय तत्कुरुष्व मदर्पणम्॥
शुभाशुभ फलैरेवं मोक्ष्यसे कर्मबंधनैः।"

અર્થ—"તું જે કરે છે, જે ખાય છે, જે આપે છે, જે તપ કરે છે તે સર્વે મને અર્પણ કર. એમ કરવાથી શુભ અને અશુભ ફળ આપનારાં કર્મ રૂપી બંધનથી તું મુક્ત થઈશ."

જનમ મરણુ મોટી તાહરે પાગ બેડી;
સ્વજન સહિત ઝાલે કાળ કોટે અહેડી. ૫
મનુષ્ય જનમ પામી કે' કશું કામ સીધ્યું ?
અભર ઉદર પૂરી અન્ન ઉચ્છિષ્ટ કીધું;
સકળ સુકૃત હારે બૂડતો કર્મભારે,
સમજી હજી ભજી લે, નાથજી નાથ તારે. ૬
પ્રથમ જનક તારા પારણે બાળ ઝૂલ્યા,
તનુ ધન મન ભૂલ્યા જોબને ફોક ફૂલ્યા;
અનુક્રમ અટવાયા તે જરા મર્ણ પામી,
ભજ ત્યમજ પડ્યો છે હારચમાં તું હરામી ! ૭

---

૫ સ્મર—સંભાર. પલટાશે—બદલાશે—યુવા મટી વૃદ્ધ થશે. જળબુદબુદ ઇ૦—જાયા (સ્ત્રી) જળના બુદબુદ (પરપોટા) જેવી છે, તેની માંડ (મિથ્યા) માયામાં તમે ભરાયા છો ! કાળ ઇ૦—કાળ રૂપી અહેડી (શિકારી) તને કોટે ઝાલશે.

૬ અભર ઇ૦—અભર (કદાપિ ભરાય નહિ એવું) ઉદર પૂરીને અન્નને ઉચ્છિષ્ટ કીધું—એંઠું કર્યું–બગાડયું ! મતલબ કે જે કદી ભરાય નહિ એવું પેટ ભરવાનો તેં મિથ્યા પ્રયત્ન કર્યો પણ એ વડે કાંઇ પુરૂષાર્થ સધાયો નહિ ! સુકૃત—પુણ્ય. કર્મભારે—કર્મ રૂપી ભારવડે. નાથજી ઇ૦—નાથજી (ઇશ્વર) એ નાથ (ધણી) છે તે તને તારે (તારશે).

૭ જેમ તારા પૂર્વજો નાશ પામ્યા તેમ તું પણ નાશ પામીશ, એ નિશ્ચય છે માટે હરિને ભજ, એવો ઉપદેશ કરે છેઃ પ્રથમ ઇ૦—તારા જનક (બાપ) પણ પ્રથમ બાળક હતા તે પારણામાં ઝૂલ્યા હતા, તે પછી તન, ધન અને મનવડે ભૂલ્યા હતા, તથા જુવાનીમાં

ભુવન કરમ ઓથે એ રહ્યો કાળ પાપી,
નિરખ નિકટ આવે, નાખશે કંઠ કાપી ! !
વિષમ વિષય ભક્ષી, ઊડશે જીવ પક્ષી,
ભગતિ તરૂ ફળ્યો છે, સંત વાડી વળ્યો છે ? ૮
મુકુર મુખ નિહાળે શું સમારે સ્વરૂપ ?
ગરવ મ કર યંત્રી યંત્ર દેખી અનુપ;
શઠક ! શિથિલ થાશે રોગમાં ગોવકાશે,
શુભ સ્વર પલટાશે, તાહરૂં માન જાશે ! ૯

ફોકટ ફૂલ્યા હતા, તે અનુક્રમે જરા (વૃદ્ધાપકાળ) અને મરણ પામીને અટવાઈ ગયા છે; હે હરામી ! તું પણ તેજ રીતે હારયમાં પડયો છે એટલે બાળક થયો છે અને પારણે ઝૂલ્યો છે, તનુ ધન અને મનવડે ભૂલીને જુવાનીમાં મિથ્યા ફૂલ્યો છે, તથા તેમની પેઠે જરા અને મરણ પણ પામીશ. માટે હરિને ભજ.

૮ ભુવન ઇ૦—કર્મરૂપ ભુવન (ઘર) ને ઓથે એ પેલો પાપી કાળ રહ્યો ! અર્થાત્ હું તેને જ્ઞાનદષ્ટિથી દેખું છું, પણ તેની અને તારી વચ્ચે કર્મરૂપી ભુવનની આડચ હોવાથી તું તેને દેખતો નથી. નિકટ—પાસે. કાળ પાસે આવશે ત્યારે તારા દેહ રૂપી વૃક્ષ ઉપરથી વિષમ એવા વિષયને ભક્ષણ કરનારો જીવરૂપી પક્ષી ઊડી જશે. અર્થાત્ વિષમ સુખ દુઃખને આપનારા વિષય ભોગવતાં ભોગવતાંજ તું મૃત્યુ પામીશ. ત્યારે હવે શું કરવું ? ભગતિ ઇ૦—સંત રૂપી વાડીમાં ભક્તિ રૂપી તરૂ ફળ્યો છે, ત્યાં એ જીવરૂપી પક્ષી વળ્યો છે ? અર્થાત્ જો એમ હોય તો ઠીકજ છે.

૯ મુકુર—દર્પણ. મ કર—ન કરીશ. યંત્રી—દેહ રૂપી યંત્ર

તનુ ધન મદમાતા, અંગના રંગ રાતા,
વિષય પથ પળાતા, પામરા પાન ખાતા;
વિપત વશ પઢાશે, કાંઇ આવે ન પાસે,
ક્ષયવશ તનુ થાશે, જો પડયા પૂઠ ખાશે. ૧૦

ગરવિત ચઢી ઘોડે, કાં રહ્યો મૂછ મોડે ?
કપટી દિવસ થોડે, આ પડયો કાળ ઓડે !
કટિતટ ગતિ ભંગ, રૂંધશે રોગ અંગ,
પલિત ગલિત રંગ, ભોગ થાશે ભુજંગ. ૧૧

(સાંચા) વાળો—જીવ હે જીવ ! તું અનુપ (જેને બીજાની ઉપમા ન આપી શકાય એવા) આ દેહ રૂપી યંત્રને જોઇને ગર્વ ન કરીશ. અર્થાત્ જેવા બીજા યંત્રો છે તેવો આ દેહ પણ એક યંત્ર છે, તેનો ગર્વ શો કરવો ? શઠક !—હે શઠ ' શિથિલ થાશે—ઢીલો થઇ જશે (દેહ રૂપી યંત્ર). ગોવડાશે—ગરબડશે (દેહરૂપી યંત્ર). રોગમાં—' જોગમાં ' પાઠાંતર.

૧૦ અંગના રંગ રાતા—સ્ત્રીઓના રંગમાં અનુરક્ત થયેલા. પથ—માર્ગ. ક્ષયવશ તનુ થાશે—દેહ નાશ પામશે. જો ૫૦—અને જો (વિચારી જો કે) તારા પડ્યા પછી બીજાઓ તારો માલ ખાશે. અથવા તારા પડ્યા પછી તારા દેહને માંસાહારી પ્રાણીઓ ખાશે કે અગ્નિ આદિક ખાઇ જશે.

૧૧ ગરવિત—હે ગર્વવાળા ! ઓડે—ખેંચી લેશે ! કટિ ૫૦—કટિના તટ (કાંઠા)ની ગતિ ભંગ થશે. પલિત—પળિયાંવાળો. ગલિત—ગળી ગયેલો. ભોગ ૫૦—તેં જે ભોગ ભોગવ્યા હશે તે તે વખતે ભુજંગરૂપ થઇને તને દુઃખ દેશે. સરખાવો—"भोगेरोगभयं." ઇત્યાદિ.

ભવ સરવર મોહું તોય ક્યાંહે ન ખૂટે,
જલ બુદબુદ ઝાઝાં ઉપજે સદ્ય ફૂટે;
ઝબક્તિ ઝળકંતા, માંહ્ય માંહે મળંતા,
જનમ મરણુ મોટો વાયુ વાતે ટળંતા. ૧૨
નિશદિન ભવ મધ્યે શ્યામ ને શ્વેત ચોર,
અનુચર અતિ તેના આઠ ને સાઠ ઘોર;
સપત ગઢ વિદારી રત્ન આયુષ્ય ચોરે,
ગૃહપતિ અતિ માયા ઉંઘ આધીન ઘોરે. ૧૩

૧૨ તોય—પાણી. બુદબુદ—પરપોટા. ઝબક્તિ—ઇ૦—કેટલાક પરપોટા ઝબક લેઇને ઝલકી ઉઠે છે અને માંહોમાંહે મળી જાય છે; પણ વાયુ વાતાં તે ટળંતા (નાશ પામે છે). આ ચૈતન્ય રૂપી મોટા સરોવરમાં માયારૂપી પવનના યોગથી અનેક દેહ રૂપી પરપોટા ઉત્પન્ન થાય છે. અને વળી તેજ માયા રૂપી પવનથી કાળે કરીને તે નાશ થાય છે. જન્મ મરણુ એ માયા સમજવી.

૧૩ નિશદિન ઇ૦—ભવ (સંસાર) મધ્યે નિશારૂપી શ્યામ (કાળો) ચોર અને દિનરૂપી શ્વેત ચોર છે. વળી આઠ (પોહોર) અને સાઠ (ઘડી) એ તેના અતિ ઘોર (ભયાનક) અનુચર (સેવક) છે. તે સાત ધાતુ રૂપી સપત (સપ્ત) ગઢ વિદારી (ફાડી) ને તેમાંથી આયુષ્યરૂપી રત્નને ચોરે છે, એમ છતાં ગૃહપતિ (દેહરૂપી ઘરનો ધણી—જીવ) માયા રૂપી અતિ ઉંઘને આધીન થઇને ઘોરે છે. મતલબ કે દિવસે દિવસે આયુષ્ય જતું રહે છે, પણ માયાના મોહમાં પડેલો માણુસ જાણુતો નથી. પુરાણુમાં કહે છે કેઃ—

“ आदित्यस्य गतागतैरहरहः संक्षीयते यौवनं
व्यापारैर्बहुकार्यभारगुरुभिः कालो न विज्ञायते।

વસંતતિલકા.

કામાદિ સંગતિ નિરાજન નાશકારી,
જેમાં ચતુર્દશ કવિત્ત કર્યાં વિચારી;
વૈરાગ્યદીપક વિષે મનનો વિલાસ,
રત્નેશ્વરે રચિત એ પ્રથમ પ્રકાશ. ૧૪

इति श्रीवैराग्यदीपके प्रथमः प्रकाशः ॥ १ ॥ सर्गः ७ ॥

પ્રકાશ ૨ જો.

રથોદ્ધતાવૃત્ત.

કર્મ મૂળ મનુષ્યાવતાર ત્યાં, કલ્પવૃક્ષ પ્રગટ્યો વિચારતાં;
જેહ મધ્ય શત શાખ શોભતી, બાર બાર લઘુ શાખ લોભતી. ૧

दृष्ट्वा जन्म जराविपत्तिमरणं त्रासश्चनोत्पद्यते
पीत्वा मोहमयीं प्रमादमदिरामुन्मत्तभूतं जगत् ॥"

અર્થ—"હરરોજ સૂર્યના ઉદય અને અસ્તની સાથે માણસની જુવાની ક્ષય પામી જાય છે તથા ઘણાક મોટા કારભારવાળા વ્યાપારને લીધે જતો કાળ જાણવામાં આવતો નથી. વળી બીજા માણસનો જન્મ, જરા, વિપત્તિ અને મરણ જોવામાં આવે છે તેમ છતાં ત્રાસ પણ ઉપજતો નથી. માટે એમ માલમ પડે છે કે મોહથી ઉત્પન્ન થયેલી અસાવધપણારૂપી મદિરાનું પાન કરીને જગત્ ઉન્મત્ત થયું છે."

૧૪ નિરાજન—પટલ—અંતરાય (?)

૧ મનુષ્ય જન્મને વૃક્ષનું રૂપક આપી વર્ણે છેઃ કર્મ મૂળ ૯૦—

પત્ર છત્રીશ સહસ્ર જેહને, ભક્તિ ફૂલ ફળ મુક્તિ તેહને;
એક પત્ર સિત શ્યામ વ્યક્ત છે, મધ્ય નીલ સપવિત્ર રક્ત છે. ૨
એક પત્ર નિત કાળ ભાજતો, કો સમે કલપવૃક્ષ ગાંજતો;
પુષ્પ પ્રીમળ પરાગ ચાખરે, જીવ પક્ષી ફળ ભક્ષી રાખરે. ૩

મનુષ્યાવતાર રૂપી કલ્પવૃક્ષ, વિચારી જોતાં કર્મરૂપી મૂળમાંથી પ્રગટયો છે. શત શાખ—સો (વર્ષ રૂપી) મોટાં ડાળ. મનુષ્યનું આયુષ્ય સો વર્ષનું માનીને આ વર્ણન કરેલું છે. કેમકે વેદમાં મનુષ્યનું પરમ આયુષ્ય સો વરસનું કહેલું છે. બાર બાર લઘુ શાખ (નાની ડાળીઓ)—પ્રત્યેક વરસના બાર બાર માસ રૂપી.

૨ પત્ર છત્રીશ સહસ્ર—એક વરસના ત્રણુસો સાઠ પ્રમાણે સો વરસના છત્રીશ હજાર દહાડા રૂપી પત્ર! ભક્તિ ૪૦—તે વૃક્ષને ભક્તિ રૂપી ફૂલ આવે છે તથા મુક્તિ રૂપી ફળ આવે છે. એક ૪૦—એ વૃક્ષનું એક એક પત્ર (એક પાસે) સિત (ધોળું) છે અને (બીજે પાસે) શ્યામ (કાળું) છે, એ વાત વ્યક્ત (સ્પષ્ટ) છે. અર્થાત્ રાત્રી કાળી છે અને દિવસ ધોળો છે. તે પત્રનો (એક પાસાનો) મધ્ય ભાગ નીલ (નીલો) છે તથા (બીજા પાસાનો) મધ્ય ભાગ પવિત્ર (તેજઃપુંજ) સહવર્ત્તમાન રક્ત (રાતો) છે. અર્થાત્ મધ્યરાત્રી અંધકારમય છે. પરંતુ તારાઓના પ્રકાશથી લગાર તેજસ્વી દેખાય છે માટે નીલવર્ણની છે; તથા મધ્યાન્હકાળ સૂર્યના પ્રકાશથી રાતો છે તથા પવિત્ર સૂર્યવાળો છે.

૩ પત્ર—દહાડા રૂપી. દરરોજ આયુષ્ય વૃક્ષનું એક એક પત્ર ભાગે છે. અને એમ કરતાં કરતાં કોઇ સમયે લાગ આવે તો તે કાળ આખા કલ્પવૃક્ષને પણુ ગાંજતો—અર્થાત્ નાશ કરે છે. માટે હે જીવ રૂપી પક્ષી! એ મનુષ્યાવતાર રૂપી કલ્પવૃક્ષના ભક્તિ રૂપી પુષ્પનો

કો નથી શઠ ! કુટુંબ અર્થનું, સર્વ કો સુખ સગુંજ ગર્થનું;
પૂર્વજન્મકૃત ભોગ દોષ ત્યાં, વૈર પ્રીતિ સહુ કોય પોષતાં. ૪
ઊંચ નીચ નર ઈશ્વરે કર્યાં, સર્વ આપ અભિમાનશું ભર્યાં;
જો ન હોત અભિમાન એઠતા, (તો) કોણ નીચ અવતાર વેઠતા ? ૫
દુષ્ટ ! ગોષ્ટિ ગમતી વિષે રહ્યો, સ્ત્રૈણ ! સંગમ સુખે કરી ગ્રહ્યો;
સુંદરી વચન વારિમાં વહ્યો, તેહ માટ નવ નાથજી લહ્યો ! ૬

પ્રીમળ (પરિમલ—સુગંધ) ચાખ—અર્થાત્ સુધ—અનુભવ. અને પછી તે વૃક્ષના મુક્તિ રૂપી ફળનું ભક્ષણ માત્ર રાખ. મતલબ કે ભક્તિ કરીને મુક્તિ પામ અથવા જીવન્મુક્ત થઇને રહે.

૪ સુખ સગું ઇ૦—સુખનું અને ગર્થનું સગું છે. પૂર્વજન્મ ઇ૦—ત્યાં (એ મનુષ્ય જન્મમાં) પૂર્વ જન્મનાં શુભાશુભ કૃત્યનો ભોગ ભોગવવો પડે છે એ રૂપી દોષ છે, તે વડે સહુ કોઈ વેર અને પ્રીતિનું પોષણ કરે છે. અર્થાત્ પૂર્વ જન્મના સંસ્કાર પ્રમાણે કોઈ વૈરી થઇને દુઃખ દે છે અને કોઇ સ્નેહી થઇને પ્રીતિ રાખે છે. વસ્તુતઃ એ વેરને પ્રીતિ પણ અસત્ છે, માટે વૈરી ઉપર દ્વેષ ન રાખીશ કે સ્નેહી ઉપર પ્રીતિ ન રાખીશ—પ્રીતિ ને દ્વેષ બન્નેથી નિર્મુક્ત થઈ જા.

૫ એઠતા—એંઠવાડો—દુર્ગુણ (?) કોણ ઇ૦—તો નીચ અવતાર પામીને જીવે કોણ ? પણ અભિમાન છે માટેજ ચાંડાલાદિ પણ પોતાને મોટા માનીને તેમાં આનંદ માને છે.

૬ ગોષ્ટિ—વાત—બાબત. સ્ત્રૈણ—હે સ્ત્રીલંપટ ! સંગમ ઇ૦—સ્ત્રી સંગમના સુખે કરીને ગ્રહ્યો—ઝલાયો. મતલબ કે તેમાં આસક્ત થયો. વચનવારિમાં—વચનરૂપી પાણીમાં. અર્થાત્ તેનું કહ્યું કર્યું. તેહ માટ—તે સ્ત્રીને સંતોષ પમાડવાની ખાતર—તેને પ્રસન્ન કરવાના કામમાં આસક્ત રહીને.

મૂઢ! ગૂઢ વિષયે વહ્યો ગયો, શાસ્ત્ર અધ્યયન અર્થ શો થયો?
એક આતમપણું વિચારજે, વાધતી વિષય વૃત્તિ વારજે. ૭
કાળ બાજ શિર ઉપરે ફરે, જાણતો થઈ અધર્મ કાં કરે?
હાથ દીપ ધરી કૂપ કાં પડે? રત્ન વિક્રય વરાટિકા વડે? ૮
મૂઢ મોટમ મનુષ્ય ચાતુરી, આણ અંત હરિ ભક્તિ આતુરી;
શું થયું સકલ લોક માનતા, થાય સુકૃત સમૂહ જાણતા. ૯
કાચ કંકણ સમાન એહનું, કાં કરે તું અભિમાન દેહનું;
આજ કાળ અધુનાય ભાગશે, જીવજ્યોતિ નિજ ઠામ લાગશે. ૧૦

---

૭ ગૂઢ—છાના; અર્થાત્ મનમાં ઢંકાઇ રહેલી વિષય વાસનાને લીધે તું સંસારમાં વહ્યો ગયો. અથવા ગૂઢ (કોઇથી પાર ન પમાય એવા) વિષયમાં વહ્યો ગયો. શાસ્ત્ર ૦—અધ્યાત્મ વગેરે શાસ્ત્ર તું શીખ્યો તેથી તારો અર્થ શો થયો? ત્યારે શું કરવું? તે કહે છેઃ એક ૦—સર્વત્ર એક આત્મા વ્યાપ્ત છે એમ વિચારજે અને વિષયની વૃત્તિ જે વધતી જતી હોય તેને અટકાવજે-વિષયમાં જતા મનને દૃઢતાથી રોકજે.

૮ શા માટે વિષય તરફ જતી વૃત્તિને રોકવી? કાળ ૦ જાણતો—જ્ઞાની—જાણનારો. રત્ન ૦—વરાટિકા (કોડી) વડે રત્નનો વિક્રય કરે છે?-વિષય રૂપી કોડી લેઇને મનુષ્યજન્મ રૂપી રત્ન આપી દે છે? અર્થાત્ એવું ન કરવું.

૯ અભિમાનાદિને તજવાનો ઉપદેશ કરે છેઃ મૂઢ ૦ અંત—અંતરમાં અથવા અંત્ય—છેવટે. આતુરી—આતુરતા. શું ૦—કદાચ તને સકલ લોક માનતા (માનનારા) થાય અને તારાં સુકૃતના સમૂહને જાણતા (જાણનારા) થાય, તેથી શું થયું? અર્થાત્ એ તો કેવળ તારો દંભ છે.

૧૦ દેહનું—'તેહનું' પાઠાંતર. અધુનાય—હમણાય પણ. જીવ૦

તેડશે ધરમરાજ જેહને, કોણ રક્ષણ કરેજ તેહને;
એક મધ્ય પદ એક ઊછરે, એમ જો જગત ઝાંખતાં મરે. ૧૧
જેહ ગેહ ગજ વાજી ગાજતા, સંપદા સકળ રૂપ રાજતા;
જે જ્યહાં વિષય તે ત્યહાં રહ્યા, તેહ દેહ તજી ખેહમાં ગયા. ૧૨
જેહનું જતન કૃષ્ણજી કરે, તેહને કવણ હેરતા હરે?
તું થકી અધમ! અર્થ શો સરે? ધૂમ્રબાચક વિચારી કાં ભરે? ૧૩
જેટલું નિમિત તાહરૂં હશે, તે કદાપિ નવ કોઇનું થશે;
અન્યનું અલપ તાહરૂં નથી, ભેદ ટાળી ખળ! વેદ જો કથી. ૧૪

જ્યોતિ–જીવરૂપી જ્યોતિ. નિજ ઠામ ઈ૦–પોતાના કર્મે કરીને ઉપાર્જિત કરેલા ઠામમાં જશે.

૧૧ તેડશે ઈ૦—અર્થાત્ જેનું મોત આવશે, તેનું રક્ષણ કોણ કરે એવું છે? તેહને–તેહનું. એક ઈ૦–જગતમાં એક જણ મધ્ય પદને (યુવાવસ્થાને) પામે છે, એક ઊછરે છે, (અને તેની પૂર્વેના મરે છે), એમ જગત્ ઝાંખતાં (જોતાં જોતાં) મરે છે, તેને તું જો.

૧૨ જેહ ગેહ–જેને ઘેર. સંપદા ઈ૦–સંપત્તિના સકળ રૂપવડે જેઓ રાજતા (શોભતા) હતા. ખેહમાં—ધૂળમાં. 'દેખતા' પાઠાંતર.

૧૩ જતન—અર્થાત્ રક્ષણ. કૃષ્ણજી—પરમેશ્વર. હેરતા—જોનારો–લઈ જવાને તાકી રહેલો. હરે—લઇ જઇ શકે? ધૂમ્રબાચક–વિષય રૂપી ધૂમાડીના બાચકા.

૧૪ નિમિત્ત ઈ૦—અર્થાત્ જેટલું ધન વગેરે તારા નિમિત્તનું વિધિએ નિર્માણ કર્યું હશે. ભેદ ઈ૦—માટે હે ખળ! ભેદને ટાળીને તું વેદને કથી જો—વેદનું કથન કથી જો—વેદમાં શું કહ્યું છે તે વિચારી જો. જેમકે, "**ईशावास्यमिदꣳ सर्वं यत्किंचिज्जगत्यां जगत्। तेन त्यक्तेन भुंजीथा मा गृधः कस्यचिद्धनम्**" ઇત્યાદિ. અર્થ—આ પૃથ્વી પર જે કાંઇ છે તે સર્વમાં પરમેશ્વર વ્યાપી

શાર્દૂલવિક્રીડિતમ્.

શાને તું અદ્ભુત ભીતિ મનમાં આણે રિપુ રાજની,
ચિંતા શી શઠ! કાલ્યની અધમ જો આશા નથી આજની!
તું કે તે મરશે, કુબુદ્ધિ ફરશે, સંયોગ ભાગી જશે,
ચિંતા પર્ણકુટીજ પાધર પડી વંટોળ ઊડી જશે. ૧૫

વસંતતિલકા.

દુર્ભાગ્ય ભાજન સનાતન સ્નેહ સાધ્યો,
વૈરાગ્યદીપક સુસંગતિ વર્ત્તિ વાધ્યો;
સંસાર મંદિર વિમોહ થશે વિનાશ,
રત્નેશ્વરે રચિત એ દ્વિતીય પ્રકાશ. ૧૬

इति श्रीवैराग्यदीपके द्वितीय प्रकाशः ॥ २ ॥ सर्गः ॥ ८ ॥

રહ્યો છે. માટે આ મારૂં અને આ પારકું એવો ભેદ તજી દેવો. તથા "તે પરમેશ્વરે તને જે આપ્યું હોય તે તું ભોગવ, પણ બીજાનું ધન લેવાની લાલચ રાખીશ નહિ." કેમકે જે તારૂં હશે તે એ પરમેશ્વર તને આપશે, અને બીજાનું બીજાને આપશે.

૧૫ શત્રુ આદિકનો ભય પણ ન રાખવો એ વિષે કહે છેઃ શાને ઈ૦. રિપુરાજની—શત્રુ રાજાની અથવા મોટા શત્રુની. આજની–આજ જીવવાની. કુબુદ્ધિ—'કે બુદ્ધિ' પાઠાંતર. સંયોગ ઈ૦—અથવા તારો અને તારા શત્રુનો સમાગમ નહિ થાય. ચિંતા ઈ૦—અને એવી રીતે ચિંતારૂપી પર્ણકુટી પાધરમાં (નિરાધાર) પડીને વંટોળિયાથી ઉડી જશે. પાધર–'પાધરિ' પાઠાંતર.

૧૬. દુર્ભાગ્ય અર્થાત્ જન્મ ધારણ કરવા રૂપી દુર્ભાગ્યથી ઉત્પન્ન થયેલો નર દેહ રૂપી ભાજન (પાત્ર) માં સનાતન (અનાદિકાળ) રૂપી સ્નેહ (તેલ) થી સાધ્યો (સિદ્ધ કર્યો–પ્રકટાવ્યો) અને સુસં-

પ્રકાશ ૩ જો.

પ્રમિતાક્ષરાવૃત્તમ્.

જુગ કોટિ જીવ તુજનેજ થયા, સહુ તેહ મોહ મદભેર ગયા;
સ્પરશી વળ્યો સકળ લોક વિષે, તોંય ચિત્ત તૃપ્ત ન થયું નિમિષે. ૧
અવતાર લીધ બહુ સ્થાવરમાં, પશુપક્ષિ કીટ નર કિન્નરમાં;
બહુ વાર સ્વર્ગ સુખમાં વિલસ્યો, તોય અત્ય અર્થ ઉદયો ન કશ્યો. ૨
કંઇ કાળ રંક કંઇ છત્રપતિ, ગજરાજ વાજિ સુખપાલરતિ;
સુખ ભોગવ્યાં સુકૃત શીશસટે, દુઃખ ભોગવ્યાં દુકૃત દેશવટે. ૩

ગતિ રૂપી વર્તિ (વાટ-દીવટ) વડે વાધ્યો (પ્રકાશિત થયેલો) આ વૈરાગ્યરૂપી દીપક છે. એ દીવાથી સંસાર રૂપી મંદિરમાંના વિમોહ (મોહ) રૂપી અંધકારનો વિનાશ થશે. એવા વૈરાગ્યદીપકનો દ્વિતીય-પ્રકાશ રત્નેશ્વરે રચ્યો છે.

૧ પ્રમિતાક્ષરા—**સજસસ**. અનાદિ કાળથી જીવ જન્મમરણ રૂપ સંસારમાં પડેલો છે એમ વર્ણે છેઃ જુગ ઈ૦—' એમ ' પાઠાંતર. સ્પરશી વળ્યો—અર્થાત્ જન્મ ધારણ કરી ચૂક્યો—જઇ આવ્યો. તોય—એમાં ' તો ' ગુરૂ છતાં લઘુ જેવો ઉચ્ચાર થાય છે માટે એને લઘુ ગણ્યો છે. દલપતરામ પણ પોતાના પિંગળમાં કહે છે કે, "પણ જાણો લઘુ જો સુખે, લઘુ જેવો બોલાય."

૨. સ્થાવરમાં—વૃક્ષ વગેરે સ્થિર જીવોમાં. કીટ—કીડા. કિન્નર—દેવની એક જાતિ. તોય ઇ૦—તો પણ અત્ય (અતિશય) અર્થ કશો ન ઉદયો (ઉદય પામ્યો)—કાંઇ સાર્થક થયું નહિ કે પરમાર્થ સાધ્યો નહિ.

૩ છત્રપતિ—રાજા. વાજિ—ઘોડા. સુખપાલરતિ—સુખપાળમાં પ્રીતિવાળો (થયો). સુખ ઈ૦—શીશસટે સુકૃત કરીને તે સુકૃતવડે

જઠરાગ્નિએ જઠર જોર દમ્યો, બહુ મેરૂ તુલ્ય અતિહાર જમ્યો;
જલ સાત સાગર સમો અચમ્યો, તોય નેટ પેટ અગનિ ન શમ્યો! ૪
મશકુપિકા ગગન જીવ ભર્યો, તું કુટુંબ કામી થઇ તેઽવતર્યો;
તોય તું કુટુંબ જનનો રસિયો, એહ માટ નેટ નરકે વશિયો. ૫
અભિમાન મૂક ધન મંદિરનું, તજી માન ધ્યાન ધર તું હરિનું;
વિલયે જશે સુખ સમૂહ સહી, નૃપ સંપદા નવ કદાય રહી. ૬
કોઈ કાળ તું સુત થયો ઽન્યપિતા, સુત તેહ તું જનક એમ થતા;
કોઇ કાળ સેજ સુખ સંયુગતા, કોઇ કાળ દેહ દુઃખ રૂપ ચિતા. ૭

મળતાં સુખ પણ તેં ભોગવ્યાં; તેમ દુકૃત (દુષ્કૃત) વડે મળતાં દુઃખ દેશવટે રહીને પણ ભોગવ્યાં. અથવા દેશવટો ભોગવવો પડે એવાં દુષ્કૃત કરીને તેથી મળતાં દુઃખ પણ ભોગવ્યાં.

૪ જઠરાગ્નિએ ઇ૦—જઠરાગ્નિએ જઠરમાં જોર કરીને તને દમ્યો તેથી બહુ—મેરૂની બરોબર, અતિશય હાર (આહાર) જમ્યો. અચમ્યો—આચમન કરી ગયો.

૫ મશકુપિકા ઇ૦—મશકુપિકા (ઉમૈડાના ફળ)માં જેમ અસંખ્યાત જીવ ભરેલા હોય છે, તેમ ગગનમાં પણ સઘળે જીવ (જીવસમૂહ) ભર્યો છે. તું કુટુંબનો કામી (ઇચ્છાવાળો) થઇને તે રૂપે અવતર્યો. "તુકુજ કુટુંબ થઇ તે ઽવતર્યો" એવો પાઠ છે. એમ તેં, અનંત કોટિ અવતારમાં અનંત કોટિ કુટુંબ મેળવ્યાં છે. તોય તું કુટુંબ જનનો રસિયો છે, અને તે કુટુંબને પોષવાને અધમ કર્મ કરીને તેમને માટે અંતે નરકમાં પડવાને પણ તૈયાર થાય છે.

૬ વિલયે—નાશમાં. નૃપસંપદા—રાજાની સંપત્તિ.

૭ ઽન્યપિતા (અન્યપિતા)—બીજાનો બાપ. સુત ઇ૦—તેહ તું સુત થયો અને તે જનક થયો. એમ બહુવાર થતા—વારા ફરતી જન્મ

કોઇ કાળ અમૃત અહાર ગળ્યો, કોઇ કાળ રૂક્ષ રસહીન મળ્યો;
સુકુમાર યત્ર નવ હાર સહ્યો, કોઇ કાળ તેહ શિર ભાર વહ્યો. ૮
કોઇ કાળ અંબર અનુપ ધર્યો, કોઈ કાળ જીર્ણ જડ મેલ ભર્યો;
કોઇ કાળ તીક્ષણુ તુરંગ પળ્યો, કોઈ કાળ પાગ પથહીન ચળ્યો. ૯
બહુવાર દુઃખ સુખતા પ્રગટી, અવતાર કૂપ અરહંટ ઘટી;
અધ ઊર્ધ્વ લોક ભવમાં ભટક્યો, તોય કાળ ઝાળ બળથી ન ટક્યો. ૧૦
શઠ ! શું કરે તું તરૂણી તરૂણી, ધરણી વિકાર મળની ભરણી;
મનુષ્યાવતાર કરની કરણી, હરિભક્તિ મુક્તિ પદની સરણી. ૧૧

ધરતા. સેજ ૪૦–સુખથી સંયુગતા (સંયુક્તા–યુક્ત) એવી સેજ (શય્યા). દેહ–દેહને.

૮ યત્ર ૪૦—જે શરીર ઉપર સુકુમાર હાર પણ ન સહ્યો–ન ઉંચકાયો.

૯ ધર્યો ૪૦—અનુપ અંબર જેણે ધારણ કરેલાં એવો તું. તીક્ષ્ણુ–પાણીવાળો. પાગ ૪૦—કોઇ વખત તું પાગ (પગે) પથહીન (ઉમારગે–ઉવાટે) ચળ્યો–ચાલ્યો.

૧૦ અવતાર ૪૦–(જન્મધારણ) રૂપી કૂપમાં અરહંટ ઘટી—(અરઘટ્ટઘટી—રેહેંટ) ની પેઠે તું અધ (નીચે) તથા ઊર્ધ્વ (ઉપર) લોકમાં ભટક્યો છે. જેમ રેહેંટનાં ઢોળવાં નીચે જાય છે, અને ઉપર જાય છે તેમ તું પણ નીચેના લોકમાં અને ઉપરના લોકમાં ભટક્યો છે. તોય ૪૦–તોપણ કાળની ઝાળના બળથી તું ટક્યો (બચ્યો) નહિ—મુક્તિ પામ્યો નહિ.

૧૧ ધરણીવિકાર—અર્થાત્ પૃથ્વીના વિકાર માંસાદિથી બનેલી. મળની ભરણી–મળનોજ જેમાં ભરાવો થયેલો એવી–મળથી ભરેલી.

કૉઇ કાળ ભૂષણુ સુવસ્ત્ર ધરી, સુતને વિવાહ મન હર્ષ ભરી;
કૉઇ કાળ નેત્ર જળ ધાર વહી, તુજને રડે તનય તાત ! કહી. ૧૨
સુખ ભોગવે ભૂષણુ સાર વસી, કૉઇ કાળ નાર નરશુ વિલસી;
કૉઇ કાળ ભગ્ન રથ ભૂમિ પડી, કહી દૈવ ! દૈવ ! દુખ ભેર રડી ! ૧૩
કૉઇ કાળ શાંતિક પ્રિયા પરણી, કૉઇ કાળ સૂતક ક્રિયા કરણી;
ઇમ હર્ષ શોક નરને નિરમ્યા, તોય કોણુ દુઃખ ભવથી વિરમ્યા ? ૧૪

વસંતતિલકા.

અજ્ઞાનઆવરિત વસ્તુ વિભાસકારી;
જેમાં ચતુર્દશ કવિત્ત કર્યાં વિચારી;
વૈરાગ્યદીપક વિષે મનનો વિલાસ,
રત્નેશ્વરે રચિત આ તૃતીય પ્રકાશ. ૧૫

इति श्रीवैराग्यदीपके तृतीय प्रकाशः ॥ ३ ॥ सर्गः ॥ ९ ॥

મનુષ્યાવતાર ઇ૦–મનુષ્યના અવતારને છાજતી કરણી કરની ? તે કરણી કયી ? એમ કહેશે તો, હરિભક્તિ ઇ૦. સરણી–માર્ગ. ૧૨ તનય–પુત્ર.

૧૩ સાર—' રહેશે ' પાઠાંતર પ્ર. ૨ જી. ભગ્ન ઇ૦–ભાગેલા રથની પેઠે ભૂમિ ઉપરથી.

૧૪ કોઇ કાળ–કોઇ કાળે શાંતિક (ગ્રહશાંતિક) કર્મ કરીને પ્રિયાને પરણી આણે છે, અને કોઇ કાળે ઘરનું માણસ મરવાથી સૂતકની ક્રિયાની કરણી (વિધાન) થાય છે. દુઃખભયથી–દુઃખ રૂપી સંસારથી. વિરમ્યા–તેમાં જન્મ લેતાં અટક્યા.

૧૫ આવરિત—ઢાંકેલી. અજ્ઞાને ઢાંકેલી વસ્તુનાં વિભાસકારી (પ્રકટ કરનારાં) ચતુર્દશ (ચૌદ) કવિત (છંદ) જેમાં વિચારીને (અર્થાત્ સારભૂત હોય તેવાંજ) કર્યાં છે.

वैराग्यसागर.

તરંગ ૧ લો.

વસંતતિલકાવૃત્ત.

સંસાર માંહીં હરિએ કરી મૃત્યુ ઘાણી,
પીલાય જે વિચ પડયા લઘુ દીર્ઘ પ્રાણી;
જે કૈં નિમિત્ત ધરી અંતક આપ હાકે,
તે તાણતે વૃષભ કાળ ક્યમે ન થાકે. ૧

---

૧ સંસાર ઇ૦—હરિએ (જગતકર્ત્તાએ) સંસારમાં મૃત્યુરૂપી (એક) ઘાણી કરી છે; જે ઘાણીની વચ્ચે પડેલા લઘુ (નાના) કે દીર્ઘ (મોટા) પ્રાણી પીલાય છે. જે ઘાણીને કૈં (કોઇ પણ) નિમિત્ત ધરી અંતક (યમરાજા) આપ (પોતે) હાકે છે—અર્થાત્ કોઈ પણ નિમિત્તથી યમ પ્રાણીઓનું મૃત્યુ કરે છે. પણ તે પોતે માથે લેતો નથી. નિમિત્ત વિષે વિષ્ણુશર્મા કહે છે કેઃ—

"जलमग्निर्विषं शस्त्रं क्षुद्व्याधिः पतनं गिरेः
निमित्तं किंचिदासाद्य देही देहान् विमुंचति ॥

"કોઇ જળમાં ડૂબીને, કોઇ અગ્નિમાં બળીને, કોઇ ઝેર ખાઇને, કોઇ શસ્ત્રના ઘાથી, કોઇ ભૂખથી, કોઇ વ્યાધિથી, કોઈ પર્વત ઉપરથી (અર્થાત્ ઉંચેથી) પડીને, એવી રીતે કાંઈ પણ નિમિત્તથી દેહધારી દેહોને છોડે છે." તે ઇ૦—તે ઘાણીને તાણતાં કાળ રૂપી વૃષભ (બળદ) ક્યમે થાકતો નથી.

સંહારકારી હરી વિશ્વ સમસ્ત નાખે,
જે વાતમાં અધમ ઉત્તમને ન સાંખે;
પીલાય કોઇ, કોઇના સ્થિત હાથ ઝાલી,
ઉભા અજાણુ જન કો પર દૃષ્ટિ ઘાલી. ૨

સંસાર રૂપ તરૂ જીવ ફળે ભર્યો છે,
કૃષ્ણેજ કાળ રખવાળ કરી ધર્યો છે;
કોઇક મોર મરૂવા ફળ ત્યાં જડંતાં,
કો ત્યાં અપકવ વળી પકવ થઇ પડંતાં ૩

સંસાર બાજી સરસો કુટિકા સ્વદેહ.
પાસા સ્વકર્મ વશ ગમ્ય અનેક ગેહ;

---

૨. સંહારકારી ઈ૦—સંહાર કરનારો અંતક સમસ્ત (બધા) વિશ્વને હરી નાખે છે—લેઇ લે છે. જે વાતમાં ઈ૦—અને જે વાતમાં (હરી લેવામાં—સંહાર કરવામાં) તે અધમને કે ઉત્તમને સાંખતો (સહન કરતો) નથી. પીલાય ઈ૦—એ ઘાણીમાં કોઇ પીલાય છે, કોઇ કોઇના હાથ ઝાલીને સ્થિત (ઊભા) છે, અર્થાત્ પોતે પીલાઇ ન જાય માટે ગુરૂ વગેરેનો આશ્રય લેઈ ઉભા છે. અને કેટલાક અજાણુ જણુ તો પોતે પીલાવાના છે તે ન જાણુતાં કોઈના પર દૃષ્ટિ ઘાલીને (બીજાને ઠગવાના, દુખ દેવાના, કે તેનું મનહરણુ કરી લેવાના વિચારથી) તેમના સામે જોઇને ઉભા છે.

૩ તરૂ—વૃક્ષ. કૃષ્ણે—ઈશ્વરે. મોર—ગર્ભવાસમાં રહેલો જીવ. મરૂવા—બાળ વયનાં પ્રાણી. ફળ—મોટી ઉમરનાં પ્રાણી. અપકવ—તરૂણુ. પકવ—વૃદ્ધ. પડંતાં—મરતાં.

મારે અને વશ કરે વળી કોઇ ઠામ,
ઉગાર નાર નર તે રમનાર રામ. ૪

જે બાળને અવર આળ કરે વગોતાં,
માતાપિતા પ્રબળ વિહ્‌વળ ચિત્ત હોતાં;
તે બાળને મલિન કાળ હરે સ્વ જોતાં,
દેખી વિટંબ સ્વકુટુંબ રહેજ રોતાં. ૫

મોટી કુટુંબ મય શૃંખલ કંઠ બાંધી,
મર્યાદ રૂપ મહાસ્તંભ સમીજ સાંધી;
જો આ રહ્યો જગતને દુઃખ દૈવ દે છે,
પાસે પડ્યા જન ઘણા ધનપ્રા'ર સે' છે. ૬

પ્રાણપ્રિયા સ્વજન પુત્ર કલત્ર કાવે,
જેને વિયોગ જનને નવ અન્ન ભાવે;

---

૪ સંસાર ઇ૦—સંસાર રૂપી બાજીની સાથે સ્વદેહ રૂપી કુટિકા (સોગટી) છે. સ્વકર્મ રૂપી પાસાને વશ થયેલી તે સોગટીને અનેક ગેહ (ઘર–જન્મ) ગમ્ય છે–પાસાથી જેમ સોગટી અનેક ઘરમાં જાય છે તેમ કર્મથી જીવ અનેક જન્મ ધારણ કરે છે. મારે ઇ૦–આ લીટી પ્ર. ૨ જીમાં નથી.

૫ જે ઇ૦—જે બાળકને અવર (બીજા લોક) વગોતાં (નિંદા કરતાં) આળ કરે, તો તેનાં માતાપિતા પ્રબળ (અત્યંત) વિહ્‌વળ ચિત્તવાળાં હોતાં (થતાં). સ્વજોતાં–પોતાના દેખતાં. વિટંબ–વિડંબના–દુઃખ.

૬. શૃંખલ–સાંકળ. મહાસ્તંભ–મોટા થાંભલો. સમી–સાથે. મર્યાદ–'માજીદ' પ્ર. ૨ જી.

તેનો યદા મરણુ દીર્ઘ વિયોગ હોય,
તે ટાળવા જગતમાં ન સમર્થ કોય! ૭
જે સાથ હાથ કરી લોચન લોલ જોડે,
દેહાભિમાન વશ આળસ અંગ મોડે;
એ સર્વ ત્યાં દિવસ ચારતણુંજ જોણું.
દેખી શકાય દિનરાતતણું વગોણું. ૮
અદ્‌ભુત ચક્ર અહીં કાળતણું ફરે છે,
સંહાર સર્વ જનનો નિત્ય તે કરે છે;
તેણે અપાર સુખ દુઃખ સમારી ધાર,
વીરા! ફરી ફરી તું એ મનથી વિચાર. ૯
કાયા કુટુંબ ધન અંબર સાર જાયા,
તીખા તુરંગ ગજ મંદિર માંડ માયા;

---

૭ કલત્ર—સ્ત્રી. યદા—જ્યારે. દીર્ઘ વિયોગ—લાંબા કાળનો વિયોગ—અત્યંત વિયોગ. તે ટાળવા—મતલબ કે ગમે તેવું વહાલું હોય પણ તેના મરણને કોઇ ખાળી શકતું નથી.

૮ લોલ—ચંચળ. જોણું—જોવાનું. દેખી શકાય ઇ.—પણ આખરે તે રાત દહાડાનું (નિત્યનું) વગોણું છે એમ દેખી શકાય છે. અથવા દેખીશ કાય' એવો છેદ કરીએ તો, એ કાયા એ દિનરાતતણું વગોણું છે એમ દેખીશ. અથવા 'દેખીશ કાંય' એમ છેદ કરીએ તો એ સઘળું કાંઇક (અનિર્વાચ્ય—માયા રૂપ) દિવસ અને રાતનું વગોણું છે એમ તું દેખીશ.

૯ ચક્ર—કાલચક્ર. (વર્ષ જેની નાભિ—નાઇડી છે, બાર માસ જેના આરા છે અને ઋતુઓ જેનાં પૂઠિયાં છે એવું) એના એ આરા, અને એની એ ઋતુઓ ફરી ફરીને આવે છે માટે એને ચક્રનું રૂપ આપ્યું છે.

એ સર્વ ત્યાર લગી જ્યાર લગીજ જીવે,
જો અંધને કવણુ કાજ પ્રકાશ દીવે. ૧૦
સિંધુ નદી નગર મંદિર મેરૂં ધાન્ય,
એ તાહરૂં સરવ છે અણુ માત્ર માન;
પોતાતણું જહીં લગી વચનેજ ભાખે,
જો નેત્રની પલક પર્વત પ્રૌઢ ઢાંકે. ૧૧
કાયા સ્વરૂપ મહકુંજર સત્ય ભાખે,
તે હસ્તિને કરમ મા'વત હાથ રાખે;
અંબાડિયે અખિલ ઈશ્વર આપ બેઠો,
ક્રીડા કરે ગજતણા ઘટ મધ્ય પેઠો. ૧૨

---

૧૦ અંબર—વસ્ત્ર. જાયા—સ્ત્રી. તીખા—તીક્ષ્ણ—પાણીવાળા. માંડ ઇ૦—એ સર્વે માંડ (મિથ્યા) માયા છે. અંધને ઇ૦—આંધળાને જેમ દીવો કામનો નથી, તેમ મૃત્યુ થયા પછી કાયા, કુટુંબ, વગેરે પણ કાંઇ કામનું નથી! કબીર પણ કહે છે કે—"**कहत कबीरा सुनो मेरे भैया! आप मूवे पिछे डुब गई दुनिया!**"

૧૧ સિંધુ-સમુદ્ર. મેરૂ-અર્થાત્ મોટા પર્વત. એ ઇ.—એ સર્વે તું તારૂં છે એમ કહે છે, પણ તે સર્વ અણુમાત્ર અર્થાત્ કહેવા માત્ર તારૂં છે. કેમ કહેવા માત્ર છે? તે કહે છેઃ પોતાતણું ઇ.—જ્યાં લગી તું પોતાના વચનથી એને વિષે પોતાપણું ભાખે છે ત્યાં લગી એ તારૂં છે. (વસ્તુતઃ તારૂં છેજ નહિ) અને પછી મારૂં કેમ નથી? જો ઇ.—નેત્રની પલક પ્રૌઢ પર્વતને ઢાંકે છે, તે તું જો-તારી આંખ મીંચતામાં જેમ મોટો પર્વત ઢંકાઇ જાય છે, તેમ જે પળે તેં તેમના પરથી પોતાપણાનો વિચાર ખેંચી લીધો કે બીજી પળે તે તારાં નથી.

૧૨ મહકુંજર-મહાકુંજર હ્રસ્વનો દીર્ઘ અને દીર્ઘનો હ્રસ્વ

માયા હું જાળ, મન ફાળ, કુરંગ કાયા,
જાયાદિ દાવ, મદ લોભજ શ્વા પળાયા;
સંસારરૂપ મહાપારધિ પૂઠ ધાયો,
ફાળે ફલંગ ભરી સાહી શકે સવાયો. ૧૩

શાર્દૂલવિક્રીડિત.

નાના બાળક અન્ન અન્ન કરતા ખાતા ન દ્રાતા કયમે,
ભૂખ્યા ભોગતણા રમત્ત રસમાં કાળે ગ્રસ્યા તે ગયા;
કાળે ભક્ષ કર્યા મહામદ ભર્યા હું હું કરંતા હર્યા,
જેવા મૂષક યૂથ મધ્ય રમતા માર્જાર મારે યથા. ૧૪

કવિતામાં લખવાની છૂટ જૂના કવિઓ લેતા આવ્યા છે, તે પ્રમાણે ‘ મહ ’ રૂપ થયું છે. દલપતરામ પણ પોતાના પિંગળમાં લખે છે કે “ હ્રસ્વ ઉચ્ચરિયે દીર્ઘને, દીર્ઘ હ્રસ્વ ઉચરાય. ” ઘટમધ્ય–દેહમાં અર્થાત્ ઈશ્વર જેમ અંબાડીમાં છે તેમ ઘટમાં પણ છે–સર્વત્ર વ્યાપક છે–કર્તા છે અને ભોક્તા પણ છે.

૧૩. માયા ઈ૦—‘ હું ’ એવું જે માયાનું રૂપ છે તે જાળ છે, મનરૂપી ફાળ છે, કાયારૂપી કુરંગ (મૃગ) છે, જાયા (સ્ત્રી) આદિક (કુટુંબ વગેરે) દાવ (ફાંદા) છે, મદ અને લોભ એ શ્વાન (કૂતરા) પળાયા (દોડાવ્યા) છે. મદ ઈ૦—‘ મહાશ્વાનજ લોભ લાયા ’ પ્ર. ૨ જી. ફાળે ઈ૦—ફાળ મારી ફલંગ ભરીને તે સવાયો (વેગમાં) પારધિ સાહી શકે એવો છે.

૧૪. દ્રાતા—ધરાતા—તૃપ્ત થતા. ગ્રસ્યા તે—‘ગ્રસ્યાથા’ મૂષક–ઉંદર. યૂથ—ટોળું.

વસંતતિલકા.

સંસાર પર્વત પરાભવ ભૂરિ ભંગ,
કીધાં કવિત્ત વર પંદર ભક્તિરંગ;
રત્નેશ્વરે અખિલ અંતરયામિ અંગ,
વૈરાગ્યસાગર વિષે દ્વિતીય સ્તરંગ. ૧૫

इति श्रीवैराग्यसागरे द्वितीय स्तरंगः ॥ २ ॥ सर्गः १० ॥

---

૧૫. સંસાર ઈ૦—સંસાર રૂપી પર્વતનો પરાભવ કરી તેનો ભૂરિ. (અત્યંત) ભંગ કરવાને ભાક્તરંગ (ભક્તિનાં રંગવાળાં) વર (ઉત્તમ પંદર કવિત્ત (છંદ), જેમાં અંતરયામિ (હરિ) નું અખિલ (સમગ્ર) અંગ (વર્ણ્યું છે,) તે રત્નેશ્વરે કીધાં. એવી રીતે વૈરાગ્યસાગર વિષે આ દ્વિતીય સ્તરંગ (બીજો તરંગ) થયો.

સમાપ્ત.

સ્ત્રીઓને માટે ૧૦ વર્ષથી ખાસ પ્રગટ થતુ

સચિત્ર સુંદરી સુબોધ.

ઘણુંજ સસ્તું, સરળ, સુંદર, મનોરંજક ને સુબોધક

સચિત્ર માસિકપત્ર.

વાર્ષિક મૂલ્ય માત્ર રૂ. ૧ હિંદની બહાર રૂ. ૧ાા પો. માફ.


સુન્દરી સુબોધમાં શું આવે છે?—રસીલી વાર્તાઓ, નવલકથાઓ, મનોહર સતીચરિત્રો, ઉપયોગી વૈદક, ભરતગૂંથણ, પાકશાસ્ત્ર, તથા વિદ્યાકળાના વિષયો, ઉત્કૃષ્ટ ધર્મનીતિનાં લખાણો, ખુશકારક ગમ્મતના ફકરા અને ટુચકા, સ્ત્રીકેળવણી, સ્ત્રીસુધારણા, અને સ્ત્રીઉન્નતિની સુબોધક ચર્ચા, મધુરી કવિતા અને ગીત ગરબીઓ, તથા બાળકોને માટે ખાસ વિભાગ: આ ઉપરાંત એક અથવા વધુ મનમોહન અને આકર્ષક ચિત્રો પણ આ માસિકના દરેક અંકને સુશોભિત બનાવે છે. ફક્ત એકવારજ વાંચનાર પણ ત્હેના ગ્રાહક થાય છે અને ગ્રાહકોજ નવા ગ્રાહક વધારે છે, એ વાત આ માસિકની લોકપ્રિયતા અને ઉપયોગિતાની ખાત્રી કરશે! ફક્ત સવા રૂપિયામાં આટલા બધા લાભ ઓછા છે?

સુન્દરી સુબોધના ગ્રાહકોને અનેક લાભ છે!—૧. મ્હોટાં રોયલ બત્રીસ પાનાનું માસિક, ૨. મહિને એક અથવા વધુ ચિત્રો, ૩. ઉત્તમ રસીલું ભેટનું પુસ્તક, ૪. અનેક ચિત્રોવાળો મ્હોટો ખાસ અંક, અને ૫. સંખ્યાબંધ કીંમતી સ્ત્રીઉપયોગી પુસ્તકો ગ્રાહકોને ખાસ ઓછે ભાવે મળી શકે છે! આ પત્રના ગ્રાહકોને બીજા પણ ઘણી તરેહના ફાયદા મળે છે.

'સુન્દરી સુબોધ' મન્દિર, અમદાવાદ.

સ્વદેશી ભારત સ્ટોવ્સ

(ચૂલા.)



તથા સ્ટોવ ઉપર લાઇટ થાય તેવા ભારત પેટંટ સ્ટોવ લાઇટ બરનરો, તેમજ વિલાયતી પ્રાઇમસ તથા દરેક જાતના ચુલાઓ તથા તેનો છુટો સામાન કિફાયત ભાવે મળશે, તેમજ ચુલાઓનું રીપેર કામ સારૂં તેમજ કીફાયતે કરી આપવામાં આવે છે.

ઠે. ભારત સ્ટોવ ડીપો.

માલીક, બી. એમ. મઢીવાળા.

ગીરગામ, મોહન બીલ્ડીંગ-મુંબઈ.

ગવર્મેન્ટે અજમાવેલો અગ્નિમાં બચાવ કરનારી તીજોરીનો અખતરો.

હિંદુસ્તાનના પોષ્ટ ખાતાને હિંદ અને બર્માની સેવીંગબેંકો માટે મોટી સંખ્યામાં તિજોરીઓની જરૂર હતી, તે પૂરી પાડવાને એવી સરતે ટેન્ડરો મંગાવ્યાં કે ખરીદતા પહેલાં હરીફાઈ કરનારી તિજોરીએ સખત અગ્નિમાં બચાવ કરવો જોઇએ.

ગત જુલાઈ તા. ૨૦ મીના રોજ પોષ્ટ અને તાર ખાતાના એસીસ્ટન્ટ અને ડેપ્યુટી ડીરેક્ટર અને ગવર્નમેન્ટ કેમીસ્ટની સમક્ષ કલકત્તામાં પબ્લીક વર્કસના ઈન્જીનીઅર સાહેબે એ અખતરો અજમાવ્યો હતો.

અગ્નિમાં મૂક્યા બાદ તિજોરીઓ ઉઘાડતાં એવું માલુમ પડ્યું કે માત્ર ગોદરેજની તિજોરીમાંની ચોપડીઓ, કાગળો વિગેરે કંઇ પણ નુકસાન વગર સહી સલામત હતાં, વળી તેમાંનું રૂ જેવું ને તેવું સફેદ અને નરમ હતું.

એ ઉપરથી પોષ્ટ અને તાર ખાતાના ડીરેક્ટર જનરલ સાહેબે મી. ગોદરેજને રૂ. ૮૫૦૦૦ ની ૩૭૨ તિજોરીઓનો ઓર્ડર આપ્યો છે.

કારખાનું—ગેસ કંપની પાસે, પરેલ—મુંબઇ.

દુકાન—મૂળજી જેઠા મારકીટ સામે—મુંબઇ.

શાખા—રેલ્વે સ્ટેશન પાસે—અમદાવાદ.

ઇંદ્રભુવન અને કલ્પવૃક્ષ.

" ધારો કે પૃથ્વી ઉપર આજ સુધીમાં જે ઘણા બુદ્ધિમ અને મોટા પુરૂષો થઈ ગયા છે તેમની જોડે એક વાર કે મનોરંજક વિષય ઉપર આપણને વાતચીત કરવાનો પ્રસ આવે તો આપણું કેટલું બધું ભાગ્ય ! જો આપણી પાસે ર સારૂં પુસ્તકાલય હોય તો એવોજ લાભ આપણને મળે છે

આરોગ્ય, મનનું સમાધાન, વિશ્રાંતિ તથા સુખ એ જોઇ હોય, તો તે ગ્રંથમંદિરમાંથી મળે છે. ફક્ત "તેની પ... તેનો દરવાજો ઉઘાડવાની એક નાની ચાવી માત્ર હોવી જોઇએ."

પુસ્તકાલય એ એક ઇંદ્રભુવન છે અથવા પ્રત્યક્ષ આનંદમંદિર છે, અથવા ભવસાગરમાંનાં વાહણો તથા તોફા-નમાંથી રક્ષણ કરનારૂં બંદર છે. રાજા તથા રંકને તે એક સરખું ઉપયોગી થઇ પડે છે.

ગ્રંથસંગ્રહ એ કલ્પવૃક્ષ છે. તેની પાસે જે માગો તે મળશે.

આજકાલ ગમે તેવાં પુસ્તકો થોડી મહેનતે વાંચવા મળે છે, એ મનુષ્યનું જેવું તેવું અહોભાગ્ય નથી; અને તેટલા માટે આપણે ઈશ્વરનો ઘણો આભાર માનવો જોઇએ.

'ગ્રંથચર્યા' પરથી.